અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

11 MARCH-2026 WEDNESDAY | Vol. : 17 | Issue : 247 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

ઓઈલ સંકટના કારણે પાકિસ્તાનમાં 'લૉકડાઉન'!: સ્કૂલો બે અઠવાડિયા માટે બંધ

4

ભાજપ માટે શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ ગળાનું હાડકુ બન્યા

6


આમિર ખાને 'લાહોર 1947'નું નામ 'બટવારા 1947' કરાયું હોવાની અફવા નકારી કાઢી

7

સેન્સેક્સ 640 પોઈન્ટ વધીને 78,205 પર બંધ: નિફ્ટી 233 પોઈન્ટનો ઉછાળો, ક્રૂડ ઓઈલ 9% સસ્તું થઈને 88 ડોલર...

# અમેરિકાએ કહ્યું- ઈરાન પર સૌથી મોટા હુમલા કરીશું

## ઈરાન બોલ્યું- ટ્રમ્પની ધમકીથી ડરતા નથી, અમને મારવાના ચક્કરમાં ક્યાંક તમે જ ખતમ ન થઈ જાઓ

**તેહરાન, તા.10**

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન યુદ્ધનો 11મો દિવસ છે. આ દરમિયાન ઈરાને કહ્યું છે કે તે એક લીટર ઓઈલ પણ બહાર જવા દેશે નહીં. ઈરાને હોર્મુઝ સ્ટ્રેટમાંથી જહાજોની અવરજવરને લઈને એક નવી શરત મૂકી છે. ઈઝરાયલી મીડિયા વાયનેટના અહેવાલો અનુસાર, ઈરાનની સેના ઈસ્લામિક રેવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) એ કહ્યું છે કે કેટલાક દેશોના જહાજોને આ માર્ગેથી પસાર થવા દેવામાં આવી શકે છે, પરંતુ તે માટે તે દેશોએ પહેલા ઈઝરાયલ અને અમેરિકાના રાજદૂતોને પોતાના દેશમાંથી હાંકી કાઢવા પડશે.



હોર્મુઝ સ્ટ્રેટ દુનિયાનો ખૂબ જ મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગ છે. દર વર્ષે દુનિયાના લગભગ 20% તેલનો પુરવઠો આ જ માર્ગેથી પસાર થાય છે. જોકે અમેરિકી ચેનલ CNN એ કહ્યું છે કે ઈરાન આ માર્ગેથી પસાર થતા તેલ ટેન્કરો અને વ્યાપારી જહાજો પર સિક્યોરિટી ટેક્સ એટલે કે સુરક્ષા શુલ્ક લગાવવાની યોજના બનાવી રહ્યું છે, ખાસ કરીને તે જહાજો પર જે અમેરિકાના સહયોગી દેશોના છે. ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પઝેશકિયાને કહ્યું છે કે કોઈ પણ તાકાત ઈરાનને ખતમ કરી શકતી નથી. તેમણે કહ્યું કે ઈરાન ઓછામાં ઓછી 6,000 વર્ષ જૂની સંસ્કૃતિનો વારસદાર છે અને ઈતિહાસમાં ઘણા આક્રમણખોરો આવ્યા અને ગયા, પરંતુ ઈરાન અડીખમ રહ્યું છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં પઝેશકિયાને કહ્યું કે જે લોકો ઈરાનને મિટાવવાનું સપનું જુએ છે, તેઓ ઈતિહાસને સમજતા નથી. તેમના મતે, ઘણા આક્રમણખોરોએ ઈરાનને ખતમ કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે બધા નિષ્ફળ રહ્યા. તેમણે કહ્યું કે આક્રમણખોરો આવતા-જતા રહ્યા, પરંતુ ઈરાન હંમેશા કાયમ રહ્યું છે અને આગળ પણ રહેશે.

નેધરલેન્ડે ઈરાનમાં વધતા સુરક્ષા જોખમો વચ્ચે તેહરાન સ્થિત પોતાના દૂતાવાસમાંથી સ્ટાફ હટાવવાનો નિર્ણય લીધો છે. ડચ સરકારે જણાવ્યું છે કે કર્મચારીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને દૂતાવાસની કામગીરી કામચલાઉ ધોરણે અઝરબૈજાનની રાજધાની બાકુથી સંચાલિત કરવામાં આવશે. સરકારના જણાવ્યા અનુસાર, આ વિસ્તારમાં વધતા જોખમોને ધ્યાનમાં રાખીને આ સાવચેતીભર્યું પગલું લેવામાં આવ્યું છે. સ્થિતિ સામાન્ય થયા બાદ વ્યવસ્થાની ફરીથી સમીક્ષા કરવામાં આવશે.

ડચ અધિકારીઓએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર જણાવ્યું છે કે સ્ટાફની સુરક્ષા સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને આ જ કારણસર દૂતાવાસની પ્રવૃત્તિઓને હાલમાં ઈરાનમાંથી બહાર સ્થળાંતરિત કરવામાં આવી રહી છે. ઓસ્ટ્રેલિયામાં એશિયા કપ રમવા ગયેલી ઈરાનની મહિલા ફૂટબોલ ટીમને સરકારે દેશમાં પરત ફરવાની ખાતરી આપી છે. ઈરાનના વિદેશ મંત્રાલયે કહ્યું છે કે ખેલાડીઓને 'ખુલ્લા દિલથી' સ્વાગત સાથે પાછા બોલાવવામાં આવી રહ્યા છે. આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ટીમની પાંચ ખેલાડીઓએ ઓસ્ટ્રેલિયામાં શરણની માગ કરી છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું કે ટીમના ખેલાડીઓએ ચિંતા કરવાની જરૂર નથી. ઈરાનના જનરલ પ્રોસીક્યુટરની કચેરીએ પણ બાકીના ખેલાડીઓને 'શાંતિ અને ભરોસા' સાથે દેશમાં પરત ફરવાનું આમંત્રણ આપ્યું છે. 3 માર્ચે એશિયન કપ ટૂર્નામેન્ટની પ્રથમ મેચ પહેલા ઈરાનના રાષ્ટ્રગીત દરમિયાન કેટલીક ખેલાડીઓએ મૌન રહીને વિરોધ નોંધાવ્યો હતો, ત્યારબાદ તેમની સુરક્ષાને લઈને ચિંતા વધી ગઈ હતી. દરમિયાન, અહેવાલો અનુસાર ટીમની પાંચ ખેલાડીઓએ ઓસ્ટ્રેલિયામાં શરણ માંગી લીધી છે.

ઈરાને મંગળવારે UAE ની રાજધાની અબુ ધાબીમાં આવેલી સૌથી મોટી ઓઈલ રિફાઈનરી પર હુમલો કર્યો, જેના કારણે ત્યાં આગ લાગી ગઈ હતી. અલ જઝીરાના અહેવાલો મુજબ, આ હુમલો 'રુવૈસ ઈન્ડસ્ટ્રીયલ કોમ્પ્લેક્સ' પર થયો હતો, ત્યારબાદ તેને બંધ કરી દેવામાં આવ્યું છે. જોકે, આ ઘટનામાં કોઈના ઘાયલ થયાના સમાચાર નથી. રુવૈસ, અબુ ધાબી શહેરથી લગભગ 240 કિલોમીટર પશ્ચિમમાં 'અલ ધાફરા' વિસ્તારમાં આવેલું છે. આ સ્થળ પહેલા એક નાનો દરિયાકાંઠાનો વિસ્તાર હતો, પરંતુ હવે તે UAE ના સૌથી મહત્વપૂર્ણ ઉર્જા અને ઔદ્યોગિક કેન્દ્રોમાંનું એક બની ચૂક્યું છે. રુવૈસ કોમ્પ્લેક્સની રિફાઈનિંગ ક્ષમતા દરરોજ લગભગ 9.22 લાખ બેરલ કાચા તેલ અને કન્ડેન્સેટની છે. આ કારણોસર, તેને મધ્ય પૂર્વની સૌથી મોટી ઓઈલ રિફાઈનરી માનવામાં આવે છે અને તે વિશ્વની સૌથી મોટી સિંગલ-સાઈટ રિફાઈનરીઓમાં પણ સામેલ છે.

# સુપ્રીમ કોર્ટે કહ્યું- UCC લાગુ કરવાનો સમય આવી ગયો છે

## સંસદ નિર્ણય કરે, શરિયત કાયદાની કલમો રદ કરવાથી કાયદાકીય શૂન્યાવકાશ સર્જાઈ શકે છે

**નવી દિલ્હી, તા.10**

સુપ્રીમ કોર્ટે મંગળવારે જણાવ્યું કે દેશમાં સમાન નાગરિક સંહિતા (UCC) લાગુ કરવાનો સમય આવી ગયો છે. કોર્ટ મુસ્લિમ મહિલાઓ સાથે ભેદભાવનો આરોપ લગાવીને શરિયત કાયદો 1937ની કેટલીક કલમો રદ કરવાની માગ કરતી અરજી પર સુનાવણી કરી રહ્યું હતું.



CJI સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્ય બાગચી અને જસ્ટિસ આર મહાદેવનની ત્રણ જજોની બેન્ચે જણાવ્યું કે અરજીમાં ભેદભાવનો મુદ્દો ગંભીર છે, પરંતુ તેના પર નિર્ણય લેવાનું કામ કોર્ટને બદલે સંસદનું છે.

સુનાવણી દરમિયાન કોર્ટે જણાવ્યું કે જો શરિયત કાયદાની કલમો રદ કરવામાં આવે તો મુસ્લિમ સમુદાયમાં સંપત્તિના વિભાજનને લઈને કોઈ સ્પષ્ટ કાયદો રહેશે નહીં. તેનાથી કાયદાકીય શૂન્યાવકાશ થઈ શકે છે.

CJI સૂર્યકાંતે જણાવ્યું કે સુધારાની ઉતાવળમાં એવું ન થાય કે જે લોકોના અધિકારોની વાત થઈ રહી છે, તેમને જ નુકસાન થાય.

જસ્ટિસ જોયમાલ્યા બાગચીએ કહ્યું કે સુપ્રીમ કોર્ટે ઘણી વખત સરકારને સમાન નાગરિક સંહિતા લાગુ કરવા જણાવ્યું છે.

ઘણા નિયમો તમામ સમુદાયો પર એકસરખા લાગુ પડતા નથી, પરંતુ તેનો અર્થ એ નથી કે કોર્ટ આવા મામલાઓને સીધા ગેરબંધારણીય જાહેર કરી દે.

અરજદારો વતી વકીલ પ્રશાંત ભૂષણે કહ્યું કે કોર્ટ એવું જાહેર કરી શકે છે કે મુસ્લિમ મહિલાઓને પણ પુરુષોની બરાબર સંપત્તિમાં અધિકાર મળવો જોઈએ. તેમણે સૂચવ્યું કે જો શરિયત કાયદાની કલમો રદ થાય તો આવા કિસ્સાઓમાં ભારતીય ઉત્તરાધિકાર કાયદો લાગુ કરી શકાય છે.

કોર્ટે કહ્યું કે આ મુદ્દાનો કાયમી ઉકેલ સમાન નાગરિક સંહિતા જ છે, પરંતુ તેને લાગુ કરવાનો નિર્ણય સંસદને લેવો પડશે.

આ કાયદો મુસ્લિમ સમુદાયમાં લગ્ન, છૂટાછેડા અને સંપત્તિના વિભાજન જેવા મામલાઓમાં ઈસ્લામિક પર્સનલ લો લાગુ કરે છે.

ભારતમાં હાલ ફક્ત ઉત્તરાખંડમાં UCC લાગુ છે. ત્યાં 28 જાન્યુઆરી 2025 ના રોજ UCC લાગુ કરવામાં આવ્યો. મુખ્યમંત્રી આવાસમાં સીએમ પુષ્કર સિંહ ધામીએ તેની જાહેરાત કરી હતી.

# સ્પીકર બિરલા સામે અવિશ્વાસ પ્રસ્તાવ: ગોગોઈએ કહ્યું- રાહુલને 20 વખત ટોકવામાં આવ્યા....

## રિજિજુએ જવાબ આપ્યો: પ્રિયંકાને વિપક્ષના નેતા બનાવ્યા હોત તો સારું થાત

**નવી દિલ્હી, તા.10**

લોકસભામાં મંગળવારે વિપક્ષ સ્પીકર ઓમ બિરલાને પદ પરથી હટાવવા માટે અવિશ્વાસ પ્રસ્તાવ લાવ્યો. 50થી વધુ સાંસદોએ પ્રસ્તાવની તરફેણમાં મતદાન કર્યું. આ પછી પીઠાસીને પ્રસ્તાવ રજૂ કરવાની પરવાનગી આપી દીધી. હવે આ પ્રસ્તાવ પર 10 કલાક ચર્ચા ચાલી રહી છે. વિપક્ષે ઓમ બિરલા પર સદનની કાર્યવાહીમાં પક્ષપાત કરવાનો આરોપ લગાવ્યો છે.



ચર્ચાની શરૂઆત કોંગ્રેસ સાંસદ ગૌરવ ગોગોઈએ કરી. તેમણે કહ્યું કે બજેટ સત્ર દરમિયાન 20 વખત નેતા પ્રતિપક્ષ રાહુલ ગાંધીને રોકવામાં આવ્યા. તેમને વારંવાર રૂલિંગ બુક બતાવવામાં આવી.

તેમણે પોતાની સ્પીચમાં એક આર્ટિકલનો હવાલો આપ્યો. આના પર તેમને મના કરવામાં આવ્યા, પરંતુ સત્તા પક્ષના સાંસદોએ ભારતમાં પ્રતિબંધિત પુસ્તકો સદનમાં બતાવી. તેમને કંઈ ન કહેવામાં આવ્યું. આ પ્રકારનો ભેદભાવ સ્વીકાર્ય નથી.

2 ફેબ્રુઆરીના રોજ વિપક્ષના નેતા રાહુલ ગાંધી જ્યારે બોલી રહ્યા હતા, ત્યારે તેમને વારંવાર રોકવામાં આવ્યા. સ્પીકર સરે તેમના તર્ક પર પુરાવા આપવાનું કહ્યું. 9 ફેબ્રુઆરીના રોજ શશિ થરૂર જ્યારે બોલી રહ્યા હતા, ત્યારે તેમનો માઈક બંધ કરી દેવામાં આવ્યું. સરકારે કહ્યું કે બોલો, પરંતુ જ્યારે માઈક બંધ કરવામાં આવ્યું હોય ત્યારે અમે કેવી રીતે બોલી શકીએ. સંસદમાં આવી નવી-નવી બાબતો બની રહી છે.

મહિલા સાંસદોના ઉદ્દેશ્ય પર સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે. ઓમ બિરલાજીએ કહ્યું હતું કે મહિલા સાંસદોએ પીએમની ખુરશી ઘેરી લીધી છે. તેમની સાથે કંઈ પણ થઈ શકતું હતું. આ ખૂબ જ શરમજનક બાબત છે. બિરલાએ કયા આધારે મહિલા સાંસદો પર આ આરોપો લગાવ્યા.

સંસદીય કાર્યમંત્રી કિરણ રિજિજુએ કહ્યું- આ લોકોએ પહેલા આરોપ લગાવ્યો કે LoPને બોલવા દેવામાં આવતા નથી. હું કહું છું કે 15મી લોકસભામાં વિરોધ પક્ષના નેતા ફક્ત 2 વાર બોલ્યા. જ્યારે સત્ર ચાલે છે, ત્યારે વિદેશ જતા રહે છે. વિરોધ પક્ષના નેતા પોતાની વાત કહીને ગૃહમાંથી ભાગી જાય છે. બીજા કોઈની વાત સાંભળતા નથી. પછી કહે છે કે મને બોલવા દેવામાં આવતા નથી.

પહેલી વાર મેં આવું દ્રશ્ય જોયું કે વિરોધ પક્ષના નેતા PMને ભેટી રહ્યા છે. પોતાની સીટ પર બેસીને પોતાના સાંસદને આંખ મારે છે. જેવો નેતા છે તો બાકીના સાંસદો પણ તેવા જ હશે. સભ્ય ચેરને યાર કહે છે. પછી કહે છે કે આમાં ખોટું શું છે. પ્રિયંકાને LoP બનાવ્યા હોત તો કંઈક સારું થાત. જુઓ પ્રિયંકા હસી રહ્યા છે. જે સારું વર્તન કરે તેની પ્રશંસા કરવી જોઈએ. વિપક્ષે હોબાળો કર્યો. રિજિજુ બોલ્યા- હું સારું બોલ્યો છું. કોંગ્રેસ કેમ નારાજ થઈ રહી છે. પ્રિયંકા ગાંધીએ કહ્યું કે આ દેશમાં એક જ વ્યક્તિ છે જે આ 12 વર્ષમાં તેમની સામે ઝૂક્યો નથી. તે વિરોધ પક્ષના નેતા છે. અને તે વિરોધ પક્ષના નેતા આ ગૃહમાં ઊભા રહીને તેમની સામે સત્ય બોલે છે.

# સુપ્રીમ કોર્ટે કહ્યું- સરકાર કોવિડ વેક્સિનથી થયેલા નુકસાનનું વળતર આપે

## નવી પોલિસી બનાવે, સાઈડ ઈફેક્ટ્સની તપાસ માટે એક્સપર્ટ પેનલની જરૂર નથી

**નવી દિલ્હી, તા.10**

સુપ્રીમ કોર્ટે મંગળવારે કોવિડ-19 રસીકરણ પછીની આડઅસરોની તપાસ માટે નિષ્ણાત પેનલની રચના કરવાનો ઈનકાર કર્યો હતો. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને નિર્દેશ આપ્યો છે કે તે એવા લોકો માટે નો-ફોલ્ટ વળતર નીતિ તૈયાર કરે, જેમને કોવિડ-19 રસીકરણ પછી ગંભીર પ્રતિકૂળ ઘટનાઓનો સામનો કરવો પડ્યો છે. કોર્ટે આડઅસરો સંબંધિત ડેટા સમયાંતરે સાર્વજનિક કરવા પણ જણાવ્યું છે. જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની બેન્ચે આજે તે અરજી પર સુનાવણી કરી, જેમાં માગ કરવામાં આવી છે કે રસી પછી થયેલી કથિત આડઅસરોને કારણે મૃત્યુ પામેલાઓના પરિવારને વળતર આપવામાં આવે. આરોપ છે કે 2021માં કોવિશિલ્ડનો પ્રથમ ડોઝ લીધા પછી 2 મહિલાઓના મોત થયા હતા. વર્તમાન વ્યવસ્થાને જોતાં, રસીકરણ પછીની આડઅસરોની તપાસ માટે કોર્ટ દ્વારા અલગ સમિતિ બનાવવાની જરૂર નથી. કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું છે કે આ નિર્ણયનો અર્થ એ નથી કે કોઈ વ્યક્તિ કાયદાનો આશ્રય લઈ શકતો નથી. કોર્ટે કહ્યું કે વળતર નીતિ બનાવવાનો અર્થ એ માનવામાં આવશે નહીં કે ભારત સરકાર અથવા અન્ય કોઈ ઓથોરિટીએ પોતાની ભૂલ કે કાનૂની જવાબદારી સ્વીકારી લીધી છે. વેણુગોપાલ ગોવિંદનનું કહેવું હતું કે તેમની પુત્રી કરુણ્યાનું જુલાઈ 2021માં કોવિશિલ્ડ વેક્સિન લીધાના એક મહિના પછી મૃત્યુ થયું હતું. સીરમ ઈન્સ્ટિટ્યૂટે બ્રિટનની ફાર્મા કંપની એસ્ટ્રાઝેનેકા દ્વારા બનાવેલા ફોર્મ્યુલા પર કોવિશિલ્ડ બનાવી છે અને એસ્ટ્રાઝેનેકાએ બ્રિટિશ હાઈકોર્ટમાં સ્વીકાર્યું છે કે તેમની કોવિડ-19 વેક્સિનથી ખતરનાક આડઅસરો થઈ શકે છે. કરુણ્યાના મૃત્યુના કેસમાં પરિવારની ફરિયાદ પર સરકારે રાષ્ટ્રીય સમિતિની રચના કરી હતી. પાછળથી સમિતિએ નિષ્કર્ષ કાઢ્યો હતો કે કરુણ્યાના મૃત્યુનું કારણ વેક્સિન છે તેના પૂરતા પુરાવા મળ્યા ન હતા. 8 વર્ષની શ્રી ઓમત્રીનું મે 2021માં મૃત્યુ થયું હતું. પરિવારના જણાવ્યા મુજબ, રિતિકાએ મે મહિનામાં કોવિશિલ્ડનો પહેલો ડોઝ લીધો હતો. તેના 7 દિવસની અંદર રિતિકાને તીવ્ર તાવ અને ઉલટીની ફરિયાદ થઈ. MRIમાં સામે આવ્યું કે રિતિકાને મગજમાં બ્લડ ક્લોટિંગ થયું હતું અને તેને બ્રેઈન હેમરેજ થઈ ગયું હતું. બે અઠવાડિયા પછી જ દીકરીનું મૃત્યુ થયું હતું. પરિવારે આગળ જણાવ્યું હતું કે અમને દીકરીના મૃત્યુનું સાચું કારણ જાણવા માટે ડિસેમ્બર 2021માં RTI દ્વારા જાણવા મળ્યું કે દીકરીને થ્રોમ્બોસિસ વિથ થ્રોમ્બોસાયટોપેનિયા સિન્ડ્રોમ (TTS) થયું હતું, જે રસીના કારણે થયું હતું અને 'રસી ઉત્પાદન સંબંધિત પ્રતિક્રિયા'ના કારણે તેમનું મૃત્યુ થયું હતું.



જુલાઈ 2025: કોવિડ પછી અચાનક મૃત્યુ પર અભ્યાસ: ICMR નો દાવો- વેક્સિન સાથે તેનો સંબંધ નથી ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) અને નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ (NCDC) એ તેમના અભ્યાસમાં જણાવ્યું કે દેશમાં હાર્ટ એટેકથી થતા અચાનક મૃત્યુનો કોવિડ વેક્સિન સાથે કોઈ સીધો સંબંધ નથી. આ અભ્યાસ 18 થી 45 વર્ષના લોકોના અચાનક મૃત્યુ પર આધારિત છે. સ્વાસ્થ્ય મંત્રાલયે અભ્યાસમાં જણાવ્યું છે કે ભારતની કોવિડ વેક્સિન સુરક્ષિત અને અસરકારક છે. તેનાથી થતી ગંભીર આડઅસરોના કિસ્સાઓ દુર્લભ છે. અભ્યાસમાં જણાવાયું છે કે અચાનક થયેલા મૃત્યુના અન્ય કારણો હોઈ શકે છે. જેમાં આનુવંશિકતા, જીવનશૈલી, પહેલાથી હાજર રોગ અને કોવિડ પછીની જટિલતાઓનો સમાવેશ થાય છે. ભારતમાં બે કોવિડ વેક્સિન વિકસાવવામાં આવી હતી. ભારત બાયોટેકે ICMR ના સહયોગથી કોવેક્સિનનું નિર્માણ કર્યું હતું. જ્યારે, સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાએ બ્રિટિશ કંપની એસ્ટ્રાઝેનેકાના ફોર્મ્યુલાથી કોવિશિલ્ડ બનાવી હતી.



# પથિકાશ્રમ પાસે હોટલમાં રાતે ઊંચા અવાજે સંગીતની સુરાવલીઓ વચ્ચે પોલીસ ત્રાટકી

**અમદાવાદ, તા.10**

લગ્નનો અવસર હોય અને સંગીતની સુરાવલીઓ ન રેલાય એવું તો કેમ બને, પરંતુ ક્યારેક આ ઉત્સાહ કાયદાની મર્યાદા વટાવી જાય ત્યારે લગ્નના રંગમાં ભંગ જેવી સ્થિતિ સર્જાય છે. આવું જ કંઈક પાટનગરમાં બન્યું છે.જ્યાં દીકરીના લગ્નની પૂર્વસંધ્યાએ સંગીતના તાલે ઝૂમી રહેલા પરિવારની ખુશીઓ વચ્ચે અચાનક પોલીસની એન્ટ્રી થઈ અને આયોજક પિતાએ પોલીસ સ્ટેશનના પગથિયાં ચઢવાનો વારો આવ્યો હતો.



ગાંધીનગર સેક્ટર 7 પોલીસ સ્ટેશનના સ્ટાફે રાત્રિ પેટ્રોલિંગ દરમિયાન મળેલા મેસેજના આધારે પથિકાશ્રમ પાસે આવેલી એક જાણીતી હોટલમાં મંજૂરી વિના અને નિયત સમય મર્યાદા પછી પણ લાઉડ સ્પીકર પર ઊંચા અવાજે દીકરીના લગ્નના સંગીતની સુરાવલીઓ રેલાવનાર પિતા વિરુદ્ધ જાહેરનામા ભંગનો ગુનો દાખલ કરી લગ્નના રંગમાં ભંગ પાડ્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે.

ગાંધીનગર સેક્ટર-7 પોલીસ સ્ટેશનના એએસઆઈ સિદ્ધરાજભાઈ જગદીશભાઈ અને તેમની ટીમ નાઈટ પેટ્રોલીંગમાં હતી. દરમિયાન રાત્રિના કંટ્રોલ રૂમથી મેસેજ મળ્યો કે પથિકાશ્રમ નજીક આવેલી નીલાયા હોટલમાં મોટેથી લાઉડ સ્પીકર વાગી રહ્યા છે.

જેના પગલે પોલીસ તાબડતોડ દોડી જઈ હોટલ પર ત્રાટકી હતી. ત્યારે ત્યાં લગ્ન પ્રસંગના ગીતોની ધૂમ મચી હતી અને મહેમાનો સંગીતનો આનંદ માણી રહ્યા હતા. જોકે લગ્નના માહોલમાં મગ્ન પરિવારને કદાચ અંદાજ પણ નહીં હોય કે તેમની આ ખુશી કાયદાકીય રીતે ઘોંઘાટ ગણાઈ રહી છે.

બાદમાં પોલીસે તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે આ સંગીત સંધ્યાનું આયોજન અમદાવાદના સાબરમતી વિસ્તારના રહેવાસી મૂલચંદભાઈ રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું. મૂલચંદભાઈએ પોલીસને જણાવ્યું હતું કે, તેમની દીકરીના લગ્ન આવતીકાલે હોવાથી આજે પરિવાર અને સ્નેહીજનો સાથે સંગીતનો કાર્યક્રમ રાખ્યો છે.

જોકે પોલીસે રાત્રે 10 વાગ્યા પછી લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ હોવાનું બ્રહ્મજ્ઞાન આપી કલેક્ટર કે સક્ષમ અધિકારીની પરવાનગી માગી હતી. જોકે મૂલચંદભાઈ પાસે આવું કોઈ પ્રમાણપત્ર નહોતું. જેથી પોલીસે લાઉડ સ્પીકર બંધ કરવા સૂચના આપી હતી. તેમ છતાં લગ્નના રંગમાં ઉંચા અવાજે સંગીત ચાલુ રાખતા પોલીસે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરવા બદલ મૂલચંદભાઈ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. જોકે પથિકાશ્રમ સર્કલ આસપાસ પણ આડેધડ ઊભા રહી જાહેરનામાનો ભંગ કરતા રિક્ષા ચાલકો સામે પણ આજ પ્રકારે કાર્યવાહી ક્યારે થાય એ જોવું રહ્યું.

# વૃદ્ધો અને વેપારીઓને હનીટ્રેપમાં ફસાવતી ટોળકી ઝડપાઈ: બે મહિલા સહિત ત્રણની ધરપકડ.....

**અમદાવાદ, તા.10**

અમદાવાદ શહેરમાં સીનીયર સીટીઝન અને વેપારીઓને ટાર્ગેટ કરીને તેમને હનીટ્રેપમાં ફસાવીને લાખો રૂપિયાનો તોડ કરતી ગેંગના બે મહિલા સહિત ત્રણ સાગરિતોને રામોલ પોલીસે ઝડપી પાડ્યા છે. આરોપીઓની પૂછપરછમાં સામે આવ્યું છે કે અત્યાર સુધીમાં 20 સીનીયર સીટીઝનોને હનીટ્રેપમાં ફસાવીને લાખો રૂપિયા પડાવ્યા છે. આરોપીઓ ગુનાને અંજામ આપવા દર મહિને રૂ. 50 હજારના ભાડે ગાડીઓ પણ લીધી હતી અને તેમજ આરોપીના ફોનમાં અનેક વેપારીઓ સાથેની ચેટ મળી આવી છે. આરોપી નકલી પીઆઇ બનીને લોકોને ડરાવતો હતો. સમગ્ર મામલે હાલ હની ટ્રેપના કૌભાંડ મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

રામોલમાં વૃધ્ધ વેપારીને હનીટ્રેપમાં ફસાવીને રૂપિયા પડાવવા અંગે રામોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાઇ હતી.




તેમાં પોલીસે અગાઉ ત્રણ આરોપીને ઝડપ્યા હતા. જ્યારે ઝોન-5 એલસીબી સ્કવોડ અને રામોલ પોલીસે સમગ્ર કેસમાં ફરાર એવા રવિન્દ્ર હળવદિયા (રહે. અમદાવાદ), ગીતા ગોહિલ (રહે. અમદાવાદ)અને નસરીન ઉર્ફે નાઝ પઠાણ(મૂળ રહે.વલસાડ)ની ધરપકડ કરી છે. આરોપીમાંથી નસરીને વસ્ત્રાલનાં વેપારીને ફસાવી રામોલમાં આવેલા કર્ણાવતી એન્કલેવ ફ્લેટે મળવા બોલાવ્યો હોવાનું સામે આવ્યુ હતું.

આરોપીઓ અલગ અલગ શહેરમાં મકાન ભાડે રાખી આ રીતે વેપારી અને વૃદ્ધોનો સોશિયલ મીડિયાથી ફસાવી રૂપિયા પડાવતા હતા. ઘરમાં ભોગ બનનાર આવે એટલે તરત જ રવિન્દ્ર હળવદીયા પોલીસ ઈન્સ્પેક્ટર અને ઉપેશ તેમજ હિતેન પોલીસ કોન્સ્ટેબલ બનીને રેડ કરતા અને લાખો રૂપિયા પડાવી લેતા હતા. રવિન્દ્ર પાસે પોલીસનો યુનિફોર્મ પણ હતો અને તેણે પોતાનાં ફોનમાં પીઆઈનાં યુનિફોર્મ સાથેનો ફોટો પણ એડિટીંગ કરીને બનાવ્યો હતો. જે પણ પોલીસને મળી આવ્યો છે. રામોલ પોલીસે આરોપીઓને કોર્ટમાં રજૂ કરી 8 દિવસનાં રિમાન્ડ મેળવ્યા છે. આરોપીઓ દર મહિને 50000 રૂપિયાની ગાડી પણ ભાડે રાખતા હતા અને તે લઈ જતા હતા.

આરોપીઓએ નરોડા, વિવેકાનંદનગર, કીમ, જામનગર, પાલીતાણા અને વડોદરામાં ગુનાઓ નોંધાયેલા છે અને આ સિવાય તેઓએ 20 લોકોને હનીટ્રેપમાં ફસાવી રૂપિયા પડાવ્યા છે. અલગ અલગ જગ્યાએ આરોપીઓએ ગુના આચાર્ય હોવાને લઈને હાલ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# સરદાર પટેલ યુનિવર્સિટીમાં ઇલેક્ટ્રોનિક્સ વિભાગનો વાર્ષિકોત્સવ: સક્ષમ સેન્ટર અને સ્પેશિયલ એજ્યુકેશન સેલ પણ જોડાયા....

**આણંદ, તા.10**

સરદાર પટેલ યુનિવર્સિટીના પી.જી. ડિપાર્ટમેન્ટ ઓફ ઈલેક્ટ્રોનિક્સ અને "સક્ષમ સેન્ટર ફોર એમ્પાવરમેન્ટ એન્ડ રિહેબિલિટેશન ઓફ દિવ્યાંગજન" બી.એડ., એમ.એડ. સ્પેશિયલ એજ્યુકેશન સેલ દ્વારા મંગળવાર, 10 માર્ચ 2026ના રોજ વાર્ષિકોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ સવારે 11:00 વાગ્યે સંતરામ સભાગૃહ, ઈલેક્ટ્રોનિક્સ વિભાગમાં યોજાયો હતો.



આ કાર્યક્રમનું આયોજન ઈલેક્ટ્રોનિક્સ વિભાગના પ્રમુખ ડૉ. વિભા વૈષ્ણવ અને બી.એડ., એમ.એડ. સ્પેશિયલ એજ્યુકેશન સેલના વિભાગપ્રમુખ ડૉ. દિલીપ શર્માના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોએ આ વાર્ષિકોત્સવમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. નિરંજન સર ઉપસ્થિત રહ્યા હતા. IISc બેંગલોરના પ્રોફેસર ડૉ. હાર્દિક પંડ્યા મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત ઈલેક્ટ્રોનિક્સ વિભાગના વિભાગપ્રમુખના સંબોધનથી થઈ હતી. ડૉ. દિલીપ શર્માએ મુખ્ય અતિથિનું સ્વાગત કર્યું, જ્યારે ડૉ. વિભા વૈષ્ણવે કુલપતિનું સ્વાગત કર્યું હતું.

ત્યારબાદ ઈલેક્ટ્રોનિક્સ વિભાગનો વાર્ષિક અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. કુલપતિ પ્રો. નિરંજન સરે વિદ્યાર્થીઓને સંબોધિત કરતા જણાવ્યું કે વિશેષ શિક્ષણના ક્ષેત્રમાં બી.એડ્. કોર્સ પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓ માટે રોજગારની વિશાળ તકો ઉપલબ્ધ છે. તેમણે ઉમેર્યું કે આ ક્ષેત્રમાં તાલીમબદ્ધ શિક્ષકોની માંગને કારણે કોર્સ પૂર્ણ કર્યા બાદ લગભગ 100 ટકા રોજગારની ખાતરી છે.

સ્પેશિયલ બી.એડ. વિભાગનો વાર્ષિક અહેવાલ પણ રજૂ કરાયો હતો. મુખ્ય અતિથિ ડૉ. હાર્દિક પંડ્યાએ ઈલેક્ટ્રોનિક્સ વિશેષ શિક્ષણમાં કેવી રીતે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. અંતે, ડૉ. દિલીપ શર્મા દ્વારા આભારવિધિ અને વંદેમાતરમ રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું.

# આણંદ પોસ્ટ ઓફિસને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી: ઈ-મેલ મળ્યા બાદ ડોગ-બોમ્બ સ્ક્વોડ દ્વારા સઘન તપાસ

**આણંદ, તા.10**

આણંદ પોસ્ટ ઓફિસને ઈ-મેલ દ્વારા બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા ખળભળાટ મચી ગયો હતો. આ ધમકીને પગલે સાવચેતીના ભાગરૂપે આણંદની પોસ્ટ અને પાસપોર્ટ ઓફિસને ખાલી કરાવી પોલીસ કાફલો તૈનાત કરવામાં આવ્યો હતો.

મળતી માહિતી મુજબ, આણંદની પોસ્ટ ઓફિસને આજે બપોરે 1 વાગ્યાની આસપાસ અંગ્રેજી ભાષામાં લખાયેલો એક ઈ-મેલ મળ્યો હતો. આ ઈ-મેલમાં ઓફિસને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. આ ગંભીર ધમકીની જાણ થતા જ પોલીસ વિભાગ સક્રિય બન્યું હતું અને તાત્કાલિક ઓફિસ ખાલી કરાવવામાં આવી હતી.



ઘટનાસ્થળે શહેર પોલીસની ટીમ, ડોગ સ્ક્વોડ અને બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ (BDDS) તાત્કાલિક પહોંચી ગઈ હતી. ટીમો દ્વારા ઓફિસના દરેક ખૂણેખૂણામાં સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી.

આ ઘટનાને પગલે પાસપોર્ટના કામ માટે આવેલા અરજદારો અને ઓફિસના કર્મચારીઓમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. જોકે, લાંબી તપાસના અંતે સદનસીબે કોઈ વાંધાજનક વસ્તુ મળી આવી ન હતી. પોલીસે હાલ આ ઈ-મેલ ક્યાંથી આવ્યો અને તેનો સ્ત્રોત શું છે તે અંગે ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે.

# નડિયાદમાં રોડ ખોદયા બાદ યોગ્ય પુરાણ ન કરાતા રોજ અટવાતા 5 હજાર ચાલકો

**નડિયાદ, તા.10**

નડિયાદ શહેરના પશ્ચિમ વિસ્તારમાં નીલકંઠ મહાદેવ પાસે તાજેતરમાં જ તંત્ર દ્વારા ડ્રેનેજની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જોકે, બાદમાં તંત્ર દ્વારા યોગ્ય પુરાણ કરવામાં ન આવતા હાલમાં આ માર્ગ અત્યંત જોખમી બની ગયો છે. સતત વાહનો અને રાહદારીઓની અવરજવરથી ધમધમતા આ માર્ગ ઉપર રોજના 5 હજારથી વધુ વાહન ચાલકોની અવરજવર હોય છે. આ ઉપરાંત 20થી વધુ સોસાયટીના રહીશોને પણ હાલમાં અવરજવરમાં મુશ્કેલીની સાથે સાથે સતત ઉડતી ધૂળને કારણે હાલાકી વેઠવી પડી રહી છે. નડિયાદ શહેરના પશ્ચિમ વિસ્તારમાં નીલકંઠ મહાદેવ મંદિર પાસે મહિનાથી ડ્રેનેજ લઈને કામગીરી ચાલી રહી હતી. કામગીરી પૂર્ણ થયા બાદ યોગ્ય પુરાણ કરીને અવરજવર માટે રસ્તો ઉપયોગમાં લઈ શકાય તે રીતે કામગીરી કરવાની જગ્યાએ તંત્ર દ્વારા વેઠ ઉતારવામાં આવી છે.



નીલકંઠ મહાદેવથી વૈશાલી તરફ જતા માર્ગ ઉપર સંસ્કાર સોસાયટી સુધીનો રસ્તો અત્યંત જોખમી બન્યો છે. અંધારાને કારણે કોઈ અજાણ્યા વાહન ચાલકને રસ્તો તૂટલો હોવાની જાણ ન થાય તો ગંભીર અકસ્માત સર્જાય તેવી ભીતિ પણ જોવા મળી રહી છે. આ માર્ગ ઉપરથી રોજના પાંચ હજારથી વધુ વાહન ચાલકો અવરજવર કરે છે. આ ઉપરાંત 20 જેટલી સોસાયટીઓ પણ આવેલી છે જેમાં રહેતા લોકોને પણ સતત ઉડતી ધૂળને કારણે તેમજ તૂટલા રસ્તાને કારણે અવરજવરમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે તંત્ર દ્વારા સત્વરે આ માર્ગ ઉપર યોગ્ય પુરાણ કરીને વાહનચાલકો અવરજવર કરી શકે તે રીતે સમથળ કરવામાં આવે તેવી માંગ સ્થાનિકો દ્વારા કરવામાં આવી રહી છે. આ અંગે મનપાના અધિકારીએ જણાવ્યું હતું કે, આ જગ્યાએ એક ચેમ્બરનું કામ બાકી હતું, જે પૂર્ણ થતાં હવે રસ્તો બનાવવાની કામગીરી શરૂ કરાશે. જોકે, હોળી-ધુળેટીને કારણે શ્રમજીવીઓ વતન ગયા હોવાથી કામગીરી મોડી પડી છે.

# ગુજરાત હાઈકોર્ટ ઓડિટોરિયમ ખાતે 10 દિવસ મત ગણતરી ચાલે તેવી શક્યતા

**અમદાવાદ, તા.10**

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણીમાં આજથી મત ગણતરી શરૂ થઈ છે. ઈલેક્શનના દિવસે રાત્રે હોબાળા બાદ મતગણતરી ગઈકાલે શરૂ થઈ શકી નહોતી. જો કે ચૂંટણી અધિકારીની ફરિયાદ ઉપર બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ ચૂંટણી અધિકારીની કાર્યવાહીમાં વિક્ષેપ ઉભો કરનારા 14 વકીલોને શૉ કોઝ નોટિસ કાઢી છે.

ઉલ્લેખનીય છે કે, આ ચૂંટણીમાં 99 એડવોકેટ ઉમેદવાર તરીકે ઊભા હતા. જ્યારે રાજ્યમાંથી 76 હજારથી વધુ અને અમદાવાદમાંથી 18 હજારથી વધુ વકીલો મતદાતા હતા. જેની મત ગણતરી આજથી શરૂ થઈ છે. CCTV અંતર્ગત બેલેટ બોક્સ ઓપન કરાઈ રહ્યા છે. એડવોકેટ જનરલ કમલ ત્રિવેદીએ શાંતિપૂર્વક મતગણતરીની આશા વ્યક્ત કરી છે.

ચૂંટણીના દિવસે અમદાવાદના ગુજરાત યુનિવર્સિટી ખાતે આવેલા અટલ કલામ મતદાન સેન્ટર ખાતે




વકીલોએ હોબાળો બચાવ્યો હતો. જે સંદર્ભે ચીફ રિટર્નિંગ ઓફિસર સહિત જોઈન્ટિંગ રીટર્નિંગ ઓફિસરોએ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાને પત્ર લખ્યો છે. તો ઉમેદવાર વકીલોએ પણ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાને પત્ર લખીને મત ગણતરી શરૂ કરવાની માગ કરી હતી.

# નડિયાદમાં 36.29 લાખના ખર્ચે નવી સ્ટ્રીટ લાઈટો લાગી: મરીડા ભાગોળથી રિંગ રોડ સુધીનો માર્ગ 70 પોલથી ઝળહળી ઉઠ્યો

**નડિયાદ, તા.10**

નડિયાદ નગરપાલિકા દ્વારા મરીડા ભાગોળથી મરીડા રિંગ રોડ સુધીના માર્ગ પર નવી સ્ટ્રીટ લાઈટો લગાવવાનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ પાછળ કુલ 36.29 લાખ રૂપિયાનો ખર્ચ થયો છે. આધુનિક લાઈટોની સુવિધા ઉપલબ્ધ થતા રાત્રિના સમયે સુરક્ષા અને વાહનચાલકો માટે સુવિધામાં વધારો થશે.

આ સમગ્ર માર્ગ પર કુલ 70 નવા સ્ટ્રીટ લાઈટ પોલ ઉભા કરવામાં આવ્યા છે. રસ્તાની સુરક્ષા અને યોગ્ય પ્રકાશ મળી રહે તે હેતુથી 9 મીટર ઊંચાઈના ગેલ્વેનાઈઝ ઓક્ટાગોનલ પોલનો ઉપયોગ કરાયો છે. આ પોલ લાંબા સમય સુધી ટકી રહે તેવા અને આધુનિક પદ્ધતિના હોવાથી માર્ગની શોભામાં પણ વધારો થયો છે. નગરપાલિકાની ઈલેક્ટ્રિક શાખાના વડા ચંદ્રેશભાઈ ગાંધીએ



જણાવ્યું હતું કે, ઉર્જાની બચત થાય તે માટે 90 વોટની ક્ષમતા ધરાવતી આધુનિક એલઈડી લાઈટો પસંદ કરવામાં આવી છે. સમગ્ર પ્રોજેક્ટ અંતર્ગત કુલ 90 એલઈડી ફિક્સચર ઈન્સ્ટોલ કરાયા છે, જેનાથી વીજ વપરાશમાં ઘટાડો થશે અને પ્રકાશની ગુણવત્તા સુધરશે.

લાઈટોના સંચાલન માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. લાઈટોને દરરોજ મેન્યુઅલી ચાલુ-બંધ કરવાની જરૂર ન પડે તે માટે સમય નિર્ધારિત કરી શકાય તેવા ટાઈમર સાથેના ૨ કંટ્રોલ યુનિટ મૂકવામાં આવ્યા છે. આ સિસ્ટમ દ્વારા નિર્ધારિત સમયે લાઈટો આપમેળે ચાલુ અને બંધ થઈ જશે.

આ વિકાસલક્ષી કામગીરી પૂર્ણ થતા વિસ્તારના લોકોએ ધારાસભ્ય પંકજભાઈ દેસાઈ અને નગરપાલિકાના કમિશનર ગુણવંતસિંહ સોલંકીનો આભાર માન્યો હતો. લાંબા સમયથી આ વિસ્તારમાં સારી સ્ટ્રીટ લાઈટની જરૂરિયાત હતી, જે હવે પૂર્ણ થઈ છે.

વોર્ડના અગ્રણી રવિ પરમાર અને જિગર બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે, પવિત્ર રમજાન માસ દરમિયાન જ આ કામગીરી સંપન્ન થતા સ્થાનિક લોકોને મોટી સગવડ મળી રહેશે. અગાઉ આ વિસ્તારમાં રસ્તાનું કામ પણ નવું કરવામાં આવ્યું હતું, જેના કારણે હવે અવરજવર કરતા લોકો અને સ્થાનિકોને વાહન ચલાવવામાં તેમજ ચાલવામાં ઘણી સરળતા રહેશે.

# રાજકોટ-અમદાવાદ સહિત 4 શહેરોમાં ગરમીનો પારો 41ને પાર

## 9 જિલ્લામાં ઓરેન્જ અને 11 જિલ્લામાં યલો એલર્ટ સાથે હિટવેવની આગાહી, હજુ 3 દિવસ અંગ દઝાડતી ગરમી પડશે

**અમદાવાદ, તા.10**

ગુજરાતમાં ગરમીનો પારો આસમાને પહોંચતા જનજીવન પ્રભાવિત થયું છે, જેમાં રાજકોટ, અમદાવાદ, ડીસા અને કંડલા સહિતના મુખ્ય શહેરોમાં તાપમાન 41 ડિગ્રીને પાર કરી ગયું છે. હવામાન વિભાગ દ્વારા રાજ્યના 9 જિલ્લામાં ઓરેન્જ અને 11 જિલ્લામાં યલો એલર્ટ સાથે હીટવેવનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જ્યારે આગામી 3 દિવસ સુધી કાળઝાળ ગરમીનો પ્રકોપ યથાવત રહેવાની આગાહી કરવામાં આવી છે.

અમદાવાદમાં તાપમાન સામાન્ય કરતા 7 ડિગ્રી જેટલું ઊંચું નોંધાતા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પણ તકેદારી રાખવાની સૂચના અપાઈ છે. જોકે, દરિયાકાંઠાના વિસ્તારોમાં તાપમાન નીચું રહેશે, પરંતુ ભેજને કારણે અસહ્ય બફારો અનુભવાશે. આગામી ત્રણ દિવસના પ્રકોપ બાદ ગરમીમાં 2થી 3 ડિગ્રીનો ઘટાડો થતા લોકોને આંશિક રાહત મળવાની શક્યતા છે.

ઉલ્લેખનીય છે કે, સતત બિજા વર્ષે માર્ચ મહિનામાં અંગ દઝાડતી ગકમી યથાવત રહી છે. ગત વર્ષે પણ માર્ચ મહિનામાં તાપમાનનો પારો 41 ડિગ્રીને પાર પહોંચ્યો હતો.

હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ. એ કે દાસના જણાવ્યા અનુસાર, આજે કચ્છ, બનાસકાંઠા, ગાંધીનગર, પાટણ, સુરેન્દ્રનગર, મોરબી, જૂનાગઢ, રાજકોટ અને અમદાવાદમાં ઓરેન્જ એલર્ટ સાથે હીટવેવનું એલર્ટ આપવામાં આવ્યું છે. જ્યારે મહેસાણા, સાબરકાંઠા, ખેડા, જામનગર, પોરબંદર, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, ભરૂચ, વડોદરા, સુરતમાં યેલો એલર્ટ સાથે હીટવેવનું એલર્ટ આપવામાં આવ્યું છે.

IMD અને હવામાન વિભાગના રિપોર્ટ મુજબ, મોટાભાગના શહેરોમાં તાપમાન સામાન્ય કરતા 3 ડિગ્રી સેલ્સિયસથી 7 ડિગ્રી સેલ્સિયસ જેટલું ઊંચું નોંધાઈ શકે છે. રાજકોટ અને કંડલામાં આજે સૌથી વધુ ગરમી નોંધાઈ શકે છે, જ્યાં પારો 41.5 ડિગ્રી સેલ્સિયસને પાર કરી શકે છે. દરિયાકાંઠાના વિસ્તારો જેમ કે દ્વારકા, ઓખા અને વેરાવળમાં તાપમાન પ્રમાણમાં નીચું રહેશે, પરંતુ ભેજને કારણે બફારો અનુભવાઈ શકે છે.

આ વર્ષે માર્ચ મહિનામાં મહત્તમ તાપમાન 43 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે.



જ્યારે આ સિઝનમાં મહત્તમ તાપમાન 45.5 ડિગ્રી સેલ્સિયસથી 46 ડિગ્રી સેલ્સિયસ સુધી નોંધાઈ શકે છે. જ્યારે અન્ય હવામાન નિષ્ણાત એ.ટી.દેસાઈના જણાવ્યા અનુસાર પણ આ વર્ષે માર્ચ મહિનામાં મહત્તમ તાપમાન 41થી 43 ડિગ્રી સેલ્સિયસ વચ્ચે પહોંચી શકે છે. જ્યારે સિઝનમાં મહત્તમ તાપમાન 45થી 46 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે.

હવામાન વિભાગની આગાહી મુજબ, ગુજરાતમાં આગામી 3 દિવસ ગરમીનો પ્રકોપ યથાવત રહેશે. અમદાવાદ, રાજકોટ, અને સુરેન્દ્રનગર સહિતના શહેરોમાં તાપમાન 41થી 42 સુધી પહોંચી શકે છે. ત્યારબાદ પારો 2થી 3 ડિગ્રી નીચે જતા ગરમીમાં થોડી રાહત મળવાની શક્યતા છે. અમદાવાદમાં મહત્તમ તાપમાન 41 ડિગ્રી સેલ્સિયસને પાર ગયું છે. આગામી ત્રણ દિવસ સુધી તાપમાનમાં મોટો ફેરફાર નહીં થાય, પરંતુ ત્યારબાદ ગરમીમાં આંશિક રાહત મળી શકે છે. અમદાવાદમાં આકાશ ખુલ્લું રહેશે અને સખત તડકો રહેવાની શક્યતા છે.

સિવિલ હોસ્પિટલમાં આવતાં દર્દી-સગાંને ગરમીમાં તકલીફ ન પડે તે માટે 1200 બેડ હોસ્પિટલને સેન્ટ્રલી એસી બનાવવાનું આયોજન હાથ ધરાયું છે. હાલમાં વધી રહેલી ગરમીનો ધ્યાનમાં રાખીને 1200 બેડ હોસ્પિટલ અને જૂની સિવિલ હોસ્પિટલના વિવિધ વોર્ડમાં 80 કૂલર મૂકવામાં આવશે. સિવિલના સુપરિટેન્ડેન્ટ ડો. રાકેશ જોષીએ કહ્યું કે, અમે 1200 બેડ હોસ્પિટલને સેન્ટ્રલી એસી. બનાવવાનો અમારો પ્લાન છે, આ પ્લાન માટે સરકાર તરફથી મંજૂરી મળી ગઇ છે. જેથી પ્રોજેક્ટ પર ટુંક સમયમાં કામ શરૂ કરાશે. ટ્રોમા સેન્ટર સહિત ઓ અને ડી-3 અને ડી-5 જેવાં બ્લોકમાં એસીની સુવિધા છે. જેથી એક પછી એક વોર્ડ સહિત સમગ્ર 1200 બેડ હોસ્પિટલમાં એસીની સુવિધા ઊભી કરાશે.

સિવિલ કેમ્પસની વિવિધ હોસ્પિટલમાં રોજ 10 હજારથી વધુ દર્દી-સગાં અવર-જવર કરે છે. ગરમીમાં તેમને સ્થળ પર પાણીની સુવિધા મળે તે માટે ઈ-રિક્ષા દ્વારા સવારે 9થી 6 દરમિયાન પાણીની પરબ શરૂ કરવામાં આવશે.

વાતાવરણમાં એક ઊંચા દબાણની સિસ્ટમ સર્જાઈ છે, જે ગરમ હવાને નીચેની તરફ દબાવે છે. આ ગરમ હવા જમીનની નજીક જ કેદ થઈ જાય છે, જેથી તાપમાનમાં સતત વધારો થાય છે. ઠંડક આપતી સિસ્ટમનો અભાવ : સામાન્ય રીતે માર્ચમાં 'વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ'ને કારણે વાદળો છવાયેલા રહે છે, જે ગરમીને રોકે છે. આ વર્ષે આવી સિસ્ટમ સક્રિય નથી, જેથી તાપ સીધો જમીન પર આવે છે. ગરમ અને સૂકા પવનો : ઉત્તર-પશ્ચિમ દિશામાંથી ફૂંકાતા સૂકા અને ગરમ પવનને કારણે ભેજનું પ્રમાણ ઘટ્યું છે, જે ગરમીની તીવ્રતા વધારે છે. શહેરીકરણની અસર : કોંક્રિટના મકાનો અને ડામરના રસ્તાઓ દિવસભર ગરમી શોષી લે છે. રાત્રે પણ આ ગરમી હવામાં છૂટી પડતી હોવાથી વાતાવરણ સતત ગરમ રહે છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# ઈરાનના ખાર્ગ આઈલેન્ડ પર હુમલો થયો તો વિશ્વયુદ્ધ નક્કી!

## એક્સપર્ટે કહ્યું- આ ઈરાનનું કરોડરજ્જુ, અહીંથી 90% ઈરાની તેલનું એક્સપોર્ટ, આ આઈલેન્ડ પર ટ્રમ્પની નજર

**તેહરાન, તા.10**

અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધની વચ્ચે હોર્મુઝ સ્ટ્રેટ નજીક આવેલા ખાર્ગ આઈલેન્ડનું મહત્વ અચાનક વધી ગયું છે. કેટલાક મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો છે કે ટ્રમ્પ સરકાર આ આઈલેન્ડ પર કબજો કરવા માટે સૈન્ય વિકલ્પો પર વિચાર કરી રહી છે, કારણ કે તેને ઈરાનની તેલની કમાણીનું સૌથી મોટું કેન્દ્ર માનવામાં આવે છે.

ખરેખરમાં, ઈરાનના લગભગ 80 થી 90% ક્રૂડ ઓઈલની નિકાસ આ જ આઈલેન્ડ પરથી થાય છે. અહીં મોટા તેલ ટર્મિનલ, પાઈપલાઈન, સ્ટોરેજ ટેન્ક અને જહાજોમાં તેલ ભરવાની સુવિધાઓ છે.

આ ટર્મિનલ પરથી દરરોજ લગભગ 70 લાખ બેરલ સુધીનું તેલ જહાજોમાં ભરી શકાય છે. 1960ના દાયકામાં વિદેશી રોકાણ પછી આ જગ્યાને મોટા ઓઈલ એક્સપોર્ટ સેન્ટર તરીકે વિકસાવવામાં આવી હતી અને ત્યારથી તે ઈરાનની ઓઈલ સપ્લાયની કરોડરજ્જુ બની ગયું છે.

હડસન ઈન્સ્ટિટ્યૂટના સિનિયર ફેલો માઈકલ ડોરાને કહ્યું કે ટ્રમ્પ સરકાર યુદ્ધ પછી પણ ઈરાનની સંપૂર્ણ અર્થવ્યવસ્થાને તબાહ કરવા માંગતી નથી. તેથી, કેટલાક મહત્વપૂર્ણ ઠેકાણાઓ પર હુમલો ન કરવો એ અમેરિકાની જૂની 'રેડ લાઈન' રહી છે.

ડોરાન મુજબ, જો આ સ્થળો પર હુમલો થયો, તો ઈરાન મોટા પાયે વળતો હુમલો કરી શકે છે, જેનાથી ત્રીજા વિશ્વ યુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ શકે છે.

અમેરિકા અને ઈઝરાયલે ઈરાનના અનેક સૈન્ય ઠેકાણાઓ અને ન્યુક્લિયર ફેસિલિટીને નિશાન બનાવ્યા છે, પરંતુ ખાર્ગ આઈલેન્ડ પર હજુ સુધી હુમલો થયો નથી. સેટેલાઈટ ડેટા અને જહાજો પર નજર રાખતી કંપનીઓ અનુસાર, યુદ્ધ ચાલુ હોવા છતાં ઈરાન અહીંથી સતત તેલની નિકાસ કરી રહ્યું છે.

રિપોર્ટ્સ અનુસાર, 28 ફેબ્રુઆરીથી અત્યાર સુધીમાં લગભગ 1.2 કરોડ બેરલથી વધુ તેલ ટેન્કરો દ્વારા બહાર મોકલવામાં આવ્યું છે. વાસ્તવિક આંકડો આનાથી વધુ પણ હોઈ શકે છે કારણ કે ઈરાનના ઘણા જહાજો તેમની ટ્રેકિંગ સિસ્ટમ બંધ કરીને ચાલે છે.

ઈરાન ઘણીવાર એવા ટેન્કરોનો ઉપયોગ કરે છે જેને ડાર્ક ફ્લીટ કહેવામાં આવે છે. આ જહાજો તેમની લોકેશન બતાવતી ટ્રેકિંગ મશીન બંધ કરી દે છે, જેનાથી તેમને ટ્રેક કરવા મુશ્કેલ બની જાય છે. ખાર્ગ આઈલેન્ડ ફારસની ખાડીમાં ઈરાનના કિનારેથી લગભગ 25 થી 30 કિલોમીટર દૂર આવેલું છે.

હાલમાં એક મોટું તેલ ટેન્કર હોર્મુઝ સ્ટ્રેટ પાર કરતી વખતે થોડા સમય માટે ટ્રેકિંગમાંથી ગુમ થઈ ગયું હતું અને પછી ફરી દેખાયું હતું. રિપોર્ટ્સમાં કહેવામાં આવ્યું હતું કે તે જહાજ એશિયા તરફ જઈ રહ્યું હતું.

ખાર્ગ આઈલેન્ડ સ્ટ્રેટ ઓફ




હોર્મુઝની ખૂબ નજીક છે. આ દુનિયાના સૌથી મહત્વપૂર્ણ દરિયાઈ તેલ માર્ગોમાંથી એક છે. દુનિયાનું લગભગ 20% તેલ આ જ માર્ગેથી પસાર થાય છે. જો આ વિસ્તારમાં હુમલો થાય છે અથવા જહાજોની અવરજવર અટકે છે, તો આખી દુનિયામાં તેલનો પુરવઠો પ્રભાવિત થઈ શકે છે અને કિંમતો ઝડપથી વધી શકે છે.

રિપોર્ટ્સ અનુસાર અમેરિકી પ્રશાસન આ વાત પર વિચાર કરી રહ્યું છે કે જો ખાર્ગ આઈલેન્ડના તેલ ટર્મિનલને તબાહ કરી દેવામાં આવે અથવા તેના પર કબજો કરી લેવામાં આવે, તો ઈરાનની સૌથી મોટી આવક બંધ થઈ શકે છે.

નિષ્ણાતોનું કહેવું છે કે તેલના વેચાણથી મળતા પૈસા ઈરાનની સરકાર અને તેની સૈન્ય તાકાત માટે સૌથી મોટો આર્થિક આધાર છે. જો આ કમાણી અટકી જાય તો ઈરાન માટે લાંબા સમય સુધી યુદ્ધ ચાલુ રાખવું મુશ્કેલ બની શકે છે.

કેટલાક અનુમાનો મુજબ જો અહીંથી સપ્લાય અટકે તો તેલની કિંમત પ્રતિ બેરલ લગભગ 10 ડોલર સુધી વધી શકે છે.

આ સમયે ઈરાન લગભગ 33 લાખ બેરલ ક્રૂડ ઓઈલનું ઉત્પાદન કરે છે. આ ઉપરાંત લગભગ 13 લાખ બેરલ કન્ડેન્સેટ અને અન્ય લિક્વિડ ઈંધણનું પણ ઉત્પાદન કરે છે. આ રીતે કુલ ગ્લોબલ એનર્જી સપ્લાયનો 4.5% હિસ્સો ઈરાનમાંથી આવે છે.

ઈરાનના મોટા તેલ ક્ષેત્રો જેવા કે અહવાઝ, મરુન અને ગચસરાનથી પાઈપલાઈન સીધી ખાર્ગ આઈલેન્ડ સુધી આવે છે. અહીં તેલને મોટા સ્ટોરેજ ટેન્કોમાં રાખવામાં આવે છે અને પછી ટેન્કર જહાજોમાં ભરીને દુનિયાના અલગ-અલગ દેશોમાં મોકલવામાં આવે છે.

આઈલેન્ડ પર લગભગ 3 કરોડ બેરલ તેલ સંગ્રહિત કરવાની ક્ષમતા છે. હાલમાં, એવો અંદાજ છે કે અહીં લગભગ 1.8 કરોડ બેરલ તેલ સંગ્રહમાં છે, જે સામાન્ય સંજોગોમાં 10 થી 12 દિવસની નિકાસ બરાબર છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, યુદ્ધ શરૂ થવાના બરાબર પહેલાં ઈરાને ખાર્ગ આઈલેન્ડ પરથી તેલની નિકાસ ઝડપથી વધારી દીધી હતી.

15 થી 20 ફેબ્રુઆરીની વચ્ચે તેલની નિકાસ દરરોજ 30 લાખ બેરલથી વધુ થઈ ગઈ હતી, જે સામાન્ય કરતાં લગભગ ત્રણ ગણી હતી. એવું માનવામાં આવે છે કે ઈરાને યુદ્ધ શરૂ થતાં પહેલાં શક્ય તેટલું વધુ તેલ બહાર મોકલવાનો પ્રયાસ કર્યો હતો.

ખાર્ગ ટાપુ અગાઉ પણ ઘણી વખત વ્યૂહાત્મક ચર્ચાનો ભાગ રહ્યો છે. 1979ના ઈરાન બંધક સંકટ દરમિયાન અમેરિકી રાષ્ટ્રપતિ જિમી કાર્ટરને સલાહ આપવામાં આવી હતી કે આ ટાપુ પર કબજો કરી લેવામાં આવે, પરંતુ તેમણે તેમ કર્યું નહીં.

1980ના દાયકામાં રાષ્ટ્રપતિ રોનાલ્ડ રીગનના સમયમાં અમેરિકાએ ઈરાનની કેટલીક અન્ય તેલ સુવિધાઓ પર હુમલો કર્યો હતો, પરંતુ ખાર્ગ ટાપુને નિશાન બનાવવામાં આવ્યો ન હતો.

જોકે ઈરાન-ઈરાક યુદ્ધ દરમિયાન ઈરાકી હુમલાઓમાં આ આઈલેન્ડના તેલ ટર્મિનલને ભારે નુકસાન થયું હતું, પરંતુ બાદમાં ઈરાને તેને ફરીથી બનાવી લીધું.

નિષ્ણાતોનું કહેવું છે કે ખાર્ગ ટાપુ પર હુમલો કરવાથી દુનિયાભરના તેલ બજારમાં મોટું સંકટ ઊભું થઈ શકે છે. તેલની કિંમતો ઝડપથી વધી શકે છે, જહાજોની અવરજવર પ્રભાવિત થઈ શકે છે અને ખાડી ક્ષેત્રમાં યુદ્ધ વધુ ફેલાઈ શકે છે.

આ જ કારણ છે કે હજુ સુધી અમેરિકા અને તેના સહયોગી દેશો પહેલા ઈરાનની સૈન્ય અને ન્યુક્લિયર ક્ષમતાને નબળી પાડવાની રણનીતિ પર કામ કરી રહ્યા છે.

તેથી હાલમાં આ નાનો આઈલેન્ડ સીધો યુદ્ધનું મેદાન બન્યો નથી, પરંતુ આવનારા સમયમાં યુદ્ધની દિશા નક્કી કરવામાં તેની મોટી ભૂમિકા હોઈ શકે છે.

# ચીનમાં 56 વંશીય સમુદાયોને એક કરવા નવો કાયદો: આમાં જુદા જુદા સમુદાયોમાં લગ્નને પ્રોત્સાહન, બાળકોને કમ્યુનિસ્ટ પાર્ટી પ્રત્યે પ્રેમ શીખવવાની વાત....

**બીજિંગ, તા.10**

ચીનમાં જિનપિંગ સરકાર એક નવા કાયદાને મંજૂરી આપવાની તૈયારી કરી રહી છે, જેમાં અલગ-અલગ જાતીય સમૂહો (એથનિક ગ્રુપ્સ)ને એક જ રાષ્ટ્રીય ઓળખ આપવામાં આવશે. બીબીસીના રિપોર્ટ અનુસાર આ કાયદાનું નામ 'લો ઓન પ્રમોટિંગ એથનિક યુનિટી એન્ડ પ્રોગ્રેસ' છે.

ચીનમાં હાન, ઉઇગુર, તિબેટીયન, મંગોલ જેવા 56 જાતીય સમૂહો છે. ચીનની સરકાર પર લાંબા સમયથી આરોપો લાગતા રહ્યા છે કે તે દેશના જાતીય લઘુમતીઓ (એથનિક માઈનોરિટી) ને દબાવતી નીતિઓ અપનાવે છે અને તેમને બહુમતી હાન ચીની સંસ્કૃતિમાં ભળી જવા માટે મજબૂર કરે છે. રિપોર્ટ અનુસાર હવે ચીનની સંસદના વાર્ષિક સત્રમાં એક નવો કાયદો પસાર થવાનો છે. નિષ્ણાતો અને માનવ અધિકાર કાર્યકર્તાઓનું કહેવું છે કે આ કાયદો લઘુમતીઓના અધિકારો તથા તેમની સંસ્કૃતિ માટે ખતરો વધારશે.

જોકે ચીન સરકારનું કહેવું છે કે આ કાયદો દેશમાં લોકો વચ્ચે એકતા વધારવા અને દેશને આધુનિક બનાવવા માટે જરૂરી છે. સરકાર તેને 'જાતીય એકતા અને



પ્રગતિને પ્રોત્સાહન આપતો કાયદો' ગણાવી રહી છે.

મેન્ડરિનને વધુ મહત્ત્વ આપવામાં આવશે. અન્ય ભાષાઓનો દરજ્જો ઘટશે. વિવિધ વંશીય સમુદાયો વચ્ચે લગ્નને પ્રોત્સાહન મળશે અને આવા લગ્નોને રોકવાના પ્રયાસોને ખોટા ગણવામાં આવશે. માતા-પિતાએ બાળકોને શીખવવું પડશે કે તેઓ ચીની કમ્યુનિસ્ટ પાર્ટીને પ્રેમ કરે.

જો કોઈ વ્યક્તિ, સંગઠન કે પ્રવૃત્તિ એવી વાત કહે કે કરે જેનાથી વિવિધ વંશીય સમુદાયો વચ્ચે ઝઘડો, નફરત કે અલગ થવાની માંગ વધે, તો તેના પર પ્રતિબંધ મૂકવામાં આવશે.

જિનપિંગની નીતિને મજબૂત બનાવશે નવો કાયદો ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ પહેલા પણ ઘણી વખત ધર્મના 'ચીનીકરણ'ની વાત કરી ચૂક્યા છે. એનો અર્થ એ છે કે ધાર્મિક પરંપરાઓ અને પ્રથાઓ પણ કમ્યુનિસ્ટ પાર્ટીના હિસાબે ચીની સંસ્કૃતિ અને મૂલ્યોને અનુરૂપ હોવી જોઈએ.

નિષ્ણાતો માને છે કે નવો કાયદો આ નીતિને વધુ મજબૂત બનાવશે. પેન્સિલવેનિયા યુનિવર્સિટીના એરોન ગ્લાસરમેન અનુસાર, મેન્ડરિનને પ્રોત્સાહન આપવા અને લઘુમતીઓની ઓળખ તથા ધાર્મિક અભિવ્યક્તિ પર નિયંત્રણ જેવી નીતિઓ પહેલા પણ લાગુ હતી. હવે ચીન સરકાર આ નીતિઓને માત્ર નીતિ નહીં પરંતુ કાયદાનું સ્વરૂપ આપી રહી છે.

ચીનમાં કુલ 56 સત્તાવાર વંશીય લઘુમતી સમુદાયો છે. આમાંથી કેટલાકની વસ્તી હજારોમાં છે તો કેટલાકની લાખોમાં. પરંતુ સરકારને કેટલાક ખાસ વિસ્તારો જેમ કે શિનજિયાંગ અને તિબેટ વિશે સૌથી વધુ ચિંતા રહે છે.

શિનજિયાંગમાં ઉઇગર અને અન્ય તુર્કિક મુસ્લિમ સમુદાયો રહે છે. જ્યારે તિબેટમાં લાંબા સમયથી ચીનના શાસન વિરુદ્ધ વિરોધ થતો રહ્યો છે.

2008માં બેઈજિંગ ઓલિમ્પિક્સ પહેલાં તિબેટની રાજધાની લ્હાસામાં ભિક્ષુઓએ ચીનના શાસન વિરુદ્ધ વિદ્રોહ કર્યો હતો. ચીન અનુસાર તેમાં 22 લોકો માર્યા ગયા હતા, જ્યારે નિર્વાસિત તિબેટી સંગઠનોનો દાવો છે કે લગભગ 200 લોકોના મોત થયા હતા.

2009માં શિનજિયાંગની રાજધાની ઉરુમચીમાં ઉઇગર અને હાન ચીની સમુદાયો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી, જેમાં લગભગ 200 લોકો માર્યા ગયા હતા. 2013માં કેટલાક ઉઇગર અલગતાવાદીઓએ વિસ્ફોટકો ભરેલી કાર લઈને તિઆનઆનમેન સ્ક્વેર તરફ હુમલો કર્યો હતો. 2014માં યુનાન પ્રાંતના એક રેલવે સ્ટેશન પર પણ ઉઇગર હુમલાખોરોએ હુમલો કર્યો હતો.

ચીન સરકારનું કહેવું છે કે આ હિંસક ઘટનાઓને કારણે કડક પગલાં લેવા જરૂરી હતા. પરંતુ સંયુક્ત રાષ્ટ્ર અને માનવાધિકાર સંગઠનોનો આરોપ છે કે 10 લાખથી વધુ ઉઇગર મુસ્લિમોને અટકાયત શિબિરોમાં રાખવામાં આવ્યા છે.

ચીન સરકાર તેમને 'રી-એજ્યુકેશન અને વ્યાવસાયિક તાલીમ કેન્દ્રો' ગણાવે છે. અહેવાલોમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે ઉઇગરની ધાર્મિક પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો અને ઘણી મસ્જિદો બંધ કરી દેવામાં આવી હતી.

તિબેટમાં પણ મઠો પર કડક નિયંત્રણ છે. 18 વર્ષથી ઓછી ઉંમરના બાળકોને હવે સરકારી શાળાઓમાં મેન્ડરિન ભાષામાં અભ્યાસ કરવો પડે છે અને તેઓ બૌદ્ધ ધાર્મિક ગ્રંથો વાંચી શકતા નથી. અગાઉ બાળકો મઠોની શાળાઓમાં જઈને ભિક્ષુ બનવાની તાલીમ લેતા હતા.

# ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સનું ભાડું 15% વધ્યું, ક્રૂડ ઓઈલના ભાવમાં વધારાથી જેટ ઈંધણના ભાવ બમણા થયા.....

**નવી દિલ્હી, તા.10**

મિડલ ઈસ્ટમાં વધતા તણાવની અસર હવે સીધી સામાન્ય માણસના ખિસ્સા પર પણ પડતી દેખાઈ રહી છે. ભારતીય એરલાઈન્સે આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સના ભાડામાં લગભગ 15%નો વધારો કર્યો છે. બ્લૂમબર્ગે તેના એક રિપોર્ટમાં આ માહિતી આપી.

રિપોર્ટ અનુસાર, અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે વધતી જંગ અને હોર્મુઝ રૂટ પ્રભાવિત થવાને કારણે ક્રૂડ ઓઈલની કિંમતો અને જેટ ફ્યુઅલના ભાવમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. જેની અસર ગ્લોબલ એવિએશન ઈન્ડસ્ટ્રી પર પણ દેખાવા લાગી છે.

ભારત સહિત એશિયાની મુખ્ય એરલાઈન્સે પણ ટિકિટના ભાવ વધારી દીધા છે અને ઘણી કંપનીઓ પોતાના વિમાનોને ગ્રાઉન્ડેડ કરવાનો પ્લાન પણ બનાવી રહી છે. જાણકારોનું કહેવું છે કે આ 1970ના દાયકા પછીનો સૌથી મોટો ઓઈલ સંકટ હોઈ શકે છે.

રિપોર્ટ અનુસાર, જેટ ફ્યુઅલ એટલે કે ATFની કિંમતોમાં થઈ રહેલા વધારાને જોતા ભારતની એવિએશન કંપનીઓ આવનારા દિવસોમાં ભાડું વધુ વધારી શકે છે. એરલાઈન્સનું કહેવું છે કે ઓપરેશનલ કોસ્ટ વધવાને કારણે તેમની પાસે ભાડું વધારવા સિવાય




કોઈ વિકલ્પ બચ્યો નથી.

28 ફેબ્રુઆરીએ શરૂ થયેલા ઈરાન-ઈઝરાયેલ યુદ્ધ પછી ઓઈલની સપ્લાય ચેઈન ખરાબ રીતે પ્રભાવિત થઈ છે. આ કારણે ક્રૂડ ઓઈલના ભાવ સતત વધી રહ્યા છે. બ્રેન્ટ ક્રૂડ ઓઈલનો ભાવ આજે 93 ડોલર પ્રતિ બેરલ પર આવી ગયો છે. જ્યારે એક દિવસ પહેલા બ્રેન્ટ ક્રૂડ ઓઈલનો ભાવ લગભગ 120 ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયો હતો.

વળી, ઘણા બજારોમાં જેટ ફ્યુઅલના ભાવ સંઘર્ષ શરૂ થયા પછી બમણા થઈ ગયા છે. યુદ્ધ પહેલા જેટ ફ્યુઅલના ભાવ લગભગ 85થી 90 ડોલર પ્રતિ બેરલ હતા, જે હવે વધીને 150થી 200 ડોલર પ્રતિ બેરલની વચ્ચે પહોંચી ગયા છે. વળી, મધ્ય પૂર્વના તણાવને કારણે વિશ્વભરમાં અત્યાર સુધીમાં 40,000થી વધુ ફ્લાઈટ્સ રદ પણ થઈ છે.

બ્લૂમબર્ગે રિપોર્ટમાં જણાવ્યું કે વિયેતનામના સરકારી મીડિયાએ ચેતવણી આપી છે કે ત્યાં હવાઈ ભાડામાં 70% સુધીનો ઉછાળો આવી શકે છે. તેનું મુખ્ય કારણ વિયેતનામની ઈમ્પોર્ટેડ જેટ ફ્યુઅલ પર ભારે નિર્ભરતા છે.

ઈન્ડસ્ટ્રી એનાલિસ્ટ્સ અનુસાર, એશિયન એરલાઈન્સ યુરોપિયન કે અમેરિકન એરલાઈન્સની સરખામણીમાં વધુ જોખમમાં છે, કારણ કે તેમની પાસે ફ્યુઅલ હેજિંગ (ઈંધણની કિંમતોને લોક કરવાનો પ્રોગ્રામ)ની મજબૂત વ્યવસ્થા નથી.

સ્પાર્ટા કોમોડિટીઝના સિનિયર ઓઈલ માર્કેટ એનાલિસ્ટ જૂન ગોહે જણાવ્યું કે, એવિએશન સેક્ટરમાં ચારેય તરફ ગભરાટનો માહોલ છે. જે એશિયન એરલાઈન્સનો હેજિંગ પ્રોગ્રામ નબળો છે, તેઓ સૌથી વધુ મુશ્કેલીમાં છે.

તેમણે ઓછી કિંમતે ટિકિટ વેચી દીધી હતી, પરંતુ હવે તેમને ખૂબ મોંઘા ભાવે ફ્યુઅલ ખરીદવું પડી રહ્યું છે. કેટલીક લો-કોસ્ટ એરલાઈન્સ તો હવે વિમાનોને પાર્ક કરવાની તૈયારીમાં છે. કારણ કે વર્તમાન ફ્યુઅલ કિંમતો પર ઉડાન ભરવી નુકસાનકારક સોદો સાબિત થઈ રહ્યો છે.

જર્મન બેંક ડોયચે બેંકના એનાલિસ્ટ્સનું કહેવું છે કે જો પરિસ્થિતિ જલ્દી નહીં સુધરે, તો દુનિયાભરમાં હજારો વિમાનો પાર્ક થઈ શકે છે અને કેટલીક નાની એરલાઈન્સ બંધ પણ થઈ શકે છે.

# ઓઈલ સંકટના કારણે પાકિસ્તાનમાં 'લોકડાઉન'!: સ્કૂલો બે અઠવાડિયા માટે બંધ

### કર્મચારીઓ માટે વર્ક ફ્રોમ હોમ પોલિસી લાગુ, મંત્રીઓના પગાર-વિદેશ પ્રવાસો રોક્યા

**ઈસ્લામાબાદ, તા.10**

પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે સોમવારે વધતી ઓઈલ કિંમતોને ધ્યાનમાં રાખીને ખર્ચમાં કાપ મૂકવાની યોજનાની જાહેરાત કરી છે. આ અંતર્ગત સરકારી કચેરીઓ અઠવાડિયામાં માત્ર ચાર દિવસ ખુલશે અને અડધા કર્મચારીઓ વર્ક ફ્રોમ હોમ કરશે. આ અઠવાડિયાના અંતથી શાળાઓ બે અઠવાડિયા માટે બંધ રહેશે.

પાકિસ્તાની ન્યૂઝ ચેનલ જિયો ન્યૂઝ અનુસાર, મંત્રીઓ અને સલાહકારોના વિદેશ પ્રવાસો રોકી દેવામાં આવ્યા છે. મંત્રીઓ બે મહિના સુધી પગાર નહીં લે અને સાંસદોના પગારમાં 25%નો ઘટાડો થશે.

તેમજ, પાકિસ્તાનમાં હવે બે મહિના સુધી સરકારી વાહનોને 50% ઓછું ઈંધણ મળશે. 60% સરકારી વાહનો ચાલશે નહીં. તમામ સરકારી વિભાગો પોતાના ખર્ચમાં 20%નો ઘટાડો કરશે.

શરીફે કહ્યું કે અમેરિકા-ઈઝરાયલ-ઈરાન સંઘર્ષને કારણે ક્રૂડ ઓઈલની કિંમત 60 ડોલરથી વધીને 100 ડોલર પ્રતિ બેરલથી વધુ થઈ ગઈ છે. આ કારણોસર આ નિર્ણયો લેવામાં આવ્યા છે.

પાકિસ્તાને પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં લગભગ 20%નો વધારો કર્યો છે. પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં 55 રૂપિયા (પાકિસ્તાની રૂપિયો) પ્રતિ લિટર સુધીનો વધારો



કરવામાં આવ્યો છે.

આ વધારા પછી પાકિસ્તાનમાં પેટ્રોલની કિંમત હવે 335.86 રૂપિયા પ્રતિ લિટર થઈ ગઈ છે. જ્યારે ડીઝલ 321.17 રૂપિયા પ્રતિ લિટરના સ્તરે પહોંચી ગયું છે.

કિંમતોમાં વધારાના સમાચાર આવ્યા પછી તરત જ પાકિસ્તાનના મોટા શહેરો જેવા કે લાહોર અને કરાચીમાં પેટ્રોલ પંપો પર ભારે ભીડ જામી ગઈ. લોકો કલાકો સુધી પોતાની વારીની રાહ જોતા જોવા મળ્યા. લોકોને ડર છે કે આવનારા દિવસોમાં ક્યાંક ઓઈલની અછત ન સર્જાય.

બાંગ્લાદેશ સરકારે પેટ્રોલ અને ડીઝલના વેચાણ પર મર્યાદા લાગુ કરવી પડી છે. ઢાકા સહિતના ઘણા શહેરોમાં પેટ્રોલ પંપોની બહાર લાંબી કતારો લાગી છે અને લોકો ડરના કારણે વધુ ઓઈલ ખરીદીને જમા કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

જમાખોરી અને અફવાઓને રોકવા માટે બાંગ્લાદેશ પેટ્રોલિયમ કોર્પોરેશન (બીપીસી) એ કડક નિયમો લાગુ કર્યા છે. હવે બાઈક માટે દિવસમાં માત્ર 2 લિટર પેટ્રોલ જ મળશે.

ખાનગી કાર માટે મહત્તમ 10 લિટરની મર્યાદા નક્કી કરવામાં આવી છે, જ્યારે બસો અને ટ્રકો માટે 70 થી 220 લિટર સુધીની મર્યાદા રાખવામાં આવી છે. દરેક પેટ્રોલ પંપ પર રસીદ આપવી ફરજિયાત કરવામાં આવી છે અને અગાઉની ખરીદીની રસીદ બતાવ્યા વિના નવું ઈંધણ મળશે નહીં. સરકારે લોકોને ગભરાઈને ઓઈલનો સંગ્રહ ન કરવા અપીલ કરી છે.

સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારતમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં હાલ વધારાની કોઈ શક્યતા નથી. અધિકારીઓનું કહેવું છે કે જ્યાં સુધી આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમત 130 ડોલર પ્રતિ બેરલને પાર નહીં કરે ત્યાં સુધી સ્થાનિક બજારમાં ભાવ સ્થિર રહેશે. વર્તમાન અનુમાનો અનુસાર, ક્રૂડ ઓઈલ 100 ડોલર પ્રતિ બેરલની આસપાસ રહેવાની અપેક્ષા છે.

# એશિયાના 9 દેશોમાં ઈમરજન્સી જેવી સ્થિતિ: ઓઈલ-ગેસ માટે હાહાકાર, ક્યાંક લિફ્ટ બંધ તો ક્યાંક પગારમાં કાપ, શું ભારત પર સંકટ વધશે?

**બેંગકોક, તા.10**

ઈરાન યુદ્ધની અસર હવે એશિયાના ઘણા દેશોમાં દેખાવા લાગી છે. ઓઈલ અને ગેસના પુરવઠાને અસર થવાને કારણે ઓછામાં ઓછા 9 એશિયન દેશોમાં ઉર્જા સંકટ ઘેરું બનવા લાગ્યું છે. પરિસ્થિતિ એવી છે કે અલગ-અલગ દેશોને ઈંધણ બચાવવા અને ઉર્જા સંકટનો સામનો કરવા માટે કડક પગલાં ભરવા પડ્યા છે.

બાંગ્લાદેશમાં તમામ યુનિવર્સિટીઓ બંધ કરી દેવામાં આવી છે, જેથી વીજળી અને ઈંધણનો વપરાશ ઘટાડી શકાય. જ્યારે થાઈલેન્ડમાં સરકારી કચેરીઓમાં લિફ્ટના ઉપયોગ પર પ્રતિબંધ મૂકીને કર્મચારીઓને સીડીઓનો ઉપયોગ કરવાના નિર્દેશ આપવામાં આવ્યા છે અને વર્ક ફ્રોમ હોમ લાગુ કરવામાં આવ્યું છે.

બીજી તરફ પાકિસ્તાનમાં ખર્ચ ઘટાડવા માટે મંત્રીઓના પગાર અને વિદેશ યાત્રાઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, સાથે જ સરકારી ખર્ચ અને ઈંધણના ઉપયોગમાં કાપ મૂકવાના નિર્ણયો લેવામાં આવ્યા છે.

ખરેખરમાં, ઈરાન અને અમેરિકા-ઈઝરાયેલ વચ્ચેના યુદ્ધને કારણે હોર્મુઝ સ્ટ્રેટ બંધ છે, જેના કારણે ઓઈલનો પુરવઠો ઠપ્પ થઈ ગયો છે. હોર્મુઝ સ્ટ્રેટ દુનિયાનો ખૂબ જ મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગ



છે. દર વર્ષે દુનિયાના લગભગ 20% ઓઈલનો પુરવઠો આ જ માર્ગેથી પસાર થાય છે.

થાઈલેન્ડમાં સરકારે ઉર્જા બચાવવા માટે સરકારી કર્મચારીઓને વર્ક ફ્રોમ હોમ કરવા અને ઓફિસોમાં લિફ્ટને બદલે સીડીનો ઉપયોગ કરવાના નિર્દેશ આપ્યા છે. સરકારના પ્રવક્તા અનુસાર, જે અધિકારીઓને સીધી જનતાની સેવા આપવાની હોય છે, તેમને આ નિયમમાંથી મુક્તિ આપવામાં આવી છે.

થાઈલેન્ડના વડાપ્રધાન અનુતિન ચાર્નવીરાકુલે સરકારી કર્મચારીઓને ઊર્જા બચાવવા માટે જરૂરી પગલાં લાગુ કરવા જણાવ્યું છે. સરકારે વિદેશ યાત્રાઓને અસ્થાયી રૂપે રોકી દીધી છે. ઊર્જા બચત માટે એર કંડિશનરનું તાપમાન 26થી 27 ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રાખવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

અધિકારીઓને સૂટ-ટાઈ જેવા ઔપચારિક કપડાંની જગ્યાએ શોર્ટ સ્લીવ શર્ટ પહેરવાની સલાહ આપવામાં આવી છે. ઉર્જા મંત્રીના મતે દેશ પાસે હાલમાં લગભગ 95 દિવસનો ઉર્જા ભંડાર બચ્યો છે. સરકાર અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકા પાસેથી વધારાની LNG ખરીદવાનો પ્રયાસ કરી રહી છે.

સરકારે ચેતવણી આપી છે કે જો સંકટ વધુ ઘેરું બનશે તો દુકાનો અને વ્યાવસાયિક સંસ્થાઓના જાહેરાત બોર્ડની રોશની ઓછી કરવા અને પેટ્રોલ પંપોને રાત્રે 10 વાગ્યા સુધી બંધ કરવા જેવા કડક પગલાં પણ લેવામાં આવી શકે છે.

ચીને સંભવિત ઊર્જા સંકટને ધ્યાનમાં રાખીને ક્રૂડ ઓઈલની ખરીદી વધારીને તેના સ્ટ્રેટેજિક ભંડારને મજબૂત કરવાનું શરૂ કર્યું છે. રિપોર્ટ્સ અનુસાર, ચીને વર્ષના શરૂઆતના મહિનાઓમાં વધારાનું ક્રૂડ ઓઈલ ખરીદ્યું છે અને તેને વ્યૂહાત્મક તેમજ વાણિજ્યિક ભંડારમાં રાખવામાં આવી રહ્યું છે.

આ સાથે જ સરકારે રિફાઈનરીઓને નવા ફ્યુઅલ એક્સપોર્ટ કોન્ટ્રાક્ટ સાઈન ન કરવા અને કેટલાક નિર્ધારિત શિપમેન્ટને રોકવાના નિર્દેશ આપ્યા છે. સરકારનો હેતુ સ્થાનિક બજારમાં પેટ્રોલ, ડીઝલ અને અન્ય ઈંધણની પર્યાપ્ત ઉપલબ્ધતા જાળવી રાખવાનો છે.

નિષ્ણાતોનું કહેવું છે કે જો મિડલ-ઈસ્ટમાં સંઘર્ષ લાંબો ચાલશે અને વૈશ્વિક સપ્લાય વધુ પ્રભાવિત થશે, તો ચીન તેના વ્યૂહાત્મક ઓઈલ ભંડારનો ઉપયોગ કરી શકે છે.

પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે સોમવારે વધતી ઓઈલ કિંમતોને ધ્યાનમાં રાખીને ખર્ચમાં કાપ મૂકવાની યોજનાની જાહેરાત કરી. આ અંતર્ગત સરકારી કચેરીઓ અઠવાડિયામાં માત્ર ચાર દિવસ ખુલશે અને અડધા કર્મચારીઓ વર્ક ફ્રોમ હોમ કરશે. આ અઠવાડિયાના અંતથી શાળાઓ બે અઠવાડિયા માટે બંધ રહેશે.

પાકિસ્તાની ન્યૂઝ ચેનલ જિયો ન્યૂઝ અનુસાર, મંત્રીઓ અને સલાહકારોના વિદેશ પ્રવાસો રોકી દેવામાં આવ્યા છે. મંત્રીઓ બે મહિના સુધી પગાર નહીં લે અને સાંસદોના પગારમાં 25%નો ઘટાડો થશે.

તે જ સમયે, પાકિસ્તાનમાં હવે બે મહિના સુધી સરકારી વાહનોને 50% ઓછું ઈંધણ મળશે. 60% સરકારી વાહનો ચાલશે નહીં. તમામ સરકારી વિભાગો પોતાના ખર્ચમાં 20%નો ઘટાડો કરશે.

## તંત્રી લેખ

# વિજય ગોએલનું કહીંપે નીગાહેં, કહીંપે નિશાના

બિહારના મુખ્યમંત્રી નિતિશકુમારે રાજ્યસભામાં જવાનો નિર્ણય કરવાથી જેડીયુના કાર્યકર્તાઓ નારાજ થઈ ગયા છે. વિરોધપક્ષ ભાજપ પર આક્ષેપ કરે છે. ભાજપ બીજી તરફ નિતિશકુમારના નિર્ણયને એમનો અંગત ગણાવે છે. હવે ભાજપના સિનિયર નેતા વિજય ગોએલએ કહ્યું છે કે, આ બાબતે કારણવગરની ચર્ચા થઈ રહી છે. ખરી વાત તો એ બાબતે થવી જોઈએ કે ૭૫ વર્ષ પછી સક્રિય રાજકારણમાંથી સ્વૈચ્છાએ નિવૃત્તી લેવાની પરંપરા બનવી જોઇએ જેને કારણે નવી વ્યક્તિઓને મોકો મળે. વિજય ગોએલ ચાર વખત સાંસદ અને કેન્દ્રીય મંત્રી રહી ચૂક્યા છે તેઓ દિલ્હી ભાજપના પ્રમુખ પણ હતા. ભાજપમાં જ કેટલાક ખાનગીમાં ચર્ચા કરી રહ્યા છે કે વિજય ગોએલનું આ નિવેદન નરેન્દ્ર મોદીને ટોણો તો નહોતું ને. વિજય ગોએલએ સોશ્યલ મીડિયા પર પણ લખ્યું હતું કે, 'બધા જાણે છે કે નિતિશકુમારનું શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પહેલા જેવું રહ્યું નહોતું.' પશ્ચિમ એશિયા સંકટ લાંબુ ચાલશે તો ભારતીય રૂપિયાની આંતરરાષ્ટ્રીય વેલ્યુ ઘટી શકે છે. પેટ્રોલિયમ અને બીજી ચીજવસ્તુઓની કિંમતોમાં તો વધારો થઈ જ રહ્યો છે. આને કારણે મોંઘવારી પણ વધશે. નાણામંત્રાલયે આ બાબતે એક અહેવાલ જાહેર કર્યો છે. એમા વાત તો મોટી મોટી કરવામાં આવી છે. બહારી દબાવ છતાં પણ દેશ તમામ મુશ્કેલીઓનો સામનો કરવા તૈયાર છે. જોકે આ સંકટ જો લાંબુ ચાલ્યું તો પરિસ્થિતિ વણસી શકે છે. એલએનજી અને કાચા ઓઈલ પર નભતા ઉદ્યોગો તેમજ પેટ્રોરસાયણ ક્ષેત્રો પર આની અસર પડી શકે છે. નાણામંત્રાલયના અહેવાલમાં જોકે કબુલ કરવામાં આવ્યું છે કે ઈરાનના હુમલા પછી જે તાણ ઉભી થઈ છે અને હોર્મુઝ ખાડીમાંથી પસાર થતા જહાજો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે એ સૌથી ચિંતાજનક છે.

ઘરેલુ અને કોમર્શિયલ એલપીજી સીલીન્ડરોની કીંમતના વધારા માટે કોંગ્રેસે નરેન્દ્ર મોદીને જવાબદાર ગણાવ્યા હતા. કોંગ્રેસે મોદીનું નવુ ઉપનામ 'મહંગાઈ મેન' પાડ્યું છે. કોંગ્રેસે સોશયલ મીડિયા એક્સ પર લખ્યું છે કે મોદી સરકારે ઘરેલુ એલપીજી સીલીન્ડરના ભાવમાં ૬૦ રૂપિયાનો વધારો કરીને સામાન્ય માણસના બજેટ પર સીધો કાપ મૂક્યો છે. ૧૯ કીલોગ્રામના કોમર્શિયલ એલપીજી સીલીન્ડરની કીંમતમાં ૧૧૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. આ વધારાને કારણે મોંઘવારી વધશે. છેલ્લા ત્રણ મહિનામાં કોમર્શિયલ સીલીન્ડરની કીંમત ૩૦૭ રૂપિયા વધી ગઈ છે. કોંગ્રેસના પ્રવક્તા પવન ખેડાએ પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીની આકરી ટીકા કરી છે. એમના કહેવા પ્રમાણે હરદીપ સિંહ પુરી એક તરફ લોકોને કહે છે કે સરકારની પ્રાથમિકતા લોકોને સસ્તા ભાવે ઈંધણ આપવાની છે.

દિલ્હીની સાકેત કોર્ટે કુખ્યાત ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઇ અને બીજા બેને ખંડણીના કેસમાં નિર્દોષ જાહેર કર્યા છે. દિલ્હીના એક વકીલ પાસેથી આ ત્રણેએ એક કરોડની ખંડણી માંગી હોવાનો કેસ થયો હતો. કોર્ટના કહેવા પ્રમાણે આરોપીઓ સામે ફક્ત નિવેદન સીવાય કોઈ પુરાવા નથી. ૨૦૦૩માં દાખલ થયેલી એફઆઈઆર પછી ફાયરીંગ અને ખંડણી માટે ધમકી આપવાની ફરિયાદ થઈ હતી. દિલ્હી પોલીસની ક્રાઇમ બ્રાન્ચે તપાસ પછી લોરેન્સ બિશ્નોઇ, હરેન સરપદાદિયા અને આશિષ વર્મા સામે ચાર્જશીટ દાખલ કરી હતી. ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ (સીજેએમ) નુપુર ગુપ્તાએ આપેલા ચુકાદા મુજબ ફરિયાદીએ ધમકી માટે ખંડણીની રકમ માગવાનો આરોપ મૂક્યો નહોતો. ચાર્જશીટમાં પણ રકમ આપવાનો કોઈ ઉલ્લેખ નહોતો. કોર્ટના કહેવા પ્રમાણે આરોપીઓ પર આઈપીસીની કલમ ૩૮૯ હેઠળ ગુનો કર્યાનો આરોપ લાગુ પાડી શકાય નહીં. યુનાઈટેડ સ્ટેટ્સ આર્મીમાં કામ કરતા ભારતીય મૂળના સ્પેશિયાલીસ્ટ શિલ્પા ચૌધરીનો એક વિડિયો સોશ્યલ મીડિયા પર ખૂબ વાયરલ થયો છે. આ વિડિયોમાં શિલ્પા ચૌધરી ભારતીઓને એક અપીલ કરી રહ્યા છે. ઈરાનના સુપ્રિમ લીડર ખામેનેઈની હત્યા પછી ભારતમાં વિરોધ પ્રદર્શનો થયા હતા. આ બાબતે એમણે પ્રતિક્રિયા આપી છે.

**સબ સહારા આફ્રિકામાં આવતા અન્ય નાના, પછાત અને ગરીબ દેશોના યુવાનો પણ માનસિક સ્થિતિ મુદ્દે વધારે મજબૂત અને આગળ છે. આ યાદીમાં ઘાના તો પહેલા ક્રમે છે, જ્યારે નાઈજિરિયા બીજા ક્રમે અને કેન્યા ત્રીજા ક્રમે આવે છે. ઝિમ્બામ્વે ચોથા અને ટાંઝાનિયા પાંચમા ક્રમે આવે છે : બોટમ-૧૦ દેશોમાં વિકસિત દેશોનું નામ આવે છે. આ યાદીમાં હોંગકોંગ ટોચના સ્થાને છે. ત્યારબાદ તાઈવાન બીજા ક્રમે, જાપાન ત્રીજા ક્રમે, બ્રિટન ચોથા અને ચીન પાંચમા ક્રમે છે. બ્રાઝિલ છઠ્ઠા, યુક્રેન સાતમા અને કિર્ગિસ્તાન આઠમા તથા ન્યૂઝીલેન્ડ નવમા અને બાંગ્લાદેશ ૧૦મા ક્રમે આવે છે : ઘાનામાં યુવાનો પરિવાર સાથે જ રહે છે**

# ઘાનાના યુવાનો વિશ્વમાં સૌથી વધારે મજબૂત

## સેપિયન્સ લેબ દ્વારા કરાયેલા 84 દેશોના અભ્યાસમાં ભારત 60મા ક્રમે : અમેરિકા, બ્રિટન, ઓસ્ટ્રેલિયા, ફ્રાન્સ જેવા દેશો પણ પાછળ

સમગ્ર વિશ્વમાં જે પરિસ્થિતિ ચાલી રહી છે અને તેની અસર દુનિયાભરના લોકો ઉપર જે રીતે પડી રહી છે તેના સંદર્ભમાં તાજેતરમાં એક વૈશ્વિક અભ્યાસ સામે આવ્યો છે. સેપિયન્સ લેબ દ્વારા તાજેતરમાં ૮૪ દેશોના યુવાનો ઉપર એક અભ્યાસ કરાયો હતો. ગ્લોબલ માઈન્ડ હેલ્થ નામના આ રિપોર્ટમાં ૧૮ વર્ષથી ૩૪ વર્ષના યુવાનોની માનસિક સ્થિતિનો તાગ મેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. યુવાનોના માનસિક સ્વાસ્થ્યનું તારણ જે આવ્યું તેણે સમગ્ર વિશ્વને આશ્ચર્યમાં મુકી દીધું છે. યુથ મેન્ટલ હેલ્થમાં ઘાના દુનિયામાં ટોચના સ્થાને છે. ઘાનાના યુવાનો કે પછી જેને યંગ એડલ્ટ કહેવાય છે તેઓ મજબૂત મનોબળ ધરાવતા અને માનસિક રીતે સ્વસ્થ ગણાય છે.

આ યાદીમાં ભારતના યુવાનો ઘણા પાછળ છે. આ યાદીમાં ભારતનો ૬૦મો ક્રમ આવે છે. બીજી તરફ અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, જર્મની, ચીન, જાપાન જેવા દેશો પણ આ યાદીમાં ખૂબ જ પાછળ છે. જાપાન તો ઓલમેન્ટ છેલ્લા ક્રમે જ આવે છે તેવું કહેવાય છે. સંશોધકો દ્વારા મેન્ટલ હેલ્થ કોન્સેન્ટના આધારે દરેક દેશને પોઈન્ટ્સ આપવામાં આવ્યા હતા. તેમાં ઘાનાના પોઈન્ટ્સ સૌથી વધારે હતા. તેમાં જણાવાયું હતું કે, વધારે આવક ધરાવતા અને સમૃદ્ધિ ધરાવતા દેશોના યુવાનો નબળી મનોદશા ધરાવતા હતા. બીજી તરફ ગરીબ અને સંઘર્ષ કરનારા દેશોના યુવાનોનું મનોબળ અત્યંત મજબૂત છે.

જાણકારોના મતે ગરીબી, સંઘર્ષ, પીડા અને યાતના છતાં આ યુવાનો આગળ છે. માત્ર ઘાના જ આગળ છે તેવું નથી. સબ સહારા આફ્રિકામાં આવતા અન્ય નાના, પછાત અને ગરીબ દેશોના યુવાનો પણ માનસિક સ્થિતિ મુદ્દે વધારે મજબૂત અને આગળ છે. આ યાદીમાં ઘાના તો પહેલા ક્રમે છે જ પણ નાઈજિરિયા, કેન્યા, ટાંન્ઝાનાનિયા જેવા દેશો પણ આ યાદીમાં ઉપર છે. આ યાદીમાં નાઈજિરિયા બીજા ક્રમે છે જ્યારે કેન્યા ત્રીજા ક્રમે આવે છે. ઝિમ્બામ્વે ચોથા અને ટાંઝાનિયા પાંચમા ક્રમે આવે છે. આ બધા દેશોના પોઈન્ટ્સ વૈશ્વિક સરેરાશ કરતા ઘણા વધારે છે. વૈશ્વિક સરેરાશ ૩૮ છે જ્યારે આ બધા દેશો ૫૦ થી ૬૦ની વચ્ચેના પોઈન્ટ્સ ધરાવે છે. તે ઉપરાંત ૪૦થી ઉપરની ઉંમરના લોકોના મુદ્દે તો ૧૦૦થી વધારે પોઈન્ટ્સ ધરાવે છે.

આ સિવાય ટોપ-૧૦ દેશોમાં ડોમિનિક રિપબ્લિક, ઈન્ડોનેશિયા, ફિલિપાઈન્સ, રવાન્ડા અને ઈઝરાયેલનો સમાવેશ થાય છે. બીજી તરફ સૌથી ઓછા પોઈન્ટસ ધરાવતા અને સૌથી નીચેના બોટમ-૧૦ દેશોમાં વિકસિત દેશોનું નામ આવે છે. આ યાદીમાં હોંગકોંગ ટોચના સ્થાને છે. ત્યારબાદ તાઈવાન બીજા ક્રમે, જાપાન ત્રીજા ક્રમે, બ્રિટન ચોથા અને ચીન પાંચમા ક્રમે છે. બ્રાઝિલ છઠ્ઠા, યુક્રેન સાતમા અને કિર્ગિસ્તાન આઠમા તથા ન્યૂઝીલેન્ડ નવમા અને બાંગ્લાદેશ ૧૦મા ક્રમે આવે છે. આ સરેરાશ યાદી જોઈએ તો બેલ્જિયમ અને મેક્સિકો ૫૨મા ક્રમે આવે છે. તેવી જ રીતે ફ્રાન્સ અને અમેરિકા ૫૮મા ક્રમે આવે છે. તેવી જ રીતે અફઘાનિસ્તાન, રશિયા અને ભારતનો આ યાદીમાં ૬૦મો ક્રમ છે. કેનેડા અને પાકિસ્તાન આ યાદીમાં ૬૫મા ક્રમે આવે છે. તે સિવાય જર્મની ૭૧મા ક્રમે અને ઓસ્ટ્રેલિયા ૭૪મા ક્રમે આવે છે. આ તમામ મોટા દેશોના યુવાનો મોટી માનસિક વિડંબણાઓમાં અટવાયેલા છે. તેમની મનઃ સ્થિતિ વધારે મજબૂત નથી.

જાણકારોના મતે સંશોધકોએ કેટલાક પેરામિટર્સ ઉપર દુનિયાભરના ૮૪ દેશોના યુવાનોની માનસિક સ્થિતિનું મુલ્યાંકન કર્યું હતું. તેમાં ભાવનાત્મક, સામાજિક, સંજ્ઞાનાત્મક અને શારીરિક ક્ષમતાઓને પ્રાધાન્ય આપવામાં



આવ્યું હતું. આ માપદંડોના આધારે ઘાનાના યુવાનોને ૧૦૦માંથી ૫૪નો સ્કોર આવ્યો હતો. બીજી તરફ વૈશ્વિક સરેરાશ માત્ર ૩૬ આવે છે. સંશોધકોના મતે ઘાનાના લોકો સહિત આફ્રિકાના યુવાનો આર્થિક પડકારો, સામાજિક પડકારો અને અન્ય મુશ્કેલીઓનો સામનો કરતા રહે છે છતાં તેમનામાં હિંમત, મનોબળ અને સાહસ વધારે છે. તેમના મજબૂત સામુદાયિક સંબંધો, નાની ઉંમરમાં મોબાઈલ અને અન્ય સ્માર્ટ ગેજેટ્સના સંપર્કથી દૂર રહેવું, સુરક્ષા પૂરી પાડતા સાંસ્કૃતિક માળખા વગેરેના કારણે તેઓ માનસિક રીતે વધારે મજબૂત અને સક્ષમ છે.

બીજી તરફ પશ્ચિમી દેશો અને વિકસિત દેશોમાં બાળકોથી માંડીને યુવાનો ડિજિટલી ઓવરલોડ છે તથા સોશિયલ મીડિયા અને અન્ય બાબતોના કારણે એકલતાનો સૌથી વધારે શિકાર થયેલા જોવા મળ્યા છે. સંપન્ન અને સમૃદ્ધ દેશોમાં અલ્ટ્રા પ્રોસેસ્ડ ફૂડ, ટોક્સિન અને નબળા સામાજિક સંપર્કો અને માળખાના કારણે પેઢીદર પેઢી મનોભાવ નબળા થઈ રહ્યા છે. નવી પેઢી માનસિક રીતે વધારે નબળી આવી રહી છે. તેઓ બદલાતી સ્થિતિ, આર્થિક સંકડામણ, સામાજિક બહિષ્કાર કે સામાજિક ભેદભાવ અથવા તો પરિવર્તનને સ્વીકારી શકતા નથી કે તેમાં એકાએક સેટ પણ થઈ શકતા નથી. આ સિવાય સોશિયલ મીડિયાના કારણે સતત સંઘર્ષ, સરખામણી અને એકલતાના લીધે નાનમ અનુભવતા થઈ ગયા છે. તેના લીધે પણ તેમનું માનસિક દબાણ વધ્યું છે.

ઉલ્લેખનીય છે કે, ઘાનાના યુવાનો આધાત્મિક રીતે પણ મજબૂત જોડાણ ધરાવે છે. તેના પગલે તેમની માનસિક સ્થિતિ પણ વધારે મજબૂત થાય છે. તેઓ હતાશા, આત્મહત્યાના વિચારો, એકલતા વગેરેથી દૂર રહે છે અને જીવન જીવવા માટેના કૌશલ્ય ઝડપથી શીખીને જીવનને બદલવા પ્રયાસ કરે છે. અહીંયાના યુવાનો સરેરાશ ૧૮ વર્ષની ઉંમરે પહેલી વખત સ્માર્ટફોન કે સ્માર્ટ ગેજેટ વસાવે છે. બીજી તરફ વિકસિત દેશોમાં આ ઉંમર ૧૦થી ૧૪ વર્ષ છે. સ્માર્ટફોન હાથમાં આવતા જ આક્રમકતા, અલગાવ, એકલતા અને સરખામણીના મનોભાવ વધવા લાગે છે. બીજી મહત્ત્વની વાત એ છે કે, ઘાનામાં મજબુત પારિવારિક અને સામુદાયિક માળખું છે જે પણ યુવાનોને માનસિક રીતે મજબૂત રહેવામાં મદદ કરે છે. મજબુત સામુદાયિક જોડાણ, સામાજિક સમર્થન, ટેક્નોલોજી ઉપર ઓછો આધાર, સ્વસ્થ જીવનશૈલી, શારીરિક શ્રમ વગેરે યુવાનોને શારીરિક રીતે વધારે મજબૂત બનાવે છે અને તેમને માનસિક રીતે પણ વધારે સક્ષમ બનાવે છે.

મૂળ વાત એવી છે કે, ઘાના પશ્ચિમી આફ્રિકાનો સુંદર અને શાંત દેશ છે. તેને આફ્રિકાનો ગેટવે પણ કહેવાય છે. આ પહેલો આફ્રિકી દેશ છે જેને બ્રિટને ૧૯૫૭માં આઝાદ કર્યો હતો. અહીંયાની સંસ્કૃતિ ખૂબ જ જીવંત, મહેમાનગતિને પ્રાધાન્ય આપનારી અને સામુદાયિક એકતાને વધારનારી છે. ૩.૫ કરોડની વસતી ધરાવતા આ દેશની માથાદીઠ આવક ૮,૦૦૦ ડોલર છે. અહીંયા બેરોજગારી મોટો પ્રશ્ન છે છતાં યુવાનો માનસિક રીતે વધારે સક્ષમ છે. અહીંયા પારિવારિક માળખું ખૂબ જ મજબૂત છે. અહીંયા બાળકો હંમેશા વડીલોનું માન જાળવે છે. અહીંયા સામુદાયિક એકતાને પ્રાધાન્ય અપાય છે, પાડોશી અને સંબંધીએ સૌથી હળીમળીને રહેવાની પરંપરા છે. તેના કારણે યુવાનો વધારે મજબૂત છે.


ઘાનાની વાત કરીએ તો અહીંયા હાઈલાઈફ મ્યુઝિક, હાઈલાઈફ અને ટ્રેડિશનલ ડાન્સ સૌથી વધારે ચર્ચામાં છે. દુનિયાભરમાં તેની ચર્ચા થાય છે ડ્રમિંગ અને ડાન્સ જીવનનો એક ભાગ છે. સામાન્ય ઉત્સવો અને સામુહિક ઉત્સવોમાં પણ તેને પ્રાધાન્ય અપાય છે. અહીંયાના યુવાનો પરિવાર સાથે જ રહે છે. તેઓ ભાઈ-બહેનો, સંબંધીઓ સાથે સતત સંપર્કમાં હોય છે. તેઓ પોતાના પરિવારને મદદ કરવાને પ્રાથમિકતા આપે છે. બીજી તરફ અહીંયા આધ્યાત્મિકતા અને ધાર્મિક જોડાણ પણ વધારે છે. તેના કારણે પણ તેમને માનસિક સપોર્ટ મળી રહી છે.

અહીંયા શિક્ષણ ઉપર ભાર મુકાય છે છતાં નોકરીઓ માટે ગળાકાપ સ્પર્ધા છે. યુવાનો વ્યવસાય કરવાનું વધારે પસંદ કરે છે.

તેઓ સ્કીન ટાઈમ ઓછો રાખે છે અને લોકોને વાસ્તવિક રીતે મળીને આનંદ કરવામાં વધારે માને છે. અહીંયા બેરોજગારી છે પણ યુવાનો આશાવાદી અને ક્રિયેટીવ છે.

જાણકારોના મતે ભારત જ નહીં પણ પશ્ચિમી તમામ દેશો, વિકસિત દેશો અને મહાસત્તાઓમાં પણ યુવાનો માનસિક રીતે નબળા છે. તેમાં સૌથી પહેલાં તો પારિવારિક માળખું ખોરવાઈ ગયું છે. અહીંયા ન્યૂક્લિયર ફેમિલીનું પ્રમાણ વધ્યું છે. પરિવારો છુટા પડયા અને વિખરાઈ ગયા છે. બીજી બાજુ અહીંયા સ્માર્ટફોન અને સ્માર્ટ ગેજેટ્સનું વળગણ અતિશય વધારે છે. સમૃદ્ધ દેશોમાં સરેરાશ ૧૨થી ૧૪ વર્ષની ઉંમરે અને ભારતમાં ૧૬ વર્ષની ઉંમર સુધીમાં કિશોરો અને યુવાનોને સ્માર્ટફોન અને સ્માર્ટ ગેજેટ્સ મળી જાય છે. તેના કારણે સાઈબર બુલિંગ, અનિદ્રા, અવિચારી સરખામણીઓ, એકલતા અને અન્ય માનસિક સમસ્યાઓ વધવા લાગે છે. બીજી તરફ આ યુવાનો ઉપર એકેડેમિક પ્રેશર વધારે હોય છે. તેઓ પરીક્ષાઓ આપવા, કરિયર બનાવવી, સારી જોબ મેળવવી, બિઝનેસ કરવો જેવી બાબતોમાં સખત તણાવમાં, પારિવારિક સંઘર્ષમાં રહે છે. તે ઉપરાંત રિજેક્શન અને નિગ્લેક્ટ થવાનો ભય પણ તેમની મનોદશા ખરાબ કરી નાખે છે. આ સિવાય બીજા ગંભીર બાબત એ છે કે, યુવાનો ધાર્મિક અને આધ્યાત્મિકતાથી દૂર છે. તેઓ સમયાંતરે ધાર્મિક થાય છે પણ આધ્યાત્મિકતાને પામતા કે જીવનમાં ઉતારતા નથી. બીજી તરફ તેમનું ખાનપાન પણ અસર કરે છે. તેઓ પ્રોસેસ્ડ ફૂડ, ફાસ્ટ ફૂડની લત ધરાવતા થઈ ગયા છે તેના કારણે પણ શારીરિક અને માનસિક સમસ્યાઓ ભોગવી રહ્યા છે. તેના પગલે ડિપ્રેશનમાં જવાનું પ્રમાણ પણ વધ્યું છે. આ સિવાય મેન્ટલ હેલ્થ અંગે સમાજમાં ચોક્કસ જાગ્રતી નથી. તેને એક રોગ તરીકે જોવાય છે અને તેના કારણે લોકો પોતાની મનોદશા કોઈને જણાવતા નથી અને વધારે દુઃખી થાય છે. એકંદરે એવું કહી શકાય કે, સિંગલ ફેમિલી, સોશિયલ મીડિયા, સ્માર્ટ ફોન્સ, કમ્પેરિઝન, ખરાબ ખાનપાન અને નબળા સામાજિક માળખાને કારણે ભારત અને પશ્ચિમી દેશોના યુવાનો માનસિક રીતે વધારે નબળા થઈ રહ્યા છે.

# ભાજપ માટે શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ ગળાનું હાડકુ બન્યા



શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદએ કાશીથી ધર્મયુદ્ધની શરૂઆત કરી છે. ગાયને રાષ્ટ્રમાતા જાહેર કરવાની માગણી સાથે એમણે યાત્રા શરૂ કરી છે જે ૧૧મી માર્ચે લખનૌ પહોંચશે. આક્રમક અવિમુક્તેશ્વરાનંદના ભક્તોએ વહેંચેલી પત્રિકાઓમાં લખ્યું હતું કે, 'જિંદા હિન્દુ લખનૌ ચલે' અવિમુક્તેશ્વરાનંદજી લોકો વચ્ચે જઈને એવી રજુઆત કરી રહ્યા છે કે, હિન્દુ મતો દ્વારા ચૂટાયેલી સરકાર સામે ગાયને બચાવવા માટે આંદોલન કરવું પડે છે. એમ લાગે છે કે અવિમુક્તેશ્વરાનંદ ભાજપ માટે ગળાનું હાડકુ બન્યા છે. ભાજપના જ કેટલાક નેતાઓ અવિમુક્તેશ્વરાનંદને પડખે ઉભા છે. ઉત્તર પ્રદેશના ઉપમુખ્યમંત્રી કેશવપ્રસાદ મૌર્ય ખુલ્લેઆમ અવિમુક્તેશ્વરાનંદના ટેકામાં છે. અવિમુક્તેશ્વરાનંદ હિન્દુ ધર્મગુરુ હોવાથી ભાજપ ખુલીને એમનો વિરોધ પણ કરી શકે એમ નથી.

છેલ્લા કેટલાક દિવસોથી કોંગ્રેસ નરેન્દ્ર મોદી પર ધારદાર પ્રવાહો કરે છે. ખાસ કરીને મોદી ટ્રમ્પથી દબાયેલા હોવાની ટીકા થઈ રહી છે. કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લીકાર્જૂન ખડગેએ કહ્યું હતું કે ટ્રમ્પ સરમુખત્યાર છે અને મોદી એમના ગુલામ છે. ખડગેનો આરોપ છે કે ભારતની વિદેશનીતિ અને વેપારનીતિ હવે અમેરિકાના દબાણમાં ચાલી રહી છે. જેને કારણે દેશ અને ખેડૂતોને નુકસાન થઈ રહ્યું છે. કોઈપણ દેશના નેતાની હત્યાથી દુનિયામાં શાંતી રહી શકે નહીં. અલી ખામેનેઇ જેવા નેતાઓને નિશાન બનાવવામાં આવે છે એને કારણે આંતરરાષ્ટ્રીય કાયદા અને વૈશ્વિક સ્થિરતા માટે જોખમ ઉભુ થાય છે. અમેરિકાની વર્તણુક અભિમાની છે. પહેલા ભારત રશિયા, ઈરાન અને વેનેઝુએલા જેવા દેશો પાસે સસ્તા ભાવે ઓઈલ ખરીદતું હતું હવે અમેરિકાના દબાણ હેઠળ નિર્ણયો લેવામાં આવે છે. છેલ્લા કેટલાક સમયથી બિહારના રાજકારણમાં ચર્ચા ચાલી રહી હતી કે નિતિશકુમારના પુત્ર નિશાંતકુમાર ગમે ત્યારે રાજકારણમાં દાખલ થઈ શકે છે. જોકે જે પરિસ્થિતિમાં એમનો રાજકારણમાં પ્રવેશ થયો છે એની કલ્પના કોઈએ કરી નહોતી. નિતિશકુમારના રાજ્યસભામાં જવાના નિર્ણયને બીજે જ દિવસે નિશાંતકુમારના રાજકીય પ્રવેશનો નિર્ણય લેવામાં આવ્યો હતો. નિશાંતકુમાર પક્ષના સિનિયર નેતા સંજય ઝાની હાજરીમાં જેડીયુમાં જોડાયા. નિતિશકુમારે રાજ્યસભાનું નામાંકન ભર્યું ત્યારથી પક્ષના કાર્યકરો નારાજ છે. નિતિશકુમારની ગેરહાજરીમાં પક્ષ ધણીધોરી વગરનો થઈ ગયો છે. નિતિશકુમારની નજીક રહેલા મૂળ સમાજવાદીઓનું પણ માનવું છે કે નિતિશકુમાર દિલ્હી જશે તો બિહારમાં પક્ષનું અસ્તિતત્વ જોખમમાં છે. હવે નિશાંતકુમારને માથે પક્ષને ટકાવવાની જવાબદારી આવી પડી છે. આ ઉપરાંત નિશાંતકુમાર પર વારસાગત રાજકારણનો આક્ષેપ પણ થઈ શકે છે. લાલુ પુત્ર કે મુલાયમ સિંહ યાદવના પુત્રની જેમ નિશાંતકુમારને તૈયાર ભાણે જમવાનું મળવાનું નથી.


છેલ્લા ઘણા વર્ષોથી બીએસપીના પ્રમુખ માયાવતી ભાગ્યે જ મોદી સરકારની ટીકા કરે છે. ક્યારેક ફરજ પડે ત્યારે તેઓ લવીંગ કેરી લાકડીએ મોદી સરકારને ટપકારી લે છે. હમણા જ રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ પશ્ચિમ બંગાળના પ્રવાસે હતા ત્યારે મમતા બેનર્જીની સરકારે એમની સાથે અપમાનજનક અને અઘટીત વર્તન કર્યું હોવાની ફરિયાદ નરેન્દ્ર મોદીએ કરી હતી. મોટા ભાગના વિરોધપક્ષના નેતાઓ આ બાબતે મમતા બેનર્જીની પડખે ઉભા રહ્યા હતા. જોકે માયાવતીએ મોદીનો પક્ષ લઈને સમગ્ર ઘટનાને કમનસીબ ગણાવી હતી. માયાવતીએ મમતા બેનર્જીને શીખામણ આપતા કહ્યું હતું કે રાષ્ટ્રપતિ એક મહિલા હોવા ઉપરાંત આદિવાસી સમાજના છે. બંધારણીય હોદ્દા પર બેઠેલા તમામ લોકોને માન આપવું જોઈએ. પ્રોટોકોલનું માન જાળવવું પણ જરૂરી છે. આ બાબતે રાજકારણ કરવું જોઈએ નહીં.

પશ્ચિમ બંગાળમાં એસઆઈઆરના અભિયાનનો મુદ્દો હજી સળગી રહ્યો છે. સુપ્રિમ કોર્ટમાં ફરીથી પશ્ચિમ બંગાળ એસઆઈઆરનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. એટલું જ નહીં સુનાવણી વખતે સીએએ અરજદારોની અરજીનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો હતો. આ જોઈને જ સીજેઆઇ સુર્યકાંત ભડકી ગયા હતા. એમણે ચોખ્ખા શબ્દોમાં કહ્યું હતું કે શું સુપ્રિમ કોર્ટ પાસે પશ્ચિમ બંગાળ સિવાય બીજું કોઈ કામ નથી? જોકે એમણે અરજી ફગાવી દીધી નહોતી. સુપ્રિમ કોર્ટમાં સીજેઆઈની બેન્ચ સમક્ષ સિનિયર એડવોકેટ નેનકા ગોસ્વામીએ એસઆઈઆરમાં મતદારોના નામ હટાવવાનો મુદ્દો ઉઠાવ્યો હતો. એમણે કહ્યું હતું કે, જે મતદારોના નામ મતદાર યાદીમાંથી કાઢવામાં આવ્યા છે એમણે અગાઉ મતદાન કર્યું છે. હવે એમના દસ્તાવેજો સ્વિકારવામાં આવતા નથી. આ સાંભળીને સીજેઆઇ સૂર્યકાંતે તરત કહ્યું કે, કાર્યવાહી પ્રમાણે સુપ્રિમ કોર્ટ ન્યાયીક અધિકારીઓના નિર્ણયો પર અપીલની માફક સીધો નિર્ણય લઈ શકે નહીં. એ વખતે સીએએ અરજદારોની અરજીનો ઉલ્લેખ થયો હતો. એટલે સીજેઆઇ ગુસ્સે થઈ ગયા હતા.

દિલ્હીના લિકર સ્કેમ કેસમાં ટ્રાયલ કોર્ટે અરવિંદ કેજરીવાલ, મનીષ સિસોદિયા સહિત ૨૩ જેટલા આપના નેતાઓને ક્લીનચીટ આપીને નિર્દોષ જાહેર કર્યા છે. આ સાથે ટ્રાયલ કોર્ટે તપાસ કરનાર એજન્સી સીબીઆઈની પણ આકરી ટીકા કરી હતી. હવે હાઇકોર્ટે આ મામલે તપાસ અધિકારીઓ સામે કરવામાં આવેલી ટીપ્પણીઓ તેમજ સીબીઆઈના અધિકારીઓ સામે કાર્યવાહી કરવાના હુકમ પર સ્ટે આપી દીધો છે. કોર્ટે આ બાબતે ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સહિત ૨૩ આરોપીઓને નોટીસ આપીને જવાબ આપવા કહ્યું છે. સીબીઆઈએ કરેલી અપીલને સાંભળ્યા પછી કોર્ટે કહ્યું હતું કે, સામે પક્ષે કોઈ હાજર થયું નથી. તપાસ એજન્સી તરફથી કહેવામાં આવ્યું હતું કે, ટ્રાયલ કોર્ટે તપાસ કરનારા અધિકારીઓ અને એજન્સી વિરુદ્ધ કેટલીક તીખી ટીપ્પણીઓ કરી છે જેની જરૂર નહોતી. આ સાભળીને કોર્ટે તરત જ તપાસ એજન્સી અને અધિકારીઓ માટે કરવામાં આવેલી ટીપ્પણી પર સ્ટે આપી દીધો છે.

તામીલનાડુના શીવગંગામાં ૨૬ વર્ષના એક યુવકના મૃત્યુને કારણે રાજકારણ ગરમાયુ છે. વિરોધપક્ષ એઆઈએડીએમકેએ રાજ્ય સરકારની આકરી ટીકા કરી છે. પક્ષનો આક્ષેપ છે કે પોલીસે આકાશ ડેલીશન નામના યુવાનને ક્રૂરતાપૂર્વક ટોર્ચર કર્યો હતો જેને કારણે એનું મૃત્યુ થયું છે.

# લોકોને જ્યારે ખાતરી થશે કે તમારો વર્તમાન અને ભવિષ્ય સબળ છે, ત્યારે ત્યારે તેઓ તમારો ભૂતકાળ ઉખેડશે....



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આજે આપણે ચિંતનાત્મક લેખ માં જોઇએ તો ઘણા સમય પહેલાની વાત છે. એક ગામમાં એક વૃદ્ધ માણસ રહેતો હતો. તેને બે દીકરા હતા. વૃદ્ધ માણસ કરકસર કરતો હતો અને વસ્તુ ઓનો કરકસરથી ઉપયોગ કરતો હતો.

તેની પાસે એક જૂનું ચાંદીનું વાસણ હતું.તે તેની સૌથી કિંમતી સંપત્તિ હતી. તે તેને સુરક્ષિત રીતે બોક્સમાં બંધ રાખતો હતો. તેણે યોગ્ય તક મળે ત્યારે જ તેનો ઉપયોગ કરવાનો નિર્ણય લીધો હતો.એક દિવસ,એક સંત તેમના ઘરે આવ્યા. જ્યારે ભોજન પીરસવા માં આવી રહ્યું હતું, ત્યારે વૃદ્ધ માણસે ક્ષણભરમાં વિચાર્યું, 'શા માટે સંતને ચાંદીના વાસણમાં પીરસવામાં ન આવે?' પરંતુ બીજી જ ક્ષણે, તેણે વિચાર્યું, 'મારું ચાંદીનું વાસણ ખૂબ જ કિંમતી છે. હું આ ભટકતા સંત માટે તે શા માટે બહાર કાઢું? જ્યારે કોઈ રાજવી વ્યક્તિ મારા ઘરે આવે ત્યારે હું તે બહાર કાઢીશ.' આ વિચારીને, તેણે વાસણ બહાર કાઢ્યું નહીં.

થોડા દિવસો પછી, રાજાનો મંત્રી તેના ઘરે જમવા આવ્યો.તેસમયે પણ,વૃદ્ધ માણસે ચાંદીનું વાસણ બહાર કાઢવાનું વિચાર્યું. પણ પછી તેણે વિચાર્યું, 'આ રાજાનો મંત્રી છે. જ્યારે રાજા પોતે મારા ઘરે જમવા આવશે, ત્યારે હું મારું કિંમતી વાસણ બહાર કાઢીશ.'

થોડા દિવસો પછી, રાજા પોતે જમવા માટે તેના ઘરે આવ્યો. રાજા હમણાં જ એક પડોશી રાજ્ય સાથે યુદ્ધ હારી ગયો હતો, અને પડોશી રાજાએ તેના રાજ્યનો એક ભાગ કબજે કરી લીધો હતો. ભોજન પીરસતી વખતે, વૃદ્ધ માણસે વિચાર્યું, 'તાજેતરની હારથી રાજાની પ્રતિષ્ઠા ઓછી થઈ ગઈ છે. મારા વાસણમાંથી ફક્ત એક આદરણીય વ્યક્તિએ જ ખાવું જોઈએ.' એટલા માટે તેણે ચાંદીનું વાસણ બહાર કાઢ્યું નહીં.આમ,તેનું વાસણ બિન ઉપયોગી રહ્યું. એક દિવસ,વૃદ્ધ માણસનું અવસાન થયું.તેના મૃત્યુ પછી, તેના દીકરાએ તેનું વાસણ ખોલ્યું. તેને અંદર એક કાળું ચાંદીનું વાસણ મળ્યું. તેણે તેની પત્નીને તે બતાવ્યું અને પૂછ્યું,'આનું હું શું કરું?' પત્નીએ કાળા પડી ગયેલા વાસણ તરફ જોયું અને ભવાં ચડાવીને કહ્યું, 'ઓહ, આનું હું શું કરું? કેટલું ગંદુ વાસણ છે! કૂતરાને ખવડાવવા માટે તેને બહાર કાઢો.'

તે દિવસથી, ઘરનો પાલતુ કૂતરો તે ચાંદીના વાસણમાંથી ખાવા લાગ્યો.વૃદ્ધ માણસે જીવનભર એક ખાસ વ્યક્તિ માટે સાચવીને રાખેલા વાસણનું આખરે આ ભાગ્ય થયું.

ઉત્તમ સિદ્ધાંત તો એ જ છે કે, કદાપિ પાપ ન કરવું અને પાપનો વિચાર પણ ન કરવો. ભોગવ્યા વિના જેનો નાશ થતો નથી એ પાપપુણ્યનો ભોગવ્યા વગરનાશ થઈ શકે છે.પુણ્ય ભોગવવા પણ જન્મ લેવો પડે છે,તેથી તો ઋષિ ઓને છેવટે પુણ્યને પણશ્રીકૃષ્ણા ર્પણ કરવું પડે છે.પુણ્ય શ્રીકૃષ્ણા ર્પણ થઈ શકે છે, પણ પાપ તો ભોગવ્યે જ છુટકો. ભોગવ્યા વગર પ્રારબ્ધ કર્મનો કદી નાશ થતો નથી.કોઈ મહા પુરુષ, સંત પુરુષ કૃપા કરે,તો જ પાપની વાસના છૂટે છે.સંત પુરુષની ઢાલ લો તો બચી શકાય.એ તો જાણીતી વાત છે ઉનાળાનો કે,અંતરાત્માની પાપ કરવાની ઈચ્છા ન જ હોય તેમ છતાં પાપ થઈ જાય છે.ગીતામાં પણ અર્જુનનો આ પ્રશ્ન છે.આ સનાતન પ્રશ્ન છે. ભગવાનને તે પૂછે છે કે,મનુષ્યની ઈચ્છા ન હોય તેમ છતાં શાથી પાપમાં પ્રેરાય છે અને પાપ કરે છે? પાપ કરવાની ઈચ્છા ન હોવા છતાં તેને પાપ કેમ કરવું પડે છે?ત્યારે ભગવાન સમજાવે છે કે,કામ અને ક્રોધ રજોગુણમાંથી પેદા થયેલા છે અને તે માણસના મોટા શત્રુઓ છે.તે માણસને પાપમાં ઘસડી જાય છે. એટલા માટે રજોગુણ ઓછો કરો, સત્ત્વ ગુણ વધારો. પાપમાંથી બચવાનો એ રસ્તો છે.બાળકો અઘાસુરના મોંમાં તાળી પાડતાં પ્રવેશે છે. તાળી પાડવાથી એમનો નાદબ્રહ્મ માં લય થાય છે અને પછી પર બ્રહ્મમાં મનનો લય થાય છે.

અઘાસુરનો વધ ભગવાને પાંચ વર્ષની ઉંમરે કરેલો.તેમ છતાં આ અઘાસુર વધની કથા ગોપ બાળકોએ પોતાની માતાઓને ભગવાનના છઠ્ઠે વર્ષે કહી, એટલે કે એક વર્ષ પછી કહી છે. એનું કારણ પણ સમજવા જેવું છે. ભાગવતની સમાધિ ભાષાનો આ ચમત્કાર છે.

શુકદેવજીને સમાધિમાં એ કારણ દેખાય છે. તેઓ કહે છે કે, બ્રહ્મા આ ગોપ બાળકોનું અપહરણ કરી ગયેલા અને એક વર્ષ પછી ગોપ બાળકો બ્રહ્મલોકમાંથી પાછાં આવ્યાં. તેથી તેઓએ આ કથા પોતાની માતાઓને એક વર્ષ પછી કહી.

પરમાત્મા દિવ્ય રસ સ્વરૂપ છે. તેથી 'રસો વૈ સઃ અર્થાત્ રસ એ જ એ' એમ કહે છે. તેની સાથે મિલન એ રાસ. રાસ એટલે બ્રહ્મમિલન, બ્રહ્મસંબંધ. રાસ એટલે શ્રીકૃષ્ણસંબંધ.

ગાયોની ઈચ્છા હતી, અમારે પ્રભુ સાથે એક થવું છે. જેથી શ્રીકૃષ્ણ વાછરડા બની અમને ધાવે અને અમે કૃતાર્થ થઈએ અને અમારો બ્રહ્મસંબંધ થાય. ગાયને વાછરડો ધાવે છે. આ અદ્વૈત કેવું છે તે બીજો કોઈ જાણી શકે નહીં. એ ગાય જાણે અને વાછરડો જાણે.

ગોકુળમાં વૃદ્ધા ગોપીઓ હતી. તેની ઈચ્છા હતી કે અમે કનૈયાને રમાડીએ. આ ગોપીઓ મનથી શ્રીકૃષ્ણને મળતી.માનસિક મિલનમાં આનંદ છે, પણ પ્રત્યક્ષ મિલનની ઉત્કંઠા આ ગોપીઓને થાય છે.

આધાસુરના પેટમાંથી વાછરડાં ઓ અને બાળકો બહારઆવ્યાં. બાળકો કનૈયાને કહે છે કે, કનૈયા, અમને ભૂખ લાગી છે, અમારે જમવું છે.શ્રીકૃષ્ણ ભગવાન કહે છેકે,ચાલો, આપણે ચમુનાકિનારે ભોજન કરીએ.વાછરડાં ભલે નિરાંતે ચરે.

ભગવાન શ્રીકૃષ્ણની ચારે બાજુ એ બાળકો એકબીજાને અડીને બેઠાં છે.પદ્મવ્યૂહ કરી બાળકો સાથે ભોજન કરવા બેઠાં છે. પદ્મવ્યૂહ એટલે કમળની જેમ. પ્રત્યેક બાળકની ઈચ્છા છે કે, હું શ્રીકૃષ્ણને સ્પર્શ કરી બેસું. કનૈયાને મારા ઘરની સામગ્રી આરોગાવું. દૂર બેસે તો તે કેમ થઈ શકે?એટલે કમળના ગર્ભની જેમ મધ્યમાં શ્રીકૃષ્ણ છે. આમ પરમાત્માએ દરેક બાળકને એવો અનુભવ આપ્યો કે,હું તારી પાસે જ છું.

શ્રીકૃષ્ણે રાસલીલામાં પ્રત્યેક ગૌપીને અનુભવ કરાવ્યો કે, હું તારી પાસે જ છું. તે જ પ્રમાણે ગોષ બાળકોને પદ્મવ્યૂહની રચના કરી અનુભવ આપ્યો કે, હું તારી પાસે જ બેઠેલો છું. ઈશ્વર દૂર જાય તો આનંદ મળતો નથી.પ્રત્યેક ગોપ બાળક ને સ્પર્શનો આનંદ આપ્યો છે. બ્રહ્મસ્પર્શ વગર આનંદ નથી.

આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

૧૦ માર્ચના, ૨૦૨૬ના રોજ નડિયાદ ગ્રામ્ય, કપડવંજ, ઠાસરા, ગળતેશ્વર, ફાગવેલ, ખેડા, મહેમદાવાદ, કઠલાલ, માતર, મહુધા અને વસો ખાતે યોજાયો સેવાસેતુ કાર્યક્રમ

# સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત જિલ્લાના નાગરીકોને મળ્યો સરકારની અનેકવિધ સેવાઓનો લાભ



**નડિયાદ, તા.10**

રાજ્ય સરકાર દ્વારા જનસેવાને વધુ સરળ, પારદર્શક અને સુલભ બનાવવા 'સેવા સેતુ ૨.૦' કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત ૧૦ માર્ચના, ૨૦૨૬ના મંગળવારે કપડવંજની આંબલીયારા પ્રાથમિક શાળા, ઠાસરાની આગરવા પ્રાથમિક શાળા, ગળતેશ્વરની મેનપુર પ્રાથમિક શાળા, ફાગવેલની વડોલ પ્રાથમિક શાળા, ખેડાની સારસા પ્રાથમિક શાળા, મહેમદાવાદની કાચ્છાઈ પ્રાથમિક શાળા, કઠલાલની કાણીયેલ પ્રાથમિક શાળા, માતરની લીંબાસી પ્રાથમિક શાળા, નડિયાદ ગ્રામ્યની મહોળેલ પ્રાથમિક શાળા, મહુધાની વડથલ પ્રાથમિક શાળા અને વસોની રામોલ પ્રાથમિક કુમાર શાળા ખાતે સેવા સેતુ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં, વિવિધ ગામના લોકોએ આવકનો દાખલો, જન્મનું પ્રમાણપત્ર, આકરણી, આરોગ્યની સેવાઓ, પ્રધાનમંત્રી આયુષ્યમાન કાર્ડ, ખેતી, પશુપાલન, બેન્ક વગેરે વિભાગો દ્વારા ચાલતી સરકારની અનેકિધ યોજનાઓ અને સેવાઓનો લાભ લીધો હતો.

કપડવંજની આંબલીયારા પ્રાથમિક શાળા ખાતે આયોજિત સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત આંબલીયારા, દાણા, વાસણા, મીરાપુરા, સાલોડ, રમોસડી, સાવલી, સોરણા, રામપુરા, વેજલપુર અને દહીઅપ ગામાના લોકોએ સરકારની કલ્યાણકારી સેવાઓ અને યોજનાઓનો લાભ લીધો હતો. એવી જ રીતે ઠાસરાની પ્રાથમિક શાળા આગરવા ખાતે ઢુણાદરા, કાલસર, નેશ, વણોતી, આગરવા, વિઝોંલ, પાંડવણીયા, જાખેડ, રખીયાલ, સીમલજ અને ઢંડી ગામના લોકોએ; ગળતેશ્વરની પ્રાથમિક શાળા મેનપુર ખાતે આયોજિત ક્રાયક્રમમાં વનોડા, મેનપુરા, મહીઈટાડી, કુણી, ટીંબાના મુવાડા અને સાંગો ગામના લોકોએ; ફાગવેલ તાલુકામાં વડોલ પ્રાથમિક શાળામાં ચિખલોડ, દનાદરા, માલઈટાડી પગી ભાગ, માલઈટાડી બારૈયા ભાગ, વડોલ, ખડોલ અને બારૈયાના મુવાડાના લોકોએ; ખેડા તાલુકાની સારસા પ્રાથમિક શાળા ખાતે વાસણા મારીયા, લાલી, ઉમિયાપુરા, મહીજ, બીડજ, સારસા, સાંખેજ, સમાદરા, વૈકુંઠપુરા, કાજીપુરા અને વાસણા ખુર્દ ગામના લોકોએ; મહેમદાવાદની પ્રાથમિક શાળા કાચ્છાઈ ખાતે આયોજિત કાર્યક્રમમાં કાચ્છઈ, બાવરા, ગોઠાજ, ગાડવા, સમસપુર, ખંભાલી, છાપરા, કતકપુરા, વિરોલ, ઈયાવા અને વરસોલાના ગ્રામજનોએ; માતર તાલુકાની લીંબાસી પ્રાથમિક શાળા ખાતે નધાનપુર, પુનાજ, કુંજરા, બરોડા, પાલ્લા, અસામલી, મરાલા, નગરામા, ખરેંટી, માલાવાડા, વસઈ, રણાસર અને લીંબાસીના ગ્રામજનોએ; કઠલાલ તાલુકાની પ્રાથમિક શાળા કાણીયેલ ખાતે ખડાલ, નાની ભણાવત, ગંગાસાસના મુવાડા, સિપાઈની મુવાડી, હાથીયાની મુવાડી, મનોરની મુવાડી, મોટી ભણાવત, ભગતના મુવાડા, લાખામીયાના મુવાડા અને ગુગળીયાના લોકોએ; નડિયાદ ગ્રામ્યમાં પ્રાથમિક શાળા મહોળેલ ખાતે આયોજિત કાર્યક્રમમં મહોળેલ, અરજનપુર કોટ, નાનાવગા, જાવોલ, પાલૈયા, પાલડી, મોંઘરોલી, સોડપુર, અંધારી આંબલી, બોરીયા અને ચાંપાજીની મુવાડી ગ્રામજનોએ; મહુધાની વડથલ પ્રાથમિક શાળા ખાતે ખાંડીવાવ, મહેમદાવાદના મુવાડા, ફિણાવ, ઘંઘોડી, ફલોલી, ભુમસ, ડડુસર, મીનાવાડા અને રૂપપુરા ગામના લોકોએ તથા વસો તાલુકાની રામોલ પ્રાથમિક શાળા ખાતે આયોજિત સેવાસેતુ કાર્યક્રમમાં રામોલ, પેટલી, કલોલી, રૂણ, નવાગામ, (પે) થેલડી, મિત્રાલ, દેવાવાંટા, વસો, રામપુર અને ગંગાપુરના ગ્રામીણોએ વિવિધ યોજનાકીય સેવાઓનો લાભ લીધો હતો.

આ તકે સંબધિત તાલુકાઓના મામલતદારઓ, તાલુકા વિકાસ અધિકારીઓ, તાલુકાના પદાધિકારીઓ સહિત અન્ય મહાનુભાવો, અધિકારીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## 46 લાખના તરતા સોના સાથે બે ઝડપાયા: સ્પર્મ વ્હેલની ઉલ્ટી અમદાવાદથી રાજકોટ લઈને વેચાણ અર્થે આવ્યા હતા



**રાજકોટ, તા.10**

રાજકોટમાંથી ફરી એક વખત 46.20 લાખની સ્પર્મ વ્હેલ માછલીની ઉલ્ટી (એમ્બરગ્રીસ) સાથે બે શખ્સોને શહેર SOG પોલીસે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જેમાં અમદાવાદના બે શખ્સો વ્હેલ માછલીની ઉલ્ટી અમદાવાદના જ આરીફ નામના શખ્સ પાસેથી લઈ અને એસટી બસ મારફત રાજકોટ વેચાણ અર્થે આવ્યા હતાં. રાજકોટમાં ગ્રાહકની શોધમાં રહી આ એમ્બરગ્રિસનો જથ્થો વેચે તે પહેલા જ રાત્રીના સમયે શહેર SOG પોલીસે બન્ને શખ્સોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસ તપાસમાં બન્ને શખ્સોએ કબૂલાત આપી હતી કે, અમદાવાદના આરીફ નામના શખ્સે આ જથ્થો વેચવા માટે આપ્યો હતો અને વેચાણ પર રૂપિયા 10,000 કમિશન આપશે તેવું જણાવ્યું હતું. જેથી પોલીસે અમદાવાદના આરીફ નામના શખ્સની શોધખોળ હાથ ધરી છે.

રાજકોટ શહેર SOG દ્વારા એમ્બરગ્રીસ એટલે કે વ્હેલ માછલીની ઉલ્ટી સાથે બે શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. જેની પાસેથી પોલીસે રૂપિયા 46.20 લાખની કિંમતનો એમ્બરગ્રીસનો જથ્થો ઝડપી પાડ્યો છે. ઝડપાયેલા આરોપીના નામ સુમિત શ્રીકાંત ધુમલ (ઉ.વ.37) અને મયુર મહેન્દ્રભાઈ ભાવસાર (ઉ.વ.19) છે જે મૂળ અમદાવાદના વતની હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

પકડાયેલ આરોપી વ્હેલ માછલીની ઉલ્ટી (એમ્બગ્રીસ) અમદાવાદના આરીફ નામના શખ્સ પાસેથી લઈ વેચાણ માટે એસટી બસ મારફત રાજકોટ આવ્યા હતા. રાજકોટમાં ગ્રાહકોની શોધખોળ કરે તે પહેલા ચોક્કસ બાતમીના આધારે SOG દ્વારા બન્ને આરોપીઓને એમ્બરગ્રીસના 0.462 કિલોગ્રામ જથ્થા સાથે ઝડપી પાડવામાં આવ્યા છે જેની ધરપકડ કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

હાલ પોલીસે આરોપી પાસેથી કબ્જે કરેલ વ્હેલ માછલીની ઉલ્ટી (એમ્બગ્રીસ) રેન્જ ફોરેસ્ટ ઓફીસર તેમજ FSL અધિકારીઓ પાસે પરીક્ષણ/તપાસ અર્થે મોકલી આરોપીની અટકાયત કરી તપાસ વનવિભાગના કાર્યક્ષેત્રને લગતી હોય જેથી વધુ તપાસ અર્થે વનવિભાગના અધિકારી રાજકોટને સોંપવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે વ્હેલ માછલીની ઉલ્ટી તરતું સોનુ માનવામાં આવે છે અને ભારતના વન્યજીવન સંરક્ષણ અધિનિયમ, 1972 હેઠળ સ્પર્મ વ્હેલને સંરક્ષિત પ્રજાતિ તરીકે સૂચિબદ્ધ કરવામાં આવી છે અને એનાં ખરીદ-વેચાણ ગેરકાયદે જાહેર કરવામાં આવેલ છે.

વ્હેલની ઊલટી બનવાની પ્રોસેસ પ્રકૃતિની સૌથી વિચિત્ર ઘટનાઓમાંની એક છે. સાયન્સ પણ આ વાતને ખાતરીપૂર્વક જાણી શક્યું નથી કે આખરે વ્હેલની ઊલટી બનવાનું કારણ શું હોય છે.? કેટલીકવાર જ્યારે માંસનો ટુકડો વ્હેલના પેટમાંથી તેના આંતરડામાં પ્રવેશે છે ત્યારે વ્હેલના શરીરમાં થતી એક જટિલ પ્રક્રિયાથી એ વ્હેલની ઊલટી બને છે, જેને વ્હેલ ઓકી નાખે છે. 1783માં જર્મન ફિઝિશિયન ફ્રેન્ઝ સ્વેઈગરે એને 'કઠોર વ્હેલના છાણ' તરીકે ઓળખાવ્યું હતું.

સેવાસેતુ કાર્યક્રમ 2.0 કાર્યક્રમ-2026- 16 માર્ચ

## 16 માર્ચના રોજ પાંચ તાલુકા કપડવંજ, ઠાસરા, ગળતેશ્વર, મહેમદાવાદ અને કઠલાલમાં સેવાસેતુ કાર્યક્રમ યોજાશે

**નડિયાદ, તા.10**

તા. ૧૬ માર્ચના રોજ કપડવંજ, ઠાસરા, ગળતેશ્વર, મહેમદાવાદ અને કઠલાલ તાલુકાઓમાં સેવાસેતુ કાર્યક્રમો યોજાશે. જેમાં કપડવંજની પ્રાથમિક શાળા કાશીપુરા ખાતે થવાદ, કાશીપુરા, સુકી, વાલવા મહુડા, કાવઠ, ફતેપુરા, વડાલી, લાલપુર (વ) દંતાલી ગામના લોકો માટે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે.

તેવી જ રીતે ઠાસરાની પ્રાથમિક શાળા ગુમડીયા ખાતે સાંઢેલીયા, શાહપુર, બાધરપુરા, ઉધમાતપુરા, જલાનગર, ઔરંગપુર, મરધાકુઇ, ઉંબા, વમાલી, કોતરીયા, ગુમડીયા અને ઉપલેટ ગામના લોકો માટે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે.

ગળતેશ્વર તાલુકાની પ્રાથમિક શાળા વાંઘરોલી ખાતે વાંઘરોલી, બલાઢા, સનાદરા, પાલૈયા, જરગાલ, સોનૈયા, રોઝવા અને ડભાલી ખાતે યોજાશે. મહેમદાવાદ તાલુકાની પ્રાથમિક શાળા આમસરણ ખાતે આમસરણ, સાદરા, મલાતજ, વડદલા, પહાડ, રાસ્કા, કનીજ, રોહિસ્સા, નેનપુર, જીંજર ખાતે યોજાશે.

કઠલાલ તાલુકાની પ્રાથમિક શાળા બગડોલ ખાતે છીપીયાલ, ભરકુંડા, અભરીપુરા, બગડોલ, પિઠાઈ, સરાલી, જમાણી અને જીતપુર તાલુકાના ગ્રામીણો માટે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તમામ જિલ્લાવાસીઓને આ સેવાસેતુ કાર્યક્રમોનો લાભ લેવા અપીલ કરવામાં આવે છે.

## શાહપુર અને સરદારનગરમાં પીસીબીના દરોડા

### રિવરફ્રન્ટ મેટ્રો બ્રિજ પાસે રીક્ષામાંથી 102 લિટર દેશી દારૂ અને કુબેરનગરમાં 300 વિદેશી દારૂની બોટલો ઝડપાઈ



**અમદાવાદ, તા.10**

અમદાવાદના શાહપુર વિસ્તારમાં ભવન્સ કોલેજ નજીક મેટ્રો બ્રિજ પાસે મોડી રાત્રે પીસીબીએ 102 લીટર દેશી દારૂનો જથ્થો રીક્ષામાંથી ઝડપી પાડ્યો હતો. જ્યારે રીક્ષાચાલક અંધારાનો લાભ લઈને નાસી છૂટ્યો હતો. પોલીસે રીક્ષા નંબરના આધારે હાલ આરોપીની શોધખોળ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ પીસીબીની ટીમને બાતમી મળી હતી કે, શાહપુર સાબરમતી રિવરફ્રન્ટ તરફથી વિઠ્ઠલ સૈયદની ચાલી પાસેથી એક રીક્ષામાં દેશી દારૂનો જથ્થો પસાર થવાનો છે. જેના આધારે ભવન્સ કોલેજની આગળ મેટ્રો બ્રિજ નીચેના તરફ ખુલ્લા મેદાન પાસે વોચ ગોઠવી રીક્ષાને ઉભી રાખવામાં આવી હતી.

જોકે રીક્ષાચાલક રીક્ષા મૂકી અને અંધારાનો લાભ લઈને નાસી ગયો હતો. અંધારામાં તેને પકડવા માટે દોડ્યા હતા, પરંતુ અંધારું વધારે હોવાના કારણે તેનો લાભ લઈને નાસી છૂટ્યો હતો. જ્યારે રીક્ષામાં પોલીસે તપાસ કરી તો પાછળના ભાગે પેસેન્જર સીટ પર અલગ અલગ છ જેટલા મોટા પ્લાસ્ટિકના થેલા મળી આવ્યા હતા. જે થેલાની અંદર તપાસ કરતાં દેશી દારૂની થેલીઓ મળી આવી હતી. 102 લીટર જેટલો મોટા પ્રમાણમાં દેશી દારૂનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો અને રીક્ષા નંબરના આધારે હાલ પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

શહેરના સરદારનગર વિસ્તારમાંથી પણ પીસીબી દ્વારા વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તાર આવતાં કુબેરનગર નહેરુનગરના મકાન આદર્શનગર સ્કૂલ પાછળ આવેલા ઈલે.પોલ નંબર KF 2143ની સામે આવેલી એક સીડી વાળા મકાનમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની નાની મોટી સિલબંધ બોટલો તથા બીયરના ટીન મળી કુલ બોટલ નંગ 301 કિ.રૂ. 1,91,142ની જપ્ત કરવામાં આવી છે. પીસીબીની ટીમે બાતમીના આધારે કુબેર નગર વિસ્તારમાં આવેલા મકાનમાં દરોડો પાડ્યો હતો. સપના ઉર્ફે બળેલી સુકેન ગારંગે રહે.કુબેરનગર અને નીતેશભાઇ શેતાનસીંહ મીણેકર રહે. 38 ચાલીસ મકાન સરદાર ગ્રામ રેલ્વે સ્ટેશન પાસે કુબેરનગરને વોન્ટેડ જાહેર કરવામાં આવી છે.

## ૧૨ માર્ચ, ૨૦૨૬ના રોજ કપડવંજ, ઠાસરા, ખેડા, મહેમદાવાદ, કઠલાલ, માતર, નડિયાદ ગ્રામ્ય, અને મહુધાના વિવિધ સ્થળો ખાતે યોજાશે સેવાસેતુ કાર્યક્રમ

**નડિયાદ, તા.10**

ખેડા જિલ્લામાં ૦૭ થી ૨૧ માર્ચ દરમિયાન સેવાસેતુ કાર્યક્રમોનું આયોજન છે. જે અંતર્ગત ૧૨ માર્ચ ૨૦૨૬ના ગુરુવારના રોજ કપડવંજની પ્રાથમિક શાળા અંતિસર, ઠાસરાની પ્રાથમિક શાળા મંજીપુરા, ખેડાની પ્રાથમિક શાળા ગોબલજ, મહેમદાવાદની પ્રાથમિક શાળા વાંઠવાડી, કઠલાલની માધ્યમિક શાળા છિપડી, માતરની પ્રાથમિક શાળા પરિએજ, નડિયાદ ગ્રામ્યની પ્રાથમિક શાળા અરેરા અને મહુધાની પ્રાથમિક શાળા ચુણેલ ખાતે સેવાસેતુ કાર્યક્રમો યોજાશે. જેમાં, કપડવંજની પ્રાથમિક શાળા અંતિસર ખાતે આમલપુરા, અંતિસર, ભૂતિયા, ઘંઉઆ, સુણદા, દુઘાથલ, વડઘરા, સુલતાનપુર (વડઘરા), રેલીયા, તૈયબપૂરા, જગુડુપુર, લેટર અને ગરોડ ગામના લોકો માટે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે. મહેમદાવાદની પ્રાથમિક શાળા વાંઠવાડી ખાતે વાંઠવાળી, કેસરા, અરેરી, ખાત્રજ, સિંહુજ, વમાલી, સુંઢા, વણસોલ સુંઢા, નવાગામ, દોલપુરા, દેવકી વણસોલ અને જીભાઈપુરા; કઠલાલની માધ્યમિક શાળા છીપડી ખાતે મીરજાપુર, સરખેજ, ખલાલ, મુડેલ રતનપુર, ગાડવેલ, અરાલ, છીપડી, ગંગીયાલ, વાંટડા, પાટો; માતરની પ્રાથમિક શાળા પરિએજ ખાતે સાયલા, ઈન્દ્રવર્ણા, સીંજીવાડા, બામણગામ, દલોલી, વિરોજા, ભલાડા, શેખુપુર, ચાનોર, હાડેવા, વાલોત્રી, વસ્તાણા, મહેમદાવાદ અને પરીએજ; નડિયાદ ગ્રામ્યની પ્રાથમિક શાળા અરેરા ખાતે અરેરા, હાથનોલી, સિલોડ, અંધજ, આલજડા, દવાપુરા/એરંડીયાપુરા, વીણા, દાવડા, દેગામ તથા મહુધાની પ્રાથમિક શાળા ચુણેલ ખાતે ખલાડી, બલાડી, હેંરજ, નગવાલ, શેરી અને સાસ્તાપુર ગામના લોકો માટે સેવાસેતુ કાર્યક્રમો યોજાશે. આથી ઉપરોક્ત તમામ ગામના લોકોને સેવાસેતુ કાર્યક્રમોનો લાભ લેવા અપીલ કરવામાં આવે છે.

## માતરના ધારાસભ્ય કલ્પેશ પરમાર વસો તાલુકાના પલાણા ગામે સેવા સેતુ 2.0 કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા

### જિલ્લા વિકાસ અધિકારી જયંત કિશોરે વસો તાલુકાના રામોલ ગામ ખાતે સેવા સેતુ 2.0 કાર્યક્રમની મુલાકાત લીધી



**નડિયાદ, તા.10**

આજરોજ વસો તાલુકાના પલાણા ગામે સેવા સેતુ 2.0 ખુલ્લો મુકાયો હતો. આ પ્રસંગે માતરના ધારાસભ્ય કલ્પેશ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સરકારના ૧૩ વિભાગોની ૫૫ જેટલી વિવિધ યોજનાઓનો લાભ સુચારૂ રીતે લોકોને ઘર આંગણે મળી રહે તે પ્રકારે કામગીરી કરવામાં આવી હતી તેની મુલાકાત લીધી હતી. તેમણે જણાવ્યું હતુ કે 'સેવા સેતુ' એટલે સરકાર અને જનતા વચ્ચેના અંતરને ઓછું કરવાનો એક મજબૂત સેતુ છે. સરકારી સેવાઓનો વ્યાપ વધારવા આ કાર્યક્રમ હેઠળ પાયાની અનેક સેવાઓ એક જ છત નીચે પૂરી પાડવામાં આવે છે. આજરોજ જિલ્લા વિકાસ અધિકારી જયંત કિશોરે પણ વસો તાલુકાના રામોલ ગામ ખાતે સેવા સેતુ 2.0 કાર્યક્રમની મુલાકાત લીધી હતી. તેમણે દરેક વિભાગોને લોકો સુધી તમામ આવશ્યક સુવિધાઓ સુવ્યવસ્થિત રીતે મળી રહે તે સુનિશ્ચિત કરવા માટે સૂચનો કર્યા હતા. તેમજ ગામ લોકોને જરૂરી સુવિધાઓ મળી રહે તે માટે માર્ગદર્શન આપતા જણાવ્યું હતુ કે,' ગુજરાત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ 'સેવા સેતુ 2.0' કાર્યક્રમનો મુખ્ય હેતુ વહીવટી પ્રક્રિયાને વધુ સરળ, પારદર્શક અને લોકોના ઘર સુધી પહોંચાડવાનો છે. સેવા સેતુ 2.0 ટેકનોલોજીનો ઉપયોગ કરીને વહીવટમાં ઝડપ લાવે છે. તે 'ન્યૂ ઈન્ડિયા' ના વિઝનને અનુરૂપ છે, જ્યાં છેવાડાના માનવી સુધી સુવિધાઓ પહોંચાડવાનું લક્ષ્ય છે. પલાણા ગામે વસો તાલુકા પંચાયત પ્રમુખ રીંકાબેન પટેલ તથા અને તાલુકા પંચાયતના સદસ્યો, ગામના આગેવાનો, જિલ્લાના નોડલ અધિકારી સ્ટેમ્પ ડ્યુટી નાયબ કલેકટર ઝાલા, તાલુકા વિકાસ અધિકારી પારસ ચૌહાણ, મામલતદાર તેમજ રામોલ ગામે પણ તાલુકાના તમામ અધિકારી કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને સ્થળ પર જ લોકોની અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો હતો.

## એલોવેરા પાવડરના બહાને 'સ્પેસ ઓઈલ'નો કાળો કારોબાર: ગુજરાત ATSએ સુરતથી વધુ બે આરોપીઓની ધરપકડ કરી



**અમદાવાદ, તા.10**

ગુજરાત ATSએ વિદેશમાં પ્રતિબંધિત એટોમેડિટ ડ્રગ્સ જેને સ્પેસ ઓઈલ તરીકે પણ ઓળખવામાં આવે છે તેનો જથ્થો ભારતથી ખોટું લેબલ લગાવીને મોકલનાર બીજા બે આરોપીની ધરપકડ કરી છે. અગાઉ ATSએ આ કેસમાં એક આરોપીની ધરપકડ કરી હતી. ત્રણેય આરોપીઓ પોતાની ફાર્મા કંપનીના નામે એલોવેરા પાવડરના લેબલ લગાવીને પ્રતિબંધિત ડ્રગ્સ વિદેશમાં મોકલતા હતા.

ગુજરાત ATSને બાતમી મળી હતી કે, મુંબઈ એરપોર્ટથી ઓટોમેટીક પાવડરનો જથ્થો થાઈલેન્ડ, મલેશિયા, સિંગાપુર સહિતના દેશોમાં ખોટા બિલ અને ખોટા કસ્ટમ ક્લિયરન્સના કાગળો બનાવીને એલોવેરા પાવડર નામથી ખોટું લેબલ લગાવીને એક્સપોર્ટ કરવામાં આવે છે. જેથી ATSએ ગુનો નોંધી નિકુંજ ગઢિયા નામના એક આરોપીની સુરતથી ધરપકડ કરી હતી. જે બાદ તપાસમાં ચેતન વાવડીયા અને ભૌતિક પદમણી નામના આરોપીઓના પણ નામ ખુલ્યા હતા.

ATSએ સુરતથી ચેતન અને ભૌતિકની પણ ધરપકડ કરી હતી. તપાસ દરમિયાન આ ત્રણેય આરોપીઓ પોતપોતાની અલગ અલગ ફાર્મા કંપનીના આધારે ઓટોમેટીક ડ્રગ્સ ખરીદતા હતા અને તેને ખોટું લેબલ લગાવીને અલગ અલગ દેશોમાં સપ્લાય પણ કરતા હતા. અત્યાર સુધી આરોપીઓએ 100 કિલોથી વધુ સપ્લાય પણ કર્યું છે. ત્રણેયની હાલ ધરપકડ કરવામાં આવી છે. ATSની ટીમે મુંબઈમાં તપાસ કરતા એરપોર્ટ પરથી 22 કિલો જથ્થો પણ મળી આવ્યો છે.

એટોમેડિટ ભારતમાં હાલ પ્રતિબંધિત નથી, કારણ કે મેડિકલમાં એનેથેસિયામાં તેનો ઉપયોગ થઈ રહ્યો છે, પરંતુ થાઈલેન્ડ, મલેશિયા, સિંગાપુર સહિતના દેશોમાં આ પ્રતિબંધિત ડ્રગ્સ છે. આ ડ્રગ્ નો ઉપયોગ ત્યાં લોકો નશો કરવા માટે કરે છે. એટોમેટીટને વિદેશમાં સ્પેસ ઓઈલના નામથી પણ ઓળખાય છે. કારણકે એકવાર તેનો નશો કર્યા બાદ ઉડવાની ફીલિંગ લોકો લેતા હોય છે. વધુ પડતા સેવનના કારણે વ્યક્તિનું મોત પણ થઈ શકે છે.

## AC કમ્પ્રેસરમાં બ્લાસ્ટ બાદ આગથી અફરાતફરી: મહિધરપુરાની આંગડિયા પેઢીમાં આગથી સામાન બળીને ખાખ



**સુરત, તા.10**

સુરત શહેરમાં છેલ્લા બે દિવસથી આકાશમાંથી અગનગોળા વરસી રહ્યા છે. વધતા જતા તાપમાનની સાથે જ શહેરમાં આગના બનાવોમાં પણ ચિંતાજનક ઉછાળો જોવા મળ્યો છે. આજે શહેરના વ્યસ્ત ગણાતા મહિધરપુરા વિસ્તારમાં આવેલી એક જાણીતી આંગડિયા પેઢીમાં એસીના કોમ્પ્રેસરમાં બ્લાસ્ટ થતા ભીષણ આગ ફાટી નીકળી હતી. સદનસીબે, આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

મળતી માહિતી પ્રમાણે, મહિધરપુરા ખાતે આવેલી SP આંગડિયા પેઢીમાં આજે સામાન્ય દિવસની જેમ કામકાજ ચાલી રહ્યું હતું. આ દરમિયાન અચાનક એસીના કોમ્પ્રેસરમાં ધડાકા સાથે બ્લાસ્ટ થયો હતો અને જોતજોતામાં ઓફિસમાં આગ પ્રસરી ગઈ હતી. આગ લાગતા જ વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

ઘટના સમયે ઓફિસમાં બે કર્મચારીઓ હાજર હતા, જેઓ સમયસૂચકતા વાપરીને તુરંત બહાર નીકળી જતાં તેમનો આબાદ બચાવ થયો હતો. આગની જાણ થતા જ સુરત ફાયર વિભાગની ટીમો હરકતમાં આવી હતી. ત્રણ અલગ-અલગ ફાયર સ્ટેશનની કુલ 4 ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો.

આગ એટલી પ્રચંડ હતી કે ઓફિસમાં રહેલું ફર્નિચર, પંખા અને તમામ ઈલેક્ટ્રિક વાયરિંગ બળીને ખાખ થઈ ગયું હતું. જોકે, રાહતની વાત એ રહી કે આંગડિયા પેઢીમાં રાખવામાં આવેલી રોકડ રકમ સળગતા બચી ગઈ હતી. ફાયર વિભાગ અને હાજર લોકોની મદદથી 1.10 લાખની રોકડ સહી-સલામત બહાર કાઢી માલિકને પરત સોંપવામાં આવી હતી.

સુરતમાં ગરમીનો પારો સતત વધી રહ્યો છે, જેના કારણે ઈલેક્ટ્રિક ઉપકરણો પર લોડ વધતા શોર્ટ સર્કિટ અને બ્લાસ્ટની ઘટનાઓ વધી છે. આજે વહેલી સવારથી સાંજ પાંચ વાગ્યા સુધીમાં જ સુરત શહેરમાં અલગ-અલગ જગ્યાએ આગના કુલ 7 બનાવો નોંધાયા છે, જે વહીવટી તંત્ર અને નાગરિકો માટે ચિંતાનો વિષય છે. હાલમાં મહિધરપુરાની ઘટનામાં આગ લાગવાનું પ્રાથમિક કારણ એસી બ્લાસ્ટ માનવામાં આવે છે, પરંતુ ફાયર વિભાગ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આ દરમિયાન અચાનક એસીના કોમ્પ્રેસરમાં ધડાકા સાથે બ્લાસ્ટ થયો હતો અને જોતજોતામાં ઓફિસમાં આગ પ્રસરી ગઈ હતી. આગ લાગતા જ વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટના સમયે ઓફિસમાં બે કર્મચારીઓ હાજર હતા, જેઓ સમયસૂચકતા વાપરીને તુરંત બહાર નીકળી જતાં તેમનો આબાદ બચાવ થયો હતો. આગની જાણ થતા જ સુરત ફાયર વિભાગની ટીમો હરકતમાં આવી હતી.

# T20 વર્લ્ડકપનો અસલી હીરો: લાઇમલાઇટથી દૂર રહી જીત્યું દિલ





**નવી દિલ્હી, તા.10**

સંજુ સેમસન ક્રિકેટની દુનિયામાં માત્ર તેના છગ્ગા માટે જ નહીં પરંતુ તેના ગ્રેસ અને શાંત સ્વભાવ માટે પણ જાણીતો છે. તાજેતરમાં સોશિયલ મીડિયા પર એક ઘટના વાયુ વેગે વાયરલ થઈ રહી છે, જેનાથી ફરી એકવાર સાબિત થઈ ગયું કે, આ ખેલાડી ક્લાસ અને સાદગીનું અસલી ઉદાહરણ છે.

મેદાન પર જ્યાં જીતનો જશ્ન ચરમસીમા પર હતો, ત્યારે હાર્દિક પંડ્યા અને ઈશાન કિશન જેવા ખેલાડીઓ ખૂબ જ ઉત્સાહ અને શોર-શરાબા સાથે સેલિબ્રેટ કરી રહ્યા હતા. આ સમયે કેમેરા અને લાઈમલાઈટ આ જ સ્ટાર ખેલાડી પર હતી. પરંતુ આ વચ્ચે એક ખૂણામાં સંજુ સેમસન ખૂબ જ શાંત અંદાજમાં પ્રખ્યાત કોમેન્ટેટર હર્ષા ભોગલે સાથે વાતચીત કરતો નજર આવ્યો.

આ ઘટના સંજુના વ્યક્તિત્વના એ પાસાને ઉજાગર કરે છે જેને ઘણીવાર લોકો મિસ કરી દે છે. જ્યારે અન્ય ખેલાડીઓ કેમેરા સામે જશ્ન મનાવી રહ્યા હતા, ત્યારે સંજુ બધાથી દૂર એક ખૂણામાં બેઠો હતો. ચાહકોને તેમનું આ ડાઉન ટૂ અર્થ વલણ ખૂબ પસંદ આવી રહ્યું છે. સોશિયલ મીડિયા પર લોકો કહી રહ્યા છે કે સંજુને પોતાની યોગ્યતા સાબિત કરવા માટે કોઈ શોર મચાવવાની જરૂર નથી.

T20 વર્લ્ડ કપ 2026માં સંજુ સેમસને પોતાની બેટથી એવી તબાહી મચાવી કે, દુનિયા જોતી જ રહી ગઈ. આખી ટુર્નામેન્ટ દરમિયાન તેણે એક અનુભવી ખેલાડીની જેમ રમીને 5 ઈનિંગ્સમાં 80.25ની બેમિસાલ એવરેજથી 321 રન બનાવ્યા, જેમાં તેનો સ્ટ્રાઈક રેટ 199.37નો રહ્યો હતો. સંજુએ માત્ર ત્રણ અડધી સદી જ નહીં, પરંત 24 ગગનચુંબી છગ્ગા પણ ફટકારીને એક જ વર્લ્ડ કપ એડિશનમાં કોઈ ભારતીય બેટ્સમેન દ્વારા સૌથી વધુ છગ્ગા ફટકારવાનો રેકોર્ડ પણ પોતાના નામે કરી લીધો છે.

તેમની સૌથી યાદગાર ઈનિંગ્સ નોકઆઉટ મેચોમાં આવી, જ્યાં તેણે ક્વાર્ટર ફાઈનલમાં વેસ્ટ ઈન્ડીઝ સામે અણનમ 97 રન, સેમિફાઈનલમાં ઈંગ્લેન્ડ સામે 89 રન અને ફાઈનલમાં ન્યૂઝીલેન્ડ સામે 89 રનની મેચવિનિંગ ઈનિંગ્સ સાથે ભારતની વર્લ્ડ કપ જીતમાં સૌથી મોટી ભૂમિકા ભજવી હતી. તેને પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ જાહેર કરવામાં આવ્યો હતો.

# વર્લ્ડ કપ ટ્રોફી અમદાવાદના મંદિરમાં લઈ જવા મુદ્દે ભડક્યા પૂર્વ ખેલાડી! કહ્યું- ટીમ ઈન્ડિયા પર શરમ આવે છે....



**નવી દિલ્હી, તા.10**

ભારતે ન્યૂઝીલેન્ડને હરાવીને ટી20 વિશ્વ કપ 2026નું ટાઇટલ જીત્યું, જે બાદ ટીમ ઈન્ડિયાના કેપ્ટન સૂર્યકુમાર યાદવ અને હેડ કોચ ગૌતમ ગંભીર હનુમાન મંદિર દર્શન કરવા પહોંચ્યા હતા. જોકે, ટ્રોફી સાથે મંદિર જવાની આ ઘટના પર તૃણમૂલ કોંગ્રેસ(TMC)ના સાંસદ અને પૂર્વ ક્રિકેટર કીર્તિ આઝાદે આકરી આપત્તિ વ્યક્ત કરી છે. તેમણે સોશિયલ મીડિયા પર આ મુદ્દે સવાલો ઉઠાવતા કહ્યું કે આપણો દેશ ધર્મનિરપેક્ષ છે, તેથી ટ્રોફીને કોઈ એક ચોક્કસ ધાર્મિક સ્થળ પર લઈ જવી તે યોગ્ય નથી.

કીર્તિ આઝાદે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, જ્યારે કોઈ ખેલાડી રમે છે ત્યારે તે કોઈ ધર્મ માટે નહીં પણ આખા દેશ માટે રમતો હોય છે. તેમણે 1983ના વર્લ્ડ કપ વિજયને યાદ કરતા કહ્યું કે ત્યારે પણ ટીમમાં હિન્દુ, મુસ્લિમ, શીખ અને ખ્રિસ્તી એમ તમામ ધર્મના ખેલાડીઓ હતા. તેમણે સંજુ સેમસન અને મોહમ્મદ સિરાજ જેવા ખેલાડીઓના પ્રદર્શનના વખાણ કરતા સવાલ કર્યો કે આ ટ્રોફી દરેક ભારતીયની છે, તો પછી તેને મસ્જિદ, ચર્ચ કે ગુરુદ્વારામાં કેમ લઈ જવામાં ન આવી?

કીર્તિ આઝાદે વધુમાં જણાવ્યું કે, રમત અને કળાનો કોઈ ધર્મ હોતો નથી. ભારત અને પાકિસ્તાન વચ્ચે આ જ તફાવત હોવો જોઈએ. કીર્તિ આઝાદે સ્પષ્ટ કર્યું કે તેઓ પોતે હિન્દુ છે અને મેચ પહેલા કે પછી વ્યક્તિગત રીતે મંદિરે જવામાં તેમને કોઈ વાંધો નથી, પરંતુ આખી ટીમની ટ્રોફીને ધર્મ સાથે જોડવી તે ભારતની ધર્મનિરપેક્ષ છબીને નુકસાન પહોંચાડે છે. તેમણે અંતમાં કહ્યું કે આ ટીમ આખા ભારતનું પ્રતિનિધિત્વ કરે છે, કોઈ એક વ્યક્તિના પરિવારનું નહીં.

# વર્લ્ડ ચેમ્પિયન ટીમ ઈન્ડિયા માટે BCCIએ તિજોરી ખોલી! રૂ. 131 કરોડનું બમ્પર ઈનામ જાહેર.....



**નવી દિલ્હી, તા.10**

T20 વર્લ્ડ કપ 2026માં ઐતિહાસિક વિજય મેળવ્યા બાદ ભારતીય ટીમ પર ઈનામોનો વરસાદ થયો છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) દ્વારા 10 માર્ચ, મંગળવારના રોજ ટીમ ઈન્ડિયા માટે 131 કરોડ રૂપિયાના રોકડ પુરસ્કારની જાહેરાત કરવામાં આવી છે. આ માતબર રકમ ખેલાડીઓ, કોચિંગ સ્ટાફ અને પસંદગીકારો વચ્ચે વહેંચવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, વર્ષ 2024માં વર્લ્ડ કપ જીત્યા બાદ ટીમને 125 કરોડ રૂપિયા આપવામાં આવ્યા હતા, જેની સરખામણીએ આ વખતે 6 કરોડ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે.

ભારતીય ટીમે રવિવાર, 8 માર્ચના રોજ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી ફાઈનલ મેચમાં ન્યૂઝીલેન્ડને 96 રને હરાવીને ટાઈટલ પોતાના નામે કર્યું હતું. આ જીત સાથે ભારત T20 વર્લ્ડ કપના ઈતિહાસમાં સતત બીજી વાર ખિતાબ જીતનારો વિશ્વનો પ્રથમ દેશ બની ગયો છે. ભારતે પોતાનો ખિતાબ સફળતાપૂર્વક ડિફેન્ડ કરીને ક્રિકેટ જગતમાં નવો ઈતિહાસ રચ્યો છે.

આ શાનદાર પ્રદર્શન સાથે ટીમ ઈન્ડિયા હવે T20 વર્લ્ડ કપના ઈતિહાસની સૌથી સફળ ટીમ બની ગઈ છે. ભારતે અત્યાર સુધીમાં કુલ 3 વાર(2007, 2024 અને 2026) આ ટ્રોફી જીતી છે. અત્યાર સુધી વેસ્ટ ઈન્ડિઝ અને ઈંગ્લેન્ડ 2-2 વાર આ ખિતાબ જીતી ચૂક્યા છે, પરંતુ હવે ભારત 3 ખિતાબ સાથે મોખરે છે. BCCIએ ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, આ જીત ભારતીય ક્રિકેટ માટે અત્યંત ગૌરવની ક્ષણ છે.

# અર્શદીપ સિંહ પર ભારે પડશે ફાઈનલ મેચનો ગુસ્સો! માફી માંગી છતાં સજા આપી શકે છે ICC



**નવી દિલ્હી, તા.10**

ભારતે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ન્યુઝીલેન્ડને 96 રને હરાવીને સતત બીજી અને કુલ ત્રીજી વખત T20 વર્લ્ડ કપનો ખિતાબ જીતીને ઈતિહાસ રચ્યો છે. જોકે, આ ભવ્ય વિજયની ઉજવણી વચ્ચે ટીમના સ્ટાર ફાસ્ટ બોલર અર્શદીપ સિંહના આક્રમક વર્તન બદલ ICC (ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ) તેની સામે કડક કાર્યવાહી કરે તેવી શક્યતા છે.

ફાઈનલ મેચ દરમિયાન અર્શદીપ સિંહની બીજી ઓવરમાં એક વિવાદાસ્પદ ક્ષણ સર્જાઈ હતી. અર્શદીપે ફિલ્ડિંગ કરતી વખતે બોલ સીધો ન્યુઝીલેન્ડના બેટર ડેરિલ મિશેલ તરફ ફેંક્યો હતો, જે તેના પગ પર વાગ્યો હતો. આ ઘટના બાદ મેદાન પર ગરમાગરમીનો માહોલ સર્જાયો હતો. મિશેલે આ અંગે અમ્પાયરને ફરિયાદ કરી હતી અને કેપ્ટન સૂર્યકુમાર યાદવે વચ્ચે પડીને મામલો શાંત પાડવો પડ્યો હતો.


અર્શદીપ સિંહ પર ICC આચાર સંહિતાની કલમ 2.9 ના ભંગનો આરોપ લાગી શકે છે. કોઈ પણ ખેલાડી કે બેટર તરફ જોખમી રીતે બોલ કે અન્ય સાધન ફેંકવું એ રમતની ભાવના સામે માનવામાં આવે છે. આ લેવલ-1નો ગુનો ગણાય છે. જેમાં ખેલાડીને તેની મેચ ફીના 50 ટકા સુધીનો દંડ અને 1 થી 2 ડિમેરિટ પોઈન્ટ આપવામાં આવી શકે છે.

જો કોઈ ખેલાડીના ખાતામાં 24 મહિનાની અંદર 4 ડિમેરિટ પોઈન્ટ જમા થાય, તો તેના પર એક ટેસ્ટ અથવા બે વ્હાઇટ-બોલ મેચનો પ્રતિબંધ લાદવામાં આવે છે. જોકે અર્શદીપે મેચ બાદ મિશેલની માફી માંગી લીધી હતી, પરંતુ ICC ભૂતકાળના કિસ્સાઓને ધ્યાનમાં રાખીને તેની સમીક્ષા કરી શકે છે.

ઉલ્લેખનીય છેકે, ગયા વર્ષે વેસ્ટ ઈન્ડિઝના જેડન સીલ્સ પર યશસ્વી જયસ્વાલ તરફ બોલ ફેંકવા બદલ મેચ ફીના 25 ટકા દંડ અને એક ડિમેરિટ પોઈન્ટ ફટકારવામાં આવ્યો હતો.

# 'ધુરંધર : ધ રિવેન્જ"એ રિલીઝ પહેલાં જ પેઇડ પ્રિવ્યૂમાં 'સ્ત્રી 2'ને પાછળ છોડી

## ફિલ્મને 100 કરોડનું ઓપનિંગ મળશે એવી એનાલિસ્ટ્સની આગાહી




**મુંબઈ, તા.10**

રણવીર સિંહની આવનારી એક્શન થ્રિલર 'ધુરંધર: ધ રિવેન્જ' રિલીઝ પહેલાં જ બોક્સ ઓફિસ પર મજબુત પ્રદર્શનના સંકેત આપી રહી છે. ફિલ્મના પેઈડ પ્રિવ્યુ માટે થયેલી એડવાન્સ બુકિંગ્સથી બોલિવૂડમાં નવો રેકોર્ડ બન્યો છે. અત્યાર સુધીમાં ફિલ્મે લગભગ 2 લાખ ટિકિટ વેચી છે અને લગભગ 9 કરોડની કમાણી નોંધાવી છે. આ ટિકિટમાંથી લગભગ 1.41 લાખ ટિકિટ તો પીવીઆર અને સિનેપોલિસ જેવી મલ્ટિપ્લેક્સ ચેઈન્સમાં જ વેચાઈ છે, જે કુલ આવકના લગભગ 80 ટકા જેટલું યોગદાન આપે છે. નોંધનીય છે કે આ સિદ્ધિ ફિલ્મનો એકપણ શો ચાલ્યા વગર, માત્ર બે દિવસનાં પ્રી-સેલ્સમાં જ પ્રાપ્ત થઈ છે અને ફિલ્મની રિલીઝ માટે હજુ દસ દિવસનો સમય બાકી છે. આ સાથે 'ધુરંધર: ધ રિવેન્જ' હવે બોલિવુડમાં સૌથી વધુ પેઈડ પ્રિવ્યુમાં કમાણી કરનાર ફિલ્મ બની છે, કારણ કે તેણે 'સ્ત્રી 2'ના 8.75 કરોડના રેકોર્ડને પાછળ છોડી દીધો છે. હવે સૌની નજર ભારતના કુલ પ્રિવ્યુ રેકોર્ડ પર છે, જે હાલમાં 'ધે કૉલ હિમ ઓજી'ના નામે છે. આ ફિલ્મે પ્રિવ્યુ માટે લગભગ 26 કરોડની કમાણી કરી હતી.

ટ્રેડ એનાલિસ્ટ્સ માને છે કે 'ધુરંધર: ધ રિવેન્જ' તેની આગળની ફિલ્મ કરતાં મોટી કમાણી કરી શકે છે. ટિકિટ વેચાણ હવે આગામી દિવસોમાં પણ ચાલુ રહેવાની સંભાવના છે. ટ્રેડ વિશ્લેષકોનું માનવું છે કે શરૂઆતમાં વેચાણનો દર થોડો ધીમો પડી શકે, પરંતુ ત્યારબાદ તે સ્થિર રહેશે. ફિલ્મની રિલીઝ સુધીના દસ દિવસમાં પ્રિવ્યુ આવક લગભગ 20 કરોડ નજીક પહોંચી શકે છે, કદાચ તેનાથી વધુ પણ થઈ શકે.

ફિલ્મની કુલ પ્રિવ્યુ ક્ષમતા હાલમાં 55 કરોડ નેટથી વધુ માનવામાં આવી રહી છે, જે આગળ જઈને 65 કરોડ નેટથી પણ ઉપર જઈ શકે છે. આવી સ્થિતિમાં ફિલ્મ માટે 30 કરોડથી વધુ નેટ પ્રિવ્યુ કમાણી કરવી શક્ય બની શકે છે. હાલની સ્થિતિમાં ઈદનો તહેવાર ભારતમાં 21 માર્ચે ઉજવાય તેવી શક્યતા છે, જેના કારણે ફિલ્મના ઓપનિંગ ડે પર રાષ્ટ્રીય રજા નહીં હોય પરંતુ મુંબઈ અને દક્ષિણ ભારતના મોટા બજારોમાં ઉગાડી અને ગુડી પાડવાના તહેવારોને કારણે રજા રહેશે. તો કેટલાક શહેરોમાં રાત્રે 9:30થી 10 વાગ્યે શરૂ થતા બીજા શો માટે ઓક્યુપન્સી પર થોડી અસર પડી શકે છે. જો બીજા દિવસે રજા હોત, તો ટ્રેડ અનુસાર 40 કરોડનું ઓપનિંગ મળે એવી શક્યતા હતી. છતાં ફિલ્મ માટેના ઉત્સાહને જોતા આ આંકડાને પણ પાર કરી શકે તેવી શક્યતા નકારી શકાય નહીં. ફિલ્મની એડવાન્સ બુકિંગ 7 માર્ચે સવારે 11:01 વાગ્યે ટ્રેલર રિલીઝ પછી શરૂ થઈ હતી. માત્ર 24 કલાકમાં ઓનલાઈન એપ પર 87 હજાર ટિકિટ વેચાઈ ગઈ હતી. ત્યારબાદ 9 માર્ચની સવારે આ આંકડો પ્લેટફોર્મ પર 1.5 લાખથી વધુ અને કુલ મળીન 2 લાખથી વધુ ટિકિટ સુધી પહોંચી ગયો હતો. ટ્રેડ વેબસાઈટ સેકનિક મુજબ, ફિલ્મના પ્રિવ્યુ શોએ દેશભરમાં 2.06 લાખ ટિકિટ વેચી છે. આ પ્રિવ્યુ આવકનો મોટો ભાગ હિન્દી વર્ઝનમાંથી આવ્યો છે, પરંતુ તમિલ ડબ્ડ વર્ઝન પણ અપેક્ષા કરતાં વધુ સારું પ્રદર્શન કરી રહ્યું છે, જેનાથી લગભગ 10 લાખ જેટલી આવક નોંધાઈ છે. રસપ્રદ વાત એ છે કે માત્ર પ્રિવ્યુ માટે થયેલી એડવાન્સ બુકિંગથી જ 'ધુરંધર 2'એ કેટલીક ફિલ્મોના ઓપનિંગ ડે કલેક્શનને પણ પાછળ મૂકી દીધા છે. જેમાં શાહિદની 'ઓ રોમિયો' અને ટાઈગર શ્રોફની 'બાગી 4'. 'ધુરંધર 2'ના પ્રિવ્યુ માટેની 12.29 કરોડની આવક આ બંને ફિલ્મના ઓપનિંગના આંકડાથી વધુ છે. આ સિક્વલમાં રનવીર સિંહ ફરીથી હમઝા ઉર્ફે જસ્કિરત નામના ભારતીય જાસૂસ તરીકે જોવા મળશે, જે કરાચીમાં મિશન હેઠળ છે. ફિલ્મમાં તેના ભુતકાળ અને 26/11 આતંકી હુમલાઓ માટે લિયારીની ગેંગ્સ સામે તેના બદલાની કહાની દર્શાવવામાં આવશે. ફિલ્મમાં અર્જુન રામપાલ, સંજય દત્ત, આર. માધવન, રાકેશ બેદી અને સારા અર્જુન જેવા કલાકારો પણ મહત્વપૂર્ણ ભુમિકાઓમાં જોવા મળશે.

# આમિર ખાને 'લાહોર 1947'નું નામ 'બટવારા 1947' કરાયું હોવાની અફવા નકારી કાઢી....




**મુંબઈ, તા.10**

છેલ્લા કેટલાક દિવસોથી ઈન્ટરનેટ પર દિગ્દર્શક રાજકુમાર સંતોષીની ઐતિહાસિક ડ્રામા ફિલ્મ 'લાહોર 1947'ના નામમાં ફેરફાર થવાની ચર્ચાઓ ચાલી રહી હતી. સની દેઓલે પણ એક ઈવેન્ટમાં કહ્યું હતું કે તેની ફિલ્મનું નામ બદલાઈ શકે છે. ત્યારે એવી ચર્ચા પણ ચાલી હતી કે આ ફિલ્મનું નવું નામ હવે 'બટવારા 1947' રાખવામાં આવ્યું છે.

પરંતુ જ્યારે ફિલ્મના નિર્માતા આમિર ખાનને આ અંગે પૂછ્યું, ત્યારે તેણે આ કહેવાતી ટાઇટલ-ચેન્જની ચર્ચા પર હસીને જવાબ આપ્યો હતો. તેણે કહ્યું, "તમે આ ક્યાં સાંભળ્યું? નહીં, અમારી ફિલ્મનું નામ બદલાયું નથી. હાલ માટે તો ફિલ્મનું નામ 'લાહોર 1947' જ છે અને હું પણ ઈચ્છું છું કે તે એવું જ રહે."

કેટલાક લોકોએ એવું માન્યું કે પાકિસ્તાનના શહેરના નામ પર આધારિત ભારતીય ફિલ્મને ભારતના દર્શકો તરફથી સારો પ્રતિસાદ નહીં મળે તેથી ફિલ્મનાં નામ 'લાહોર 1947' અંગે ચર્ચા શરૂ થઈ હતી. પરંતુ આમિર ખાને જણાવ્યું કે, તેની આવા દબાણ સામે ઝુકવાની કોઈ ઈચ્છા નથી.

હકીકતમાં સમસ્યા બીજી છે, નિર્માતા-દિગ્દર્શક સુનીલ દર્શન પાસે 'લાહોર' નામના ટાઈટલના હક્કો છે. આ મુદ્દે હાલમાં ચર્ચા ચાલી રહી છે અને આ મામલો ખુબ જલદી ઉકેલાઈ જશે. આથી સ્પષ્ટ છે કે ફિલ્મનું નામ 'લાહોર 1947' જ રહેશે, 'બટવારા 1947' નહીં.

ફિલ્મ 'લાહોર 1947' પ્રસિદ્ધ નાટક 'જિસ લાહોર નઈ વેખ્યા' પરથી પ્રેરિત છે. આ ફિલ્મમાં સની દેઓલ, શબાના આઝમી અને પ્રિટી ઝિન્ટા સહિત અનેક જાણીતા કલાકારો મહત્વની ભૂમિકામાં જોવા મળશે.

# ફિલ્મોમાંથી મજા, ઉત્સાહ, રંગો, ગીતો, પ્રેમ કે રોમાંસ ગાયબ થઈ ગયાં : કરીના



**મુંબઈ, તા.10**

કરીના કપૂર હંમેશા બોલિવૂડના મસાલા મુવીઝની પ્રશંસક રહી છે અને ફિલ્મપણાની મજા લેતી રહી છે. તેથી હાલની ફિલ્મોના ટ્રેન્ડ અંગે તેણે કેટલીક ફરિયાદ કરી છે. તાજેતરમાં હિન્દી સિનેમામાં વધતા હાઈપર-મસ્ક્યુલિન એક્શન ફિલ્મોના પ્રભાવ અને હિંસા તથા ભવ્ય દેખાડા પર વધતા ધ્યાન અંગે વાત કરી હતી. એક ડિજીટલ પ્લેટફર્મના ઈન્ટરવ્યુમાં કરીનાએ જણાવ્યું કે હાલમાં ફિલ્મોમાં લાગણીઓ અને મનોરંજન કરતાં આક્રમકતા અને લોહી લૂહાણ દૃષ્યોને વધુ મહત્વ આપવામાં આવી રહ્યું છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં એનિમલ, જવાન અને પઠાણ જેવી મોટા બજેટની એક્શન ફિલ્મોએ બોક્સ ઓફિસ પર દબદબો જમાવ્યો છે, જેના કારણે ચર્ચા શરૂ થઈ છે કે હિંસાત્મક એક્શન અને તેને ભવ્ય રીતે દર્શાવવું હવે સિનેમાનું વ્યાવસાયિક રીતે સૌથી સફળ સ્વરૂપ બની રહ્યું છે કે નહીં. ચર્ચા દરમિયાન કરીનાએ જણાવ્યું કે હાલમાં આવતી ફિલ્મોમાં એક સમયે મુખ્યધારાની બોલિવૂડ ફિલ્મોમાં મનોરંજનની ઓળખ હતાં તે તત્વોની ગેરહાજરી જોવા મળે છે. કરીનાએ કહ્યું કે નવો ટ્રેન્ડ ખુશી, રોમાન્સ અથવા સંગીત કરતાં આક્રમકતા અને દેખાડા પર વધુ ભાર મુકે છે – જ્યારે તેના મત મુજબ આ જ તત્વો હિન્દી સિનેમાને રંગ અને ઊર્જા આપતાં હતાં.

આ જ ચર્ચામાં કરીના સાથે હાજર રહેલી સાઉથની એક્ટ્રેસ કલ્યાણી પ્રિયદર્શને જણાવ્યું કે ઈન્ડસ્ટ્રીમાં ટ્રેન્ડ નક્કી કરવામાં દર્શકોની પસંદગી પણ મહત્વની ભુમિકા ભજવે છે. તેના જણાવ્યા મુજબ સિનેમાની દિશા ફક્ત નિર્માતાઓ નક્કી કરતા નથી, પરંતુ દર્શકો શું પસંદ કરે છે તે પણ એટલું જ મહત્વનું છે.

હાલના ટ્રેન્ડ અંગે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતાં કલ્યાણીએ કહ્યું, "હાલમાં હું તેને એક ટ્રેન્ડ કહીશ કારણ કે મને લાગે છે કે આ માત્ર ટ્રેન્ડ છે અને લાંબો સમય નહીં ચાલે. પરંતુ ટ્રેન્ડ હંમેશા દેખાડા વિશે રહ્યો છે. દરેક સીન સેન્સેશનલ અને ચોંકાવનારો હોવો જોઈએ. મને લાગે છે કે હિંસા અને સહેલાઈથી ચોંકાવી દે તેવી વસ્તુઓને ભવ્ય રીતે બતાવવું સરળ બને છે. લોકો માને છે કે આ જ વસ્તુથી સિનેમા વેચાય છે. મને નથી લાગતું કે, હાલમાં આ જ તત્વોથી સિનેમા વેચાય છે, પરંતુ મને લાગે છે કે ઈડસ્ટ્રી તે દિશામાં જઈ રહી છે. આપણે નાની ફિલ્મો, નાની પળો અને ઘણી ભાવનાત્મક તથા અંગત ક્ષણોને ગુમાવી રહ્યાં છીએ, જે મને થોડું ડરાવે છે."

તેની સાથે સહમત થતાં કરીનાએ ઉમેર્યું, "હવે બધું થ્રિલર, ક્રાઈમ, લોહીલૂહાણ દશ્યો અને લોહી વિશે છે. મજા, ઉત્સાહ, રંગ, ગીત, પ્રેમ કે રોમાન્સ બધું ગાયબ થઈ ગયું છે." તેમજ તેણે સ્વીકાર્યું કે હાલમાં તેને મહિલાઓ માટે અર્થપૂર્ણ ભૂમિકાઓ ધરાવતી સ્ક્રિપ્ટ્સ પુરતાં પ્રમાણમાં નથી મળતા.

# ભારતમાં રસોઈ ગેસ માટે હાહાકાર: MPથી મહારાષ્ટ્ર સુધી સપ્લાય ઠપ

**■ 'ESMA' લાગુ, હોટલ-રેસ્ટોરન્ટ્સ બંધ થવાના આરે, ગેસ મળતો નથી**

**નવી દિલ્હી, તા.10**

કેન્દ્ર સરકારે દેશભરમાં 'એસેન્શિયલ કોમોડિટી એક્ટ 1955(ESMA)' લાગુ કરી દીધો છે. હોર્મુઝ જળમાર્ગના રસ્તે થતી ગેસ સપ્લાય ઠપ થયા બાદ સરકારે આ પગલું ભર્યું છે. ગેસની અછતને ધ્યાનમાં રાખીને દિલ્હી, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢ સહિત ઘણા રાજ્યોએ કોમર્શિયલ ગેસના સપ્લાય પર હાલ પૂરતો પ્રતિબંધ મૂક્યો છે.

આ પ્રતિબંધને કારણે રેસ્ટોરન્ટ્સ અને હોટલો બંધ થવાની નોબત આવી ગઈ છે. નાના હોટલ અને ભોજનાલય ચલાવનારાઓએ સરકારને કહ્યું છે કે સપ્લાય ફરી શરૂ કરવામાં આવે.

પ્રથમ કેટેગરી (સંપૂર્ણ સપ્લાય): આમાં તમારા ઘરનો રસોઈ ગેસ (PNG) અને વાહનોમાં ભરાતી CNG આવે છે. તેમને પહેલાની જેમ સંપૂર્ણ ગેસ મળતો રહેશે.

બીજી કેટેગરી (ખાતર કારખાના): ખાતર બનાવતી ફેક્ટરીઓને લગભગ 70% ગેસ આપવામાં આવશે. બસ તેમને એ સાબિત કરવું પડશે કે ગેસનો ઉપયોગ ખાતર બનાવવામાં જ થયો છે.

ત્રીજી કેટેગરી (મોટા ઉદ્યોગો): નેશનલ ગ્રીડ સાથે જોડાયેલી ચાની ફેક્ટરીઓ અને અન્ય મોટા ઉદ્યોગોને તેમની જરૂરિયાત મુજબ લગભગ 80% ગેસ મળશે.

ચોથી કેટેગરી (નાના વ્યવસાયો અને હોટલ): શહેરોના ગેસ નેટવર્ક સાથે જોડાયેલા નાના કારખાનાઓ, હોટલ અને રેસ્ટોરન્ટને પણ તેમની જૂની ખપત મુજબ લગભગ 80% ગેસ આપવામાં આવશે.

ઉત્તર પ્રદેશ: અહીં પણ કોમર્શિયલ સિલિન્ડરોની સપ્લાય પર અઘોષિત પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આનાથી હોટેલ-રેસ્ટોરન્ટ અને ઢાબા સંચાલકોની મુશ્કેલીઓ વધી ગઈ છે. કંપનીઓએ એજન્સીઓને સંપૂર્ણ ધ્યાન ફક્ત ઘરેલું ગેસ પર રાખવા જણાવ્યું છે, પરંતુ આ છતાં સામાન્ય લોકોમાં ગભરાટનો માહોલ છે. લખનઉ, કાનપુર અને વારાણસી જેવા શહેરોમાં બુકિંગના 4-5 દિવસ પછી પણ ડિલિવરી થઈ રહી નથી.

મધ્યપ્રદેશ: હોટલ અને રેસ્ટોરન્ટ સંચાલકોનું કહેવું છે કે તાજેતરમાં સિલિન્ડરની કિંમત 1773 રૂપિયાથી વધારીને 1888 રૂપિયા કરવામાં આવી છે અને તેઓ આ વધેલી કિંમત ચૂકવવા પણ તૈયાર છે. આવા સંજોગોમાં લગ્નની સિઝન વચ્ચે કોમર્શિયલ સિલિન્ડરનો સપ્લાય રોકવાનો નિર્ણય શા માટે લેવામાં આવ્યો.

રાજસ્થાન: હોટલ અને રેસ્ટોરન્ટ સાથે સંકળાયેલા વેપારીઓનું કહેવું છે કે તેલ કંપનીઓના નિર્ણયથી હોટલ-રેસ્ટોરન્ટ સંચાલકો સામે મોટું સંકટ ઊભું થયું છે. આનાથી 3 લાખ લોકો જોડાયેલા છે. ગેસનો અમારી પાસે કોઈ વિકલ્પ નથી. આવી સ્થિતિમાં, દરેક પ્રકારના હોટલ-રેસ્ટોરન્ટ, મેરેજ ગાર્ડન અને અન્ય ઉદ્યોગો સાથે સંકળાયેલા લોકોને મોટી મુશ્કેલી થવી નિશ્ચિત છે. તેલ



કંપનીઓનો અચાનક લેવાયેલો નિર્ણય પરેશાન કરનારો છે.

છત્તીસગઢ: ડીલરોને કહેવામાં આવ્યું છે કે એજ્યુકેશનલ ઈન્સ્ટિટ્યૂટ અને હોસ્પિટલ સિવાય અન્ય કોઈને કોમર્શિયલ સિલિન્ડર ન આપે. હોટલ-રેસ્ટોરન્ટ સંચાલકો માટે ગેસ સંકટ ઊભું થયું છે.

મહારાષ્ટ્ર: મુંબઈ, પુણે અને નાગપુરમાં કોમર્શિયલ ગેસમાં ભારે કાપ મૂકવામાં આવ્યો છે. પુણેમાં તો સ્થિતિ એટલી ખરાબ છે કે નગર નિગમે ગેસ સ્મશાનગૃહો અસ્થાયી રૂપે બંધ કરી દીધા છે. રાજ્યના લગભગ 9,000 રેસ્ટોરન્ટ્સ અને બાર પર બંધ થવાનો ખતરો મંડરાઈ રહ્યો છે.

પંજાબ: અહીં 8 માર્ચથી જ 19 કિલોના કોમર્શિયલ અને મોટા ઔદ્યોગિક સિલિન્ડરોનું ડિસ્પેચ રોકી દેવામાં આવ્યું છે. જ્યારે ડિસ્ટ્રીબ્યુટર્સને કહેવામાં આવ્યું છે કે 25 દિવસ પહેલા કોઈ પણ ઘરેલું ગ્રાહકની બુકિંગ સ્વીકારવામાં ન આવે.

આંધ્ર પ્રદેશ અને તેલંગાણા: હૈદરાબાદ સહિત ઘણા જિલ્લાઓમાં કોમર્શિયલ સિલિન્ડર બુકિંગ ફ્રીઝ કરી દેવામાં આવ્યું છે. નાના હોટલ અને ભોજનાલય ચલાવનારાઓએ સરકારને વિનંતી કરી છે કે સપ્લાય ફરીથી શરૂ કરવામાં આવે, કારણ કે તેનાથી લાખો લોકોની આજીવિકા જોડાયેલી છે.

સંકટને જોતા પેટ્રોલિયમ મંત્રાલયે ત્રણ તેલ કંપનીઓ (OMCs)ના કાર્યકારી નિર્દેશકોની એક ઉચ્ચ-સ્તરીય સમિતિ બનાવી છે, જે સપ્લાયની સમીક્ષા કરશે.

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાનના યુદ્ધના કારણે રાજ્યમાં ગેસ પુરવઠાને લઈને ઉદ્યોગોમાં મર્યાદા મૂકવામાં આવ્યા બાદ રાંધણ ગેસ અંગે લોકોમાં ઊભી થયેલી ચિંતાઓ વચ્ચે ઊર્જા મંત્રી ઋષિકેશ પટેલે સ્પષ્ટતા કરી છે કે સામાન્ય નાગરિકોને મળતા રાંધણ ગેસના પુરવઠામાં કોઈ તકલીફ ન થાય તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. તેમણે જણાવ્યું કે રાજ્ય સરકાર આ મુદ્દે કેન્દ્ર સરકાર સાથે સતત સંપર્કમાં છે અને પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહી છે.

ઘરેલું ગેસ સિલિન્ડર બુકિંગ ડિલિવરીના 25 દિવસ પછી આ પહેલા ગઈકાલે એટલે કે 9 માર્ચે કેન્દ્ર સરકારે ઘરેલું એલપીજી સિલિન્ડરની રિફિલ બુકિંગના નિયમોમાં ફેરફાર કર્યો હતો. હવે ગ્રાહકો એક સિલિન્ડર ડિલિવર થયા પછી બીજો સિલિન્ડર 21 દિવસને બદલે 25 દિવસ પછી જ બુક કરી શકશે.

હોલ્ડિંગ રોકવા માટે OTP અને બાયોમેટ્રિક ફરજિયાત ગેસની સંગ્રહખોરી રોકવા માટે ડિલિવરી એજન્ટ હવે OTP અથવા બાયોમેટ્રિક વેરિફિકેશનનો ઉપયોગ કરી રહ્યા છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓને નિર્દેશ આપવામાં આવ્યા છે કે તેઓ પ્રોપેન અને બ્યુટેનનો ઉપયોગ કોમર્શિયલને બદલે ઘરેલું સિલિન્ડરો માટે વધુ કરે. આવશ્યક વસ્તુ અધિનિયમ હેઠળ કટોકટીના પ્રાવધાનો લાગુ કરી દેવામાં આવ્યા છે.

ક્યાં સુધી સુધરશે સ્થિતિ? ઈન્ડિયન ઓઈલના મુખ્ય મહાપ્રબંધક (LPG) કે.એમ. ઠાકુરનું કહેવું છે કે ગ્રાહકોએ ગભરાવાની જરૂર નથી. સરકાર હવે અમેરિકા જેવા દેશોમાંથી વૈકલ્પિક કાર્ગો મંગાવવા પર વિચાર કરી રહી છે.

જ્યારે, આંતરરાષ્ટ્રીય સ્તરે G7 દેશો તેમના ઈમરજન્સી તેલ ભંડારમાંથી સપ્લાય ચાલુ કરવા પર ચર્ચા કરી રહ્યા છે, જેથી ગ્લોબલ માર્કેટમાં ઊર્જા સંકટને ઓછું કરી શકાય. રશિયા અને અલ્જીરિયાથી પણ વધારાનું ક્રૂડ ઓઈલ આવવાની અપેક્ષા છે.

સિલિન્ડરની અછત રોકવા માટે LPG ઉત્પાદન વધારવાનો આદેશ સરકારે તમામ ઓઈલ રિફાઈનરી કંપનીઓને એલપીજી ઉત્પાદન વધારવાનો આદેશ આપ્યો હતો. મિડલ ઈસ્ટમાં વધતા તણાવથી ગેસનો પુરવઠો પ્રભાવિત થયો છે. આ જ ખતરાને ધ્યાનમાં રાખીને સરકારે આ આદેશ જારી કર્યો. તેમાં કહેવામાં આવ્યું છે કે હવે રિફાઈનરીઓ પ્રોપેન અને બ્યુટેનનો ઉપયોગ ફક્ત રસોઈ ગેસ બનાવવા માટે કરશે.

તમામ કંપનીઓએ પ્રોપેન અને બ્યુટેનનો પુરવઠો સરકારી તેલ કંપનીઓને કરવો પડશે. સરકારી તેલ કંપનીઓમાં ઈન્ડિયન ઓઈલ (IOC), હિન્દુસ્તાન પેટ્રોલિયમ (HPCL) અને ભારત પેટ્રોલિયમ (BPCL) નો સમાવેશ થાય છે. તેનો હેતુ ગ્રાહકોને અવિરત ગેસ સિલિન્ડરનો પુરવઠો પૂરો પાડવાનો છે.

## ચાંદી 13 હજાર વધીને ₹2.73 લાખ પર પહોંચી: સોનું ₹1700 વધીને ₹1.60 લાખ થયું, આ વર્ષે કિંમત ₹27 હજાર વધી...

**નવી દિલ્હી, તા.10**

સોના અને ચાંદીના ભાવમાં આજે એટલે કે 10 માર્ચે વધારો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનું 1,700 રૂપિયા વધીને 1.60 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. આ પહેલા તેની કિંમત 1.59 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતી. એક કિલો ચાંદી 13 હજાર રૂપિયા વધીને 2.73 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. આ પહેલા તેની કિંમત 2.60 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી. નિષ્ણાતોના મતે 29 જાન્યુઆરીએ સોનાની કિંમત 1.76 લાખ રૂપિયા અને ચાંદીના ભાવ 3.86 લાખ રૂપિયાના ઓલટાઈમ હાઈ પર પહોંચી ગયા હતા. ત્યારબાદથી તેમની કિંમતમાં



ઘણો ઘટાડો થયો છે. તેથી તેમની ખરીદી જોવા મળી રહી છે. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં તેજી જોવા મળી છે. ગયા વર્ષના અંતમાં સોનું 1.33 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર હતું, જે હવે 1.60 લાખ રૂપિયા પર છે. એટલે કે તેની કિંમત આ વર્ષે અત્યાર સુધીમાં 27 હજાર વધી ચૂકી છે. જ્યારે ચાંદી પણ આ સમયગાળા દરમિયાન 24 હજાર રૂપિયા મોંઘી થઈ છે. જાણકારોનું માનવું છે કે સોના-ચાંદીની આગામી ચાલ આ બે બાબતો પર નિર્ભર કરશે: મિડલ ઈસ્ટ સંકટ: જો ઈરાન અને અમેરિકા વચ્ચે તણાવ વધુ વધે છે અથવા ક્રૂડ ઓઈલના ભાવ ફરી ઉછળે છે, તો સોના-ચાંદીમાં ફરી તેજી આવી શકે છે. અમેરિકી ડેટા: જો અમેરિકાના આર્થિક આંકડા અપેક્ષા કરતાં સારા આવે છે, તો ડોલર મજબૂત થશે અને તેનાથી સોનાની કિંમતો પર દબાણ વધી શકે છે. સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે. કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) પરથી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ પ્રમાણે અલગ-અલગ હોય છે.

## સેન્સેક્સ 640 પોઈન્ટ વધીને 78,205 પર બંધ: નિફ્ટી 233 પોઈન્ટનો ઉછાળો, ક્રૂડ ઓઈલ 9% સસ્તું થઈને 88 ડોલર પર આવ્યું

**મુંબઈ, તા.10**

10 માર્ચે શેરબજારમાં તેજી જોવા મળી હતી. સેન્સેક્સ 640 પોઈન્ટ (0.82%) વધીને 78,205 પર બંધ થયો હતો. નિફ્ટી પણ 233 પોઈન્ટ (0.97%) વધીને 24,262 પર બંધ થયો હતો. આજે બેંકિંગ, ઓટો અને FMCG શેરોમાં સૌથી વધુ તેજી જોવા મળી હતી. ક્રૂડ ઓઈલ 89 ડોલર પર આવ્યું ગ્લોબલ માર્કેટમાં ક્રૂડ ઓઈલના ભાવમાં આજે એટલે કે મંગળવારે 10 માર્ચે મોટો ઘટાડો જોવા મળ્યો છે. એશિયામાં શરૂઆતી કારોબાર દરમિયાન બ્રેન્ટ ક્રૂડના ભાવ લગભગ 8.5% ઘટીને 92.50 ડોલર પ્રતિ બેરલ પર આવી ગયા. આ પહેલા ગઈકાલે તે 115 ડોલરની નજીક પહોંચી ગયું હતું. જ્યારે અમેરિકી તેલ (WTI) પણ લગભગ 9% ઘટીને 88.60




ડોલર પ્રતિ બેરલના સ્તરે આવી ગયું છે. તેલની કિંમતોમાં આ ઘટાડો અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના તે નિવેદન પછી આવ્યો છે, જેમાં તેમણે યુદ્ધ જલ્દી સમાપ્ત થવાની વાત કહી હતી.

સાઉથ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ 5.10% વધીને 5,518 પર કારોબાર કરી રહ્યો છે.

જાપાનનો નિકેઈ 1,670 અંક અથવા 3.20% વધીને 54,399 પર કારોબાર કરી રહ્યો છે.

હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 325 અંક અથવા 1.28% વધીને 25,731 પર કારોબાર કરી રહ્યો છે. ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 13.01 અંક અથવા 0.32% ઘટીને 4,109 પર કારોબાર કરી રહ્યો છે.

ડાઉ જોન્સ 239 પોઈન્ટ (0.50%) ઘટીને 47,740 ના સ્તરે બંધ થયો. ટેક આધારિત ઈન્ડેક્સ નાસ્ડેક કમ્પોઝિટ 1.38% ઘટીને 22,695 પર બંધ થયો. S&P 500 ઈન્ડેક્સ 55 પોઈન્ટ (0.83%) ઘટીને 6,795 પર બંધ થયો.

ટ્રમ્પ બોલ્યા- યુદ્ધ જલ્દી સમાપ્ત થશે ક્રૂડ ઓઈલના ભાવમાં આવેલો આ ઘટાડો અને બજારમાં તેજીનું મુખ્ય કારણ ડોનાલ્ડ ટ્રમ્પનું તાજેતરનું નિવેદન માનવામાં આવે છે. સોમવારે ટ્રમ્પે કહ્યું હતું કે વર્તમાન યુદ્ધ 'ખૂબ જ જલ્દી' સમાપ્ત થઈ જશે. તેમના આ નિવેદનથી ગ્લોબલ સપ્લાય ચેઈનને લઈને જે અનિશ્ચિતતા હતી, તેમાં ઘટાડો થયો છે અને રોકાણકારોનો વિશ્વાસ વધ્યો છે. જોકે, વર્તમાન કિંમતો હજુ પણ યુદ્ધ શરૂ થતા પહેલાના સ્તરની સરખામણીમાં લગભગ 30% વધુ છે.


## ગોલ્ડ ETFમાં રોકાણ 78% ઘટ્યું: ફેબ્રુઆરીમાં માત્ર ₹5,255 કરોડનું રોકાણ થયું, જાન્યુઆરીમાં રેકોર્ડ ₹24 હજાર કરોડ રહ્યું હતું

**નવી દિલ્હી, તા.10**

ફેબ્રુઆરી મહિનામાં ગોલ્ડ એક્સચેન્જ ટ્રેડેડ ફંડ્સ (Gold ETFs) માં રોકાણકારોની રુચિ ઓછી થઈ છે. એસોસિએશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઇન ઇન્ડિયા (AMFI) ના તાજા આંકડાઓ અનુસાર, ફેબ્રુઆરી 2026 માં ગોલ્ડ ઈટીએફમાં આશરે 5,255 કરોડ રૂપિયાનું રોકાણ આવ્યું છે. આ જાન્યુઆરીની સરખામણીમાં ઘણું ઓછું છે. જાન્યુઆરીમાં ગોલ્ડ ઈટીએફમાં 24,039.96 કરોડ રૂપિયાનું રેકોર્ડ રોકાણ જોવા મળ્યું હતું. નિષ્ણાતોનું માનવું છે કે જાન્યુઆરીમાં ભારે ખરીદી પછી રોકાણકારોએ ફેબ્રુઆરીમાં થોડો વિરામ લીધો છે. આ રોકાણમાં કોઈ ઘટાડો નથી, પરંતુ એક 'નોર્મલાઈઝેશન' એટલે કે સામાન્ય પ્રક્રિયા છે. વર્ષની શરૂઆત એટલે કે જાન્યુઆરીમાં ગોલ્ડ ઈટીએફમાં જબરદસ્ત ઉછાળો જોવા મળ્યો હતો. તે દરમિયાન સોનામાં રોકાણ લગભગ ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ (શેરબજાર આધારિત ફંડ) ની બરાબર પહોંચી ગયું હતું. દુનિયાભરમાં ચાલી રહેલા ભૂ-રાજકીય તણાવ અને શેરબજારમાં ઉતાર-ચઢાવને કારણે રોકાણકારોએ સોનાને એક સુરક્ષિત આશ્રયસ્થાન તરીકે પસંદ કર્યું હતું. ફેબ્રુઆરીમાં આવેલી આ કમીને બજારના જાણકારો એક સ્વાભાવિક ઠહેરાવ માની રહ્યા છે.

પેસિવ કેટેગરી (જેમાં ઈન્ડેક્સ ફંડ, ગોલ્ડ ઈટીએફ અને અન્ય ઈટીએફ શામેલ છે) માં કુલ રોકાણ ફેબ્રુઆરીમાં ઘટીને 13,879 કરોડ રૂપિયા રહ્યું. જાન્યુઆરીમાં આ આંકડો 39,954 કરોડ રૂપિયાના રેકોર્ડ સ્તરે હતો, જ્યારે ડિસેમ્બરમાં તે 11,000 કરોડ રૂપિયા રહ્યો હતો. એટલે કે છેલ્લા ત્રણ મહિનાના ટ્રેન્ડને જોઈએ તો જાન્યુઆરી એક અપવાદ જેવો હતો, જ્યાં રોકાણ ખૂબ વધી ગયું હતું. ઈન્ડેક્સ ફંડ્સ: રોકાણકારોએ આ કેટેગરીમાં વિશ્વાસ જાળવી રાખ્યો. ફેબ્રુઆરીમાં ઈન્ડેક્સ ફંડ્સમાં 3,233 કરોડનું રોકાણ આવ્યું. અન્ય ETF: ગોલ્ડ સિવાયની અન્ય ETF કેટેગરીમાં આશરે 4,487 કરોડનો ઈનફ્લો નોંધાયો. વિદેશી ફંડ ઓફ ફંડ્સ (FoF): વિદેશોમાં રોકાણ કરતા ભારતીય ફંડ્સમાં પણ 904 કરોડનું રોકાણ આવ્યું છે.

બજારના જાણકારો અનુસાર, ફેબ્રુઆરીમાં રોકાણ ઘટવાનું મુખ્ય કારણ સોનાની કિંમતોમાં સ્થિરતા અથવા નજીવો ફેરફાર હોઈ શકે



છે. જ્યારે કિંમતો ખૂબ વધી જાય છે અથવા રોકાણકારો પહેલેથી જ મોટી માત્રામાં સોનું ખરીદી ચૂક્યા હોય છે, ત્યારે તેઓ નવી ખરીદી માટે યોગ્ય તકની રાહ જુએ છે. આ ઉપરાંત, શેરબજારમાં કેટલાક પસંદગીના સેક્ટરમાં આવેલી રિકવરીએ પણ રોકાણકારોનું ધ્યાન સોના પરથી હટાવીને ફરી ઈક્વિટી તરફ ખેંચ્યું છે.

એક્સચેન્જ ટ્રેડેડ ફંડ સોનાના ઘટતા-વધતા ભાવો પર આધારિત હોય છે. એક ગોલ્ડ ETF યુનિટનો અર્થ છે કે 1 ગ્રામ સોનું. તે પણ સંપૂર્ણપણે શુદ્ધ. ગોલ્ડ ETFsની ખરીદ-વેચાણ શેરની જેમ જ BSE અને NSE પર કરી શકાય છે. જોકે, આમાં તમને સોનું મળતું નથી. તમે જ્યારે તેમાંથી બહાર નીકળવા માંગો ત્યારે તમને તે સમયના સોનાના ભાવ બરાબર પૈસા મળી જશે.

ઓછી માત્રામાં પણ સોનું ખરીદી શકાય છે:ETF દ્વારા સોનું યૂનિટ્સમાં ખરીદવામાં આવે છે, જ્યાં એક યૂનિટ એક ગ્રામનું હોય છે. આનાથી ઓછી માત્રામાં અથવા SIP (સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન) દ્વારા સોનું ખરીદવું સરળ બને છે. ફિઝિકલ ગોલ્ડ સામાન્ય રીતે તોલા (10 ગ્રામ)ના ભાવે વેચાય છે. ઝવેરી પાસેથી ખરીદતી વખતે ઘણી વાર ઓછી માત્રામાં સોનું ખરીદવું શક્ય નથી. શુદ્ધ સોનું મળે છે: ગોલ્ડ ETFની કિંમત ટ્રાન્સપરન્ટ અને એકસમાન હોય છે. તે લંડન બુલિયન માર્કેટ એસોસિએશનનું અનુકરણ કરે છે, જે કિંમતી ધાતુઓની ગ્લોબલ ઓથોરિટી છે. તેમજ, ફિઝિકલ ગોલ્ડને વિવિધ વેચાણકર્તા/જ્વેલર્સ જુદા-જુદા ભાવ પર આપી શકે છે. ગોલ્ડ ETF પાસેથી ખરીદેલા સોનાની 99.5% શુદ્ધતાની બાંયધરી આપવામાં આવે છે, જે શુદ્ધતાનું ઉચ્ચતમ સ્તર છે. વ્યક્તિ દ્વારા લેવામાં આવેલા સોનાનો ભાવ આ શુદ્ધતાના આધારે રહેશે. જ્વેલરી મેકિંગ ચાર્જ નથી આવતો: ગોલ્ડ ETF ખરીદવામાં 0.5% અથવા તેનાથી ઓછું બ્રોકરેજ લાગે છે અને પોર્ટફોલિયો મેનેજ કરવા માટે દર વર્ષે 1% ચાર્જ ચૂકવવો પડે છે. આ એ 8%થી 30% મેકિંગ ચાર્જિસની તુલનામાં કંઈ જ નથી, જે સિક્કા અથવા બાર ખરીદવા પર જ્વેલર અને બેંકને આપવો પડે છે.

સોનું સુરક્ષિત રહે છે: ઈલેક્ટ્રોનિક ગોલ્ડ ડીમેટ ખાતામાં હોય છે, જેમાં ફક્ત વાર્ષિક ડીમેટ ચાર્જ ચૂકવવાનો રહે છે. તે ઉપરાંત ચોરી થવાનો ડર નથી રહેતો. તેમજ, ફિઝિકલ ગોલ્ડમાં ચોરીના જોખમ સિવાય તેની સુરક્ષામાં પણ ખર્ચ કરવો પડે છે. વેપારમાં સરળતા: ગોલ્ડ ETFને કોઈપણ મુશ્કેલી વગર તરત ખરીદી અને વેચી શકાય છે. તે ETFનો એક ઉચ્ચ લિક્વિડ ભાગ આપે છે. ગોલ્ડ ETFનો લોન લેવા માટે સિક્યોરિટી તરીકે પણ ઉપયોગ કરી શકાય છે. કેવી રીતે રોકાણ કરી શકાય? ગોલ્ડ ETF ખરીદવા માટે તમારે તમારા બ્રોકર દ્વારા ડીમેટ અકાઉન્ટ ખોલાવું પડશે. તેમાં NSE પર ઉપબલ્ધ ગોલ્ડ ETFના યુનિટ તમે ખરીદી શકો છો અને તેના જેટલી રકમ તમારા ડીમેટ અકાઉન્ટ સાથે જોડાયેલા બેંક અકાઉન્ટમાંથી કટ થઈ જશે. તમારા ડીમેટ ખાતામાં ઓર્ડર મૂક્યાના બે દિવસ પછી તમારા ખાતામાં ગોલ્ડ ETF જમા થઈ જાય છે. ટ્રેડિંગ ખાતા દ્વારા જ ગોલ્ડ ETFનું વેચાણ કરી શકાય છે. નિષ્ણાતોના મતે, ભલે તમને સોનામાં રોકાણ કરવું ગમતું હોય, તો પણ તમારે તેમાં મર્યાદિત રોકાણ જ કરવું જોઈએ. કુલ પોર્ટફોલિયોનો માત્ર 10 થી 15% જ સોનામાં રોકાણ કરવો જોઈએ. કોઈપણ સંકટના સમયમાં સોનામાં રોકાણ તમારા પોર્ટફોલિયોને સ્થિરતા આપી શકે છે, પરંતુ લાંબા ગાળે તે તમારા પોર્ટફોલિયોના રિટર્નને ઘટાડી શકે છે.

## હવે 25 દિવસ પછી જ બીજો સિલિન્ડર બુક થશે, મિડલ ઈસ્ટ યુદ્ધ વચ્ચે ભારતમાં નિયમો બદલાયા

**નવી દિલ્હી, તા.10**

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે સરકારે એક મોટો નિર્ણય લીધો છે. પેટ્રોલિયમ મંત્રાલયે ઘરેલુ ગેસ સિલિન્ડર (LPG) માટે બુકિંગનો સમયગાળો લંબાવ્યો છે. સૂત્રો કહે છે કે આ 21 દિવસથી વધારીને 25 દિવસ કરવામાં આવ્યો છે. કાળા બજાર અને સંગ્રહખોરીને રોકવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. સરકારે જણાવ્યું છે કે હાલમાં ઘરેલુ ગેસ, ડીઝલ કે પેટ્રોલની કોઈ અછત નથી. મંત્રાલયે LPG સિલિન્ડર માટે બુકિંગનો સમયગાળો ત્રણ દિવસ પહેલા 15 દિવસથી વધારીને 21 દિવસ કર્યો હતો, પરંતુ હવે આ સમયગાળો 21 દિવસથી વધારીને 25 દિવસ કરવામાં આવ્યો છે. આનો અર્થ એ છે કે ગ્રાહકોએ હવે બે સિલિન્ડર બુક કરવા વચ્ચે 24 દિવસનો તફાવત જાળવવો પડશે.

સરકારી સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, સ્થાનિક ગ્રાહકો માટે ગેસના ભાવમાં વધારો થવાની શક્યતા નહીંવત્ છે. દેશમાં ગેસનો પુરવઠો જાળવી રાખવા માટે અને સપ્લાય ચેઈનમાં કોઈ અવરોધ ન આવે તે હેતુથી ઔદ્યોગિક વપરાશ માટેના LNG (લિક્વિફાઈડ નેચરલ ગેસ) ના જથ્થાને હવે ઘરેલુ વપરાશ માટે ડાયવર્ટ કરવામાં આવશે. આ સાથે જ સ્પષ્ટતા કરવામાં આવી છે કે ઘરેલુ ગ્રાહકો માટે ગેસના દરોમાં કોઈ ફેરફાર કે રેશનલાઈઝેશન (કપાત) કરાશે નહીં, જેથી સામાન્ય જનતાને ભાવ વધારામાંથી મોટી રાહત મળી શકે તેમ છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે, બે દિવસ પહેલા ઘરેલુ LPG સિલિન્ડરના ભાવમાં 60 અને કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં 114.5 નો વધારો કરવામાં આવ્યો હતો. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC) ની વેબસાઈટ અનુસાર, સબસિડી વગરના 14.2 કિલોગ્રામના LPG સિલિન્ડર હવે દિલ્હીમાં 913માં ઉપલબ્ધ થશે, જે અગાઉ 853 હતી.

## ક્રૂડ ઓઈલ 9% સસ્તું થઈને 88 ડોલર પર આવ્યું: ટ્રમ્પના 'યુદ્ધ સમાપ્ત' થવાના નિવેદનની અસર

**મુંબઈ, તા.10**

ગ્લોબલ માર્કેટમાં ક્રૂડ ઓઈલના ભાવમાં આજે એટલે કે 10મીએ મોટો ઘટાડો જોવા મળ્યો છે. એશિયામાં શરૂઆતી કારોબાર દરમિયાન બ્રેન્ટ ક્રૂડના ભાવ લગભગ 8.5% ઘટીને 92.50 ડોલર પ્રતિ બેરલ પર આવી ગયા. આ પહેલા ગઈકાલે તે 115 ડોલરની નજીક પહોંચી ગયો હતો.

જ્યારે અમેરિકી તેલ (WTI) પણ લગભગ 9% ઘટીને 88.60 ડોલર પ્રતિ બેરલના સ્તરે આવી ગયું છે. તેલના ભાવમાં આ ઘટાડો અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના તે નિવેદન પછી આવ્યો છે, જેમાં તેમણે યુદ્ધ જલદી સમાપ્ત થવાની વાત કહી હતી. ટ્રમ્પે કહ્યું- યુદ્ધ જલ્દી સમાપ્ત થશે ક્રૂડ તેલના ભાવમાં આવેલા આ ઘટાડાનું મુખ્ય કારણ ડોનાલ્ડ ટ્રમ્પનું તાજેતરનું નિવેદન માનવામાં આવે છે. સોમવારે ટ્રમ્પે કહ્યું હતું કે ચાલી રહેલું યુદ્ધ 'ખૂબ જ જલ્દી' સમાપ્ત થઈ જશે. તેમના આ નિવેદનથી ગ્લોબલ સપ્લાય ચેઈનને લઈને જે અનિશ્ચિતતા હતી, તેમાં ઘટાડો થયો છે અને રોકાણકારોનો વિશ્વાસ વધ્યો છે. જોકે, વર્તમાન કિંમતો હજુ પણ યુદ્ધ શરૂ થતાં પહેલાંના સ્તર કરતાં લગભગ




30% વધુ છે. એશિયન શેરબજારોમાં તેજી, નિક્કેઈ 2.8% વધ્યો તેલના ભાવમાં ઘટાડાની સીધી સકારાત્મક અસર એશિયન શેરબજારો પર જોવા મળી છે. મંગળવારે સવારે જાપાનનો બેન્ચમાર્ક ઈન્ડેક્સ નિક્કેઈ 225 લગભગ 2.8%ના વધારા સાથે કારોબાર કરી રહ્યો હતો. જ્યારે, દક્ષિણ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ 5% થી વધુ ઉછળ્યો. નિષ્ણાતોનું કહેવું છે કે સસ્તું તેલ એશિયન અર્થતંત્ર માટે બૂસ્ટરનું કામ કરે છે કારણ કે આ ક્ષેત્રના મોટાભાગના દેશો ખાડી દેશોમાંથી તેલના મોટા ખરીદદારો છે. ભારત જેવા તેલ આયાતકારોને રાહત મળશે એશિયન બજારોમાં આવેલી આ તેજી પાછળનું એક મોટું કારણ એ છે કે તાજેતરના દિવસોમાં તેલના વધતા ભાવે આ દેશોની અર્થવ્યવસ્થાને ઘણું નુકસાન પહોંચાડ્યું હતું. ભારત, ચીન અને જાપાન જેવા દેશો તેમની ઊર્જા જરૂરિયાતો માટે મિડલ ઈસ્ટ પર નિર્ભર છે. તેલ સસ્તું થવાથી આ દેશોનું ઈમ્પોર્ટ બિલ ઘટશે અને મોંઘવારીને કાબૂમાં લેવામાં મદદ મળશે.

યુદ્ધના કારણે કિંમતોમાં 30% સુધીનો વધારો થયો હતો જણાવી દઈએ કે છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા સંઘર્ષના કારણે ક્રૂડ ઓઈલના સપ્લાયમાં અવરોધ આવવાનો ડર હતો. આ જ કારણોસર કિંમતોમાં સતત ઉછાળો આવી રહ્યો હતો. સંઘર્ષની શરૂઆતથી અત્યાર સુધી તેલની કિંમતો લગભગ 120 ડોલર સુધી પહોંચી ગઈ હતી.

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**
મહાનગર સેવા સદન, એસ્ટેટ અને નગરવિકાસ ખાતું, પશ્ચિમ ઝોન.
૧૦, ગ્રા.ફ્લોર, એ.એમ.સી. મલ્ટી લેવલ પાર્કીંગ એન્ડ કોમર્શીયલ કોમ્પલેક્ષ, નવરંગપુરા, અમદાવાદ.
ઈમેલ:dytdowz@ahmedabadcity.gov.in

**ટેન્ડર નોટિસ**
ટેન્ડર નંબર.EST/WZ/PAY PARKING/2025-26/4
એ.ઈ.સી. ઓવરબ્રીજ નીચે ૧૫ ગાળામાં 'પે એન્ડ પાર્ક' ના ધોરણે ઓફ રોડ / ઓફ સ્ટ્રીટ વાહન પાર્કિંગનો પરવાનો મેળવવા અંગેનું ટેન્ડર

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકના પશ્ચિમ ઝોન વિસ્તારમાં એ.ઈ.સી. ઓવરબ્રીજ નીચે ૧૫ ગાળામાં 'પે એન્ડ પાર્ક' ના ધોરણે ઓફ રોડ / ઓફ સ્ટ્રીટ વાહન પાર્કિંગનો પરવાનો વાર્ષિક લાયસન્સ ફી થી મેળવવા રસ ધરાવનાર વ્યક્તિ /સંસ્થાઓ પાસેથી ઓફરો મંગાવવામાં આવે છે. સદરહું ટેન્ડર તા.૨૫/૦૩/૨૦૨૬ બુધવારના રોજ બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધીમાં ટેન્ડર ફોર્મમાં જણાવેલ સ્થળે નિયત સમય મર્યાદામાં સીલ બંધ કવરમાં ટેન્ડર બોક્સમાં જમાં કરવાના રહેશે. આ અંગેનાં ટેન્ડર ડોક્યુમેન્ટ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબ સાઈટ www.ahmedabadcity.gov.in પરથી ડાઉનલોડ કરી શકાશે. ટેન્ડરનો સ્વીકાર કે અસ્વીકાર કરવાની સત્તા મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની રહેશે .

(પશ્ચિમ ઝોન)
ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નર

# કોંગ્રેસે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ઉમેદવારોની પ્રક્રિયા શરૂ કરી

## અરજી કરવા QR કોડ જાહેર, 50% બેઠક પર યુવાનોને તક, 11થી 20 માર્ચ ઉમેદવારોને સાંભળશે

**અમદાવાદ, તા.10**

આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને કોંગ્રેસ દ્વારા ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. કોંગ્રેસે થોડા સમય પહેલા જ અલગ-અલગ સમિતિઓની પણ જાહેર કરી હતી. જો કે, હવે કોંગ્રેસ આગામી 11 માર્ચથી તાલુકા, જિલ્લા અને મહાનગરમાં ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા શરૂ કરશે. 11 માર્ચથી લઈને 20 માર્ચ સુધી ઉમેદવારી કરવા માંગતા લોકોને રૂબરૂ બોલાવીને સાંભળવામાં આવશે. એટલું જ નહીં કોંગ્રેસ દ્વારા QR કોડ મારફતે ઉમેદવારી કરવા માંગતા લોકોની અરજી મંગાવવામાં આવી છે. QR કોડ પણ ગુજરાત કોંગ્રેસ દ્વારા જાહેર કરવામાં આવ્યો છે.

15 મહાનગરપાલિકાની બેઠકો માટે ઉમેદવારો QR કોડ સ્કેન કરીને પણ અરજી કરી શકશે. જે બાદ સ્થાનિક લેવલ પર ઉમેદવારોની સાંભળવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. એટલું જ નહીં આ વખતે સ્થાનિક લેવલ પર જ ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા કરવામાં આવશે. પ્રદેશ કક્ષાએથી કોઈપણ દખલગીરી ન કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે. તેમજ રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગેના આદેશ કોંગ્રેસ આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે 50 ટકા યુવા ઉમેદવારોને મેદાને ઉતારવાની છે. જે લોકોની ઉંમર 50 કરતા ઓછી હશે તેવા ઉમેદવારોને 50 ટકા બેઠક પર ઉમેદવાર તરીકે પસંદ કરવામાં આવશે.

જો કે, યુવા કોંગ્રેસની માગ હતી કે, 20 ટકા બેઠક પર યુવાનોને ઉમેદવારી કરવાની તક આપવામાં આવે, પરંતુ રાહુલ ગાંધીના આદેશ બાદ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં 50 ટકા બેઠક પર 50 વર્ષ કરતા ઓછી ઉંમરના યુવાઓને ઉમેદવાર તરીકે મેદાને ઉતારવામાં આવશે. કોંગ્રેસ દ્વારા આગામી ચૂંટણીમાં 50 ટકા બેઠકો મહિલાઓને ટિકિટ આપવામાં આવશે. તેમજ કોંગ્રેસનું શાસન આવશે તો મેયર કોણ હશે તેની પણ જાહેરાત ચૂંટણી પહેલા કરવાની કોંગ્રેસે તૈયારી દર્શાવી છે. ભાજપના ભ્રષ્ટાચાર સામે પ્રજાને પ્રાથમિક સુવિધાઓ આપવાના સ્લોગન સાથે કોંગ્રેસ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લડવાની તૈયારી કરી રહી છે.

આખા ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી આવી રહી છે. SIRની પ્રક્રિયાને કારણે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં વિલંબ થયો હતો. 15 મહાનગરપાલિકાની 1044 બેઠક, 34 જિલ્લા પંચાયતમાં 1084 બેઠક, 262 તાલુકા પંચાયતમાં 5214 બેઠક, 83 નગરપાલિકાની 2596 બેઠક પર ચૂંટણી યોજાવાની છે. આગામી સમયમાં 10 હજાર જેટલી બેઠક પર ચૂંટણી યોજાવાની છે. જેના માટેની તમામ કક્ષાએ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. જિલ્લા અને તાલુકામાં જઈને લોકો સાથે સંવાદ અને કાર્યક્રમ કરવામાં આવ્યા હતા. લોકોનો મેનિફેસ્ટો બને તે માટે લોકોના ઘરે જઈને તેમના સૂચનાઓ લેવામાં આવ્યા હતા, જેથી આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં જનતાના સૂચનોના આધારે મેનિફેસ્ટો તૈયાર કરવામાં આવશે.

ઉમેદવારોની પસંદગી પ્રક્રિયાને લઈને પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, તમામ જિલ્લા, તાલુકા અને શહેર કક્ષાએ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લડવા




માંગતા ઉમેદવારોને રૂબરૂ સાંભળવામાં આવશે. તેમજ 11 માર્ચથી 20 માર્ચ સુધી તમામ જગ્યા પર સંભવિત ઉમેદવારોને રૂબરૂ બોલાવીને પેનલ તૈયાર કરવામાં આવશે. આખા ગુજરાતના તમામ મહાનગરો, તાલુકાઓ અને જિલ્લાઓમાં સંભાવિત ઉમેદવારોને રૂબરૂ મુલાકાત કરી એમને સાંભળવામાં આવશે અને પેનલ બનાવવાની કાર્યવાહી કરવામાં આવવાની છે.

મતદાર યાદીને પ્રક્રિયાને સવાલ કરતા અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, જે રીતે SIRની પ્રક્રિયા થઈ તે પહેલાં જ અમે કહેતા હતા કે, ગુજરાતની મતદાર યાદી શુદ્ધ નથી. એમા મોટા પ્રમાણમાં ગોટાળા છે અને મોટા પ્રમાણમાં વોટ ચોરી થઈ રહી છે. જ્યારે SIRની યાદી બહાર પડી અને સ્પષ્ટ થયું કે, મોટા પ્રમાણમાં વોટ ચોરી આટલા વર્ષોથી ચાલતા હતી. ખોટા, ડુપ્લિકેટ અને બોગસ મતદારોના આધારે ચૂંટણીઓ જીતવામાં આવતી હતી. SIR પછી જે મતદાર યાદી બહાર પાડી છે, તેમાં 70 લાખ જેટલા મતદારો નામ કમી થયા એ જ બતાવે છે કે પાછલા 20 વર્ષમાં ચૂંટણીઓ થઈ તે બોગસ મતદાર યાદીના આધારે જ થતી હતી.

વધુમાં અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, પહેલા જ વરસાદમાં રસ્તાઓ ધોવાઈ જાય છે ત્યારે હજુ તો પાણીની ટાંકીનું ટેસ્ટિંગ થતું હોય ત્યારે પાણીની ટાંકી તૂટી પડે છે અને પ્રજાના જે પરસેવાના ટેક્સના પૈસાની લૂંટ આ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં ભારતીય જનતા પાર્ટીના શાસકો કરી રહ્યા છે. ત્યારે એવા સંજોગોમાં એક ગુજરાતનો સામાન્ય નાગરિક જે ટેક્સ આપે છે તેની અપેક્ષા હોય કે સારા રસ્તા મળે, શુદ્ધ પીવાનું પાણી મળે, પ્રદૂષણ મુક્ત વાતાવરણ મળે, ત્યાં આગળ ટ્રાફિકની સમસ્યાઓ ના હોય. રેણાંક માટેના ઘર હોય, એને ત્યાં સારું શિક્ષણ સારી આરોગ્યની વ્યવસ્થાઓ હોય. સ્વચ્છતા જળવાતી હોય, વરસાદી પાણીનો નિકાલ થતો હોય.

# સજની હત્યા કેસ, આરોપી પતિના જામીન નકારતી કોર્ટ: 15 વર્ષે ઝડપાયો હતો....

### મિત્રની ખોટી ઓળખ ઉભી કરી વિદેશ જઈ આવ્યો, બીજી પત્ની ને સંતાનો ઓસ્ટ્રેલિયામાં

**અમદાવાદ, તા.10**

અમદાવાદના સરખેજ પોલીસ સ્ટેશને આરોપી પતિ તરુણ જીનરાજ સામે પત્નીની હત્યા અને દહેજ પ્રતિબંધ અધિનિયમ અંતર્ગત સહિતની કલમો મુજબ 2003માં ગુનો નોંધાયો હતો. પત્નીની હત્યા બાદ આરોપી પતિ ફરાર થઈ ગયો હતો. જે 15 વર્ષે પકડાયો હતો. તેને અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી દાખલ કરી હતી, જેને કોર્ટે નકારી નાખી છે.

મળતી માહિતી અનુસાર, 2002માં તેના લગ્ન થયા હતા. તેને અને તેના પરિવારે તેની પત્ની ઉપર માનસિક ત્રાસ ગુજારીને દહેજની માંગ કરી હતી. માત્ર ત્રણ મહિનામાં તેને પત્નીનું ગળું દબાવીને હત્યા કરી નાખી હતી. ત્યારબાદ તે ફરાર થઈ ગયો હતો. 2018માં તેને પોલીસે બેંગ્લોરથી ઝડપી પાડ્યો હતો.

તે પત્નીની હત્યા બાદ ભાગીને



મધ્યપ્રદેશમાં એક મિત્રને ત્યાં રોકાયો હતો. જા તેને પોતાની ઓળખ બદલીને મિત્રના નામના ખોટા ડોક્યુમેન્ટ ઊભા કર્યા હતા. જેના આધારે તેને નોકરી કરવાની પણ શરૂ કરી દીધી હતી. ત્યાં તેને બીજા લગ્ન પણ કર્યા હતાં. તેની સામે સેટેલાઈટ અને ભોપાલ પોલીસ મથકે પણ ફરિયાદ નોંધાઈ હતી. બાકીના આરોપીઓ સામે 2005માં કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. 2019માં આરોપી સામે પુરવણી ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી.

અરજદાર તરફે વકીલ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે, ખોટી વાર્તા ઊભી કરીને આરોપીને કેસમાં ફસાવી દેવામાં આવ્યો છે. 2018થી તે જેલમાં છે. 2023માં તેની સામે ચાર્જ ફ્રેમ થઈ ચૂક્યો છે અને ટ્રાયલ પણ ચાલી રહી છે. જ્યારે સામે સરકારી વકીલે દલીલ કરી હતી કે આરોપી સામે ગંભીર પ્રકારનો ગુનો છે. અગાઉ તેને હંગામી જામીન આપવામાં આવતા તેને તેનો દુરુપયોગ કર્યો હતો અને પોલીસ સમક્ષ સરેન્ડર થયો નહોતો. કોર્ટે નોંધ્યું હતું કે, આરોપી લાંબા સમય સુધી ફરાર હતો. તેની બીજી પત્ની અને બાળકો ઓસ્ટ્રેલિયામાં રહે છે. આરોપી પોતાની ખોટી ઓળખ ઉભી કરીને અમેરિકા પણ જઈ આવ્યો છે. આ કેસમાં આરોપીને આજીવન કારાવાસ સુધીની સજા થઈ શકે છે. તેની પૂર્વ ગુન્હા નોંધાયેલા છે. જો આરોપીને જામીન આપવામાં આવે તો તે ભાગી જાય તેવી પૂરી શક્યતા છે.

# ડુંગળીની આડમાં 406 કિલો ગાંજો મહારાષ્ટ્રથી અમદાવાદ લાવ્યા: 2 કરોડથી વધુના ગાંજા સાથે બે ઝડપાયા...

**અમદાવાદ, તા.10**

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા મહારાષ્ટ્રના બે આરોપીઓ દિપક જાટ અને સતિષ પાવરાની NDPS કેસમાં ધરપકડ કરીને 7 દિવસના રિમાન્ડની માંગ સાથે મેટ્રો કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. જો કે મેટ્રો કોર્ટે રિમાન્ડ ન આપતા તેઓને સેશન્સ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. જ્યાં સેશન્સ કોર્ટે એડવોકેટ દિલીપસિંહ.એમ.ઠાકોરની રજૂઆતોને ધ્યાને લઈને આરોપીઓના 2 દિવસના રિમાન્ડ ગ્રાહ્ય રાખ્યા છે.

કેસને વિગતે જોતા બંને આરોપીઓને પિકઅપ વાનમાં ઝડપી પાડવામાં આવ્યા હતાં. જેમાં પોલીસે ડુંગળીની આડમાં 406 કિલો જેટલો ગાંજો ઝડપી પાડ્યો



હતો. જેની કિંમત બે કરોડ રૂપિયાથી વધુ થવા જાય છે. આ ગાંજો તેમને મધ્યપ્રદેશના એક ગામમાંથી શાંતારામ નામના વ્યક્તિ દ્વારા આપવામાં આવ્યો હતો. આરોપીના રિમાન્ડની માંગ કરતા રજૂઆત કરવામાં આવી હતી કે, આરોપીઓ અમદાવાદમાં જથ્થો કોને આપવાના હતા? આ ગાંજાનું કોણે ઉત્પાદન કર્યું છે? અમદાવાદમાં ગાંજો કોણે મંગાવ્યો હતો? અગાઉ તેઓ આવી કોઈ ડીલેવરી આપવા અમદાવાદમાં આવ્યા હતા કે કેમ? રસ્તામાં તેમને બીજા કોઈએ ગાંજો આપ્યો છે કે કેમ? CCTV ફૂટેજ અને આરોપીઓની કોલ ડીટેલ તપાસવાની છે.

આરોપીઓએ બીજો ગાંજો ક્યાંક સંતાડ્યો છે કે કેમ ? આરોપીઓને અન્ય કયા સહ આરોપીએ મદદ કરી છે. આરોપીઓનું ગુનાહિત ઈતિહાસ જાણવાનો છે. આ કોમર્શિયલ માત્રાનો ગાંજો છે. ત્યારે આ ગુનામાં કોઈ ક્રાઈમ સિન્ડિકેટ સંકળાયેલી છે કે કેમ ? કેસની ઊંડાણપૂર્વક તપાસ કરવા માટે 7 દિવસના રિમાન્ડની માંગ કરવામાં આવી હતી. સેશન્સ કોર્ટે આરોપીઓનો 2 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

# એક જ સમાજના બે જૂથે સામાન્ય બાબતમાં સામસામે પથ્થર ફેંક્યા, રોડ પર પાર્ક વાહનોના કાચ ફૂટ્યા....

**અમદાવાદ, તા.10**

રાણીપના બલોલનગરમાં ગઈકાલે(9 માર્ચ) રાત્રે સોસાયટીમાં રહેતા એક જ સમાજના બે જૂથ વચ્ચે સામાન્ય બાબતે બોલાચાલી થઈ હતી જે બાદ મામલો ઉગ્ર બનતા બંને પક્ષે સામસામે એકબીજા પર પથ્થર ફેંક્યા હતા. બનાવની જાણ થતાં મોટી સંખ્યામાં પોલીસ કાફલો સ્થળ પર પહોંચ્યો હતો. પોલીસે 6 લોકોની અટકાયત કરી છે.



બલોલનગરમાં વિશ્વકર્મા સોસાયટીમાં રહેતા દંતાણી સમાજના બે જૂથ વચ્ચે રાતના સમયે પથ્થરમારો થયો હતો. સોસાયટીમાં રહેતા એક પરિવારના ત્યાં બહારથી કેટલાક લોકો આવ્યા હતા જેને લઈને બીજા પરિવારે વિરોધ કર્યો હતો. જે બાદ બંને પરિવાર વચ્ચે ઝઘડો થયો હતો. ઝઘડો ઉગ્ર બન્યો હતો જેમાં બંને પરિવારના લોકોએ મારામારી કરી હતી.

બંને પરિવારે સોસાયટીના ગેટ પાસે સામસામે પથ્થરમારો પણ કર્યો હતો. પરિવારની મહિલાઓએ પણ એકબીજા પર પથ્થર ફેંક્યા હતા.બનાવની જાણ થતા રાણીપ પોલીસની 4થી 5 ગાડી સ્થળ પર પહોચી હતી. પોલીસે મામલો થાળે પાડી સ્થળ પરથી જ કેટલાક લોકોની અટકાયત કરી હતી. તમામ લોકોને રાણીપ પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા.

રાણીપ પોલીસ સ્ટેશનના પીઆઈ કેતન વ્યાસે જણાવ્યું હતું કે બનાવની જાણ થતા પોલીસ કાફલો સ્થળ પર પહોંચ્યો હતો. એક જ સમાજના લોકો વચ્ચે ઝઘડો થતાં પથ્થરમારો થયો હતો. કોઈને ઈજા પહોંચી નથી. સ્થળ પરથી જ 6 લોકોની અટકાયત કરવામાં આવી છે. આ મામલે હાલ કોઈ પોલીસ ફરિયાદ નોંધાઈ નથી.

